उन्नति
# વિચાર
વર્ષ ૫ અંક ૪ ઓક્ટોબર-ડિસેમ્બર, ૨૦૦૦

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
સ્થાનિક સ્તરે લોકશાહી સામે ખતરો

**આપના માટે** ૧૧
મૂક ક્રાંતિના રણકાર

**આપણી વાત** ૧૪
શિક્ષણ દલિત છોકરીઓ સુધી પહોંચ્યું

પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તાર: નિકાસ અને વિકાસ કોના ભોગે?

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૨

**સંદર્ભ સાહિત્ય** ૨૯

**અમારા વિશે** ૩૦

**સંપાદક ટીમ:**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## નાગરિકોના કર્તૃત્વ માટેનો અવકાશ

રાજ્યની ભૂમિકા વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના માહોલમાં સંકોચાઈ રહી છે ત્યારે પણ રાજ્ય વધારે ને વધારે બળવત્તર બની રહ્યું હોય તેમ લાગે છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું એક પણ પાસું એવું નથી બચ્યું કે જેમાં રાજ્યની દરમ્યાનગીરીની આવશ્યકતા ના હોય. પરંતુ રાજ્યની આ દરમ્યાનગીરીમાં નાગરિકોની સહભાગિતા સંકોચાતી જતી હોય એમ લાગે છે. રાજ્ય ખાનગી કંપનીઓની જેમ જ મહાકાય બનતું જાય છે અને નાગરિકોનાં કર્તવ્ય તથા કર્તૃત્વ માટેનો અવકાશ જાણે કે ઘટતો જાય છે. શક્તિશાળી રાજ્ય સામે નાગરિક પાંગળો બને છે કારણ કે રાજ્ય પોતે જ બજારલક્ષી બનતું જાય છે. રાજ્યનાં નિયમો અને નિયમનો બજારને વધુ માનવકેન્દ્રી બનાવવાને બદલે નાગરિકને બજારનું જંતુ બનાવવા તરફ વધુ ધ્યાન આપે છે. આથી રાજ્ય ક્યારેક ખુલ્લંખુલ્લા તો ક્યારેક પ્રચ્છન્ન રીતે બજાર સમાજ પ્રત્યેની જવાબદારી અદા ના કરે એવી સગવડતા કરી આપવામાં સાધનરૂપ બને છે. આ સંજોગોમાં નાગરિકોના કર્તૃત્વ માટેનો અવકાશ સંકોચાતો જાય છે. નાગરિક સમાજની યોગ્ય ભૂમિકા અને તેનો ઉચિત અભિગમ વ્યવસ્થિત આકાર ના પામે એને માટેની તડજોડ બજાર અને રાજ્ય બંને ભેગાં મળીને કરી રહ્યાં છે.

આ પરિસ્થિતિ સામે નાગરિકોનો અવાજ છૂટક છૂટક સ્વરૂપે રજૂ થાય છે, પણ તે એક સમગ્ર સ્વરૂપના પરિવર્તન તરીકે આકાર પામતો નથી. નાગરિકોનાં વિવિધ સમસ્યાઓ અંગેનાં આંદોલનો છૂટછવાયી ઘટનાઓ બની જાય છે અને પ્રવર્તમાન વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન લાવવા માટેનાં સાધનો તરીકે તેમનું મૂલ્ય ટકાઉ બનતું નથી. મુદ્રિત અને પ્રસાર માધ્યમો આવાં આંદોલનોને ટેકો આપે છે ખરાં, પણ ઘણી વાર નાગરિક સમાજમાંથી નક્કર કાર્ય માટે એવો ટેકો ઊભો કરવામાં પણ તે નિષ્ફળ જાય છે. નાગરિક સમાજની ચિંતાઓ જાણે કે સમાજના અમુક વર્ગ પૂરતી મર્યાદિત બની ગઈ છે અને તેને પણ બજાર અને રાજ્ય બંને અવગણે છે. લોકશાહીનાં ઉપરી માળખાં અવશ્ય રહ્યાં છે પણ તેનું તત્ત્વ જોખમાતું જણાય છે. વર્તમાન લોકશાહીથી જ્યારે નાગરિકોનું ભ્રમનિરસન થયું છે ત્યારે લોકશાહીને વધુ સાર્થક બનાવવાના માર્ગો વિચારવા પડે તેમ છે. ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાઓએ લોકશાહી માળખામાં સ્થાનિક સ્તરે લોકોની ભાગીદારીને વધુ બળવત્તર અને અર્થપૂર્ણ બનાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. પરંતુ વિવિધ રાજ્ય સરકારો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓને જ યેનકેન પ્રકરેણ પાછી ઠેલે છે. આથી પણ શાસનમાં નાગરિકોની સક્રિય ભૂમિકાનો અવકાશ કરમાતો જતો લાગે છે. વળી, આવાં પગલાં અંગે કોઈ જાહેર ચર્ચા પણ થતી નથી અથવા નહિવત્ થાય છે. આથી લોકશાહીને ખરા અર્થમાં લોકશાસન બનાવવા માટે લોકોને જાગૃત કરવાની જરૂર છે. સ્વૈચ્છિક સંસ્થાઓના મર્યાદિત માત્રાના પ્રયાસો મર્યાદિત લોકો સુધી જ પહોંચે છે એ તેમની એક મહત્ત્વની ક્ષતિ છે. આ ક્ષતિપૂર્તિ ત્યારે જ થાય કે જ્યારે પોતાના મૂળભૂત અધિકારો અંગે લોકો પોતે જ વધારે ને વધારે સક્રિય બને અને રાજ્યની ગતિવિધિઓને નાગરિકોની ઈચ્છાનુસાર ઘાટ આપે. સ્વૈચ્છિક સંસ્થાઓએ આ અર્થમાં વધારે ને વધારે લોકો સુધી પહોંચવાના રસ્તા વિચારવા પડશે. રાજ્યને અને બજારને નાગરિકોના અધિકારો પ્રત્યે પ્રતિભાવાત્મક બનાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે એ બંને સંસ્થાઓમાં નાગરિકોના કર્તૃત્વ માટેનો અવકાશ વધારે ને વધારે પ્રમાણમાં ઊભો થાય અને સ્વૈચ્છિક સંસ્થાઓ એને માટે વિશેષ પ્રયાસો કરે.

# સ્થાનિક સ્તરે લોકશાહી સામે ખતરો

ભારતનાં વિવિધ રાજ્યોમાં પંચાયતોની ચૂંટણીઓ મુલતવી રાખવાનાં પગલાં રાજ્ય સરકારો લઈ રહી છે. આ પગલાંથી સ્થાનિક સ્તરે લોકશાહીની પ્રક્રિયા રૂંધાય છે. **શ્રી બિનોય આચાર્ય** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા લખાયેલા આ લેખમાં વિવિધ રાજ્યોમાં પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખવાનાં પગલાંની અને અદાલતોએ આપેલા પ્રતિભાવની તથા ગુજરાતમાં લોકોએ આપેલા પ્રતિભાવની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**પ્રસ્તાવના**

દેશભરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ રાજ્ય સરકારોએ પોતાને ત્યાં પંચાયતોની ચૂંટણીઓ મોકૂફ રાખવાનાં પગલાં લીધાં છે. ૭૩મા બંધારણીય સુધારાથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ત્રીજા સ્તરની સરકારનો દરજ્જો મળ્યો હતો. આમ છતાં, રાજ્ય સરકારો પંચાયતો વિશે ગંભીર નથી એ તેમનાં તાજેતરનાં પગલાંથી દેખાઈ આવે છે. ૧૯૯૨માં ૭૩મો બંધારણીય સુધારો થયા પછી ૧૯૯૩માં દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં પંચાયતોની ચૂંટણીઓ થઈ હતી. બંધારણીય સુધારાની કેટલીક ક્રાંતિકારી જોગવાઈઓને લીધે દેશભરમાં પંચાયતો વધારે સક્ષમ બની છે અને તેમની રાજકીય અને વહીવટી સત્તા તથા દબાણો વધી રહ્યાં છે. લાગે છે કે રાજ્ય સરકારો પંચાયતોની ઊભરતી આવતી સત્તાથી ગભરાય છે.

દેશમાં હજુ પણ કેટલાંક રાજ્યોમાં ઘણા લાંબા સમયથી પંચાયતોની રચના જ થઈ નથી અને બીજાં અનેક રાજ્યો પોતાને ત્યાં પંચાયતોની ચૂંટણી એક યા બીજા બહાને મુલતવી રાખી રહ્યાં છે. પંચાયતોની ચૂંટણી ના થાય એનાથી બંધારણની જોગવાઈઓનો ભંગ થાય છે એ એક હકીકત છે. આમ છતાં પણ પંચાયતોની ચૂંટણીઓમાં વિલંબ થઈ રહ્યો છે.

પંચાયતોની ચૂંટણીઓ યોજવા માટે નાગરિકોએ અને ચૂંટણી પંચોએ અદાલતોનો આશરો અનેક રાજ્યોમાં લીધો છે. પરંતુ અદાલતી કાર્યવાહી લાંબી ચાલતી હોવાથી અંતે તો પંચાયતો લાંબા સમય સુધી મૃત:પ્રાય બની જાય છે. અદાલતોના ચુકાદાઓ આ સંદર્ભમાં સ્પષ્ટ નથી તેથી પણ ગૂંચવાડો ઊભો થાય છે. આથી સ્થાનિક સ્તરે લોકશાહી સામે મોટો ખતરો ઊભો થયો છે. આ ઉપરાંત એક મહત્ત્વનો ખતરો સ્થાનિક સ્તરે પંચાયતો મારફતે થતાં વિકાસનાં કામો ખોરંભે પડવા અંગેનો છે. જેમ કે, ગુજરાત પંચાયત ધારા - ૧૯૯૩ અન્વયે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને વિકાસ અને વહીવટ અંગેનાં સખ્યાબંધ કામો સોંપવામાં આવ્યાં છે. આ કામો ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગેરહાજરીમાં ઠપ થવાની સંભાવના રહે છે. આથી વિકાસની સમગ્ર પ્રક્રિયામાં મોટો વિલંબ ઊભો થાય છે. ૭૩મા બંધારણીય સુધારા બાદ ચૂંટાયેલી પંચાયતોમાં દલિત, આદિવાસી અને પછાત વર્ગના સભ્યોએ તથા સરપંચોએ અને મહિલાઓએ ગામના વિકાસ માટે અનેક કલ્યાણલક્ષી કામો હાથ ધર્યાં છે અને તેમનું રાજકીય તેમ જ સામાજિક નેતૃત્વ ઊભું થયું છે. પંચાયતોની ચૂંટણીઓ

### સરપંચ અધિકારીઓને અપાયેલી લાંચની વિગતો ગ્રામ સભામાં જાહેર કરે છે!

સરપંચો ઉપર ઘણી વાર તેઓ લાંચ લેતા હોવાનો આક્ષેપ થતો હોય છે. પરંતુ રાયપુરના કુમ્હારકામ ગામના સરપંચ જગદીશ વર્માએ વિવિધ સરકારી અધિકારીઓને ગ્રામ પંચાયતનાં વિકાસનાં કામો માટે જે લાંચ આપી તેની નોંધ રાખી અને પછી ગ્રામ સભામાં એની યાદી જાહેર કરી! કેન્દ્ર સરકાર તરફથી જાહેર કલ્યાણનાં કામો માટે જે નાણાં આવે છે તે ઝડપથી મળે તે માટે પંચાયતમાંથી જ સરપંચે આ લાંચ આપી હતી!

તા. ૨૫.૦૮.૨૦૦૦ના રોજ ગ્રામ સભાની એક ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. પંચાયતનાં કામોનો અહેવાલ ગ્રામ સભામાં રજૂ કરતી વખતે સરપંચે એવી માહિતી આપી કે પારસવાણી અને માધકુ ગામો વચ્ચેનો રસ્તો રોજગાર બાંયધરી યોજના હેઠળ બાંધવા માટે રૂ. ૨૩,૦૯૫ ખર્ચાયા હતા. જ્યારે આ ખર્ચની વિગતો લોકોએ માગી ત્યારે સરપંચે કહ્યું કે નાણાં મળવામાં મોડું ના થાય તે માટે તેમણે વિવિધ સરકારી અધિકારીઓને લાંચ આપી હતી. સૌથી મોટી રકમની રૂ. ૫૦૦૦ની લાંચ એ વિસ્તારના પેટા ઈજનેરને આપવામાં આવી હતી. વડા વહીવટી અધિકારીને રૂ. ૨૦૦૦ અને હેડ ક્લાર્કને રૂ. ૨૦૦૦ની લાંચ અપાઈ હતી. ત્રણ પંચોને પણ રૂ. ૫૦૦-૫૦૦ ચુકવાયા હતા અને ઉપસરપંચ તથા તલાટીને રૂ. ૧૦૦૦-૧૦૦૦ ચુકવાયા હતા. પંચાયતના એક મહિલા સભ્યને રૂ. ૩૦૦ ચુકવાયા હતા. ગ્રામ સભામાં તે વખતે તલાટી હાજર હતા. તલાટી સતીષ વર્માએ પોતે લીધેલી લાંચનો એમ કહીને બચાવ કર્યો કે સરકારે છેલ્લા પાંચ માસથી તેમને સ્ટાઈપેન્ડ આપ્યું નથી! પછીથી જિલ્લા કલેક્ટરે આ અંગે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

મુલતવી રહેવાથી અને તે વહીવટદારો હેઠળ આવવાથી આ રીતે સ્થાનિક નેતૃત્વ અને વિકાસ બંનેને વિપરીત અસર થાય છે.




દેશનાં વિવિધ રાજ્યોમાં પંચાયતોની ચૂંટણીઓ મુલતવી રાખવા માટે રાજ્ય સરકારોએ જે બહાનાં આપ્યાં છે અને અદાલતોએ એ અંગે જે કંઈ કહ્યું છે તેની વિગતો અહીં આપવામાં આવી છે.

### રાજ્ય સરકારો અને પંચાયતોની ચૂંટણીઓ

૭૩મા બંધારણીય સુધારા બાદ દરેક રાજ્ય સરકારે પોતાના પંચાયતો અંગેના કાયદા નવા બનાવ્યા છે અથવા તેમાં સુધારા કર્યા છે. આ કાયદાઓમાં પંચાયતોની મુદતો નક્કી કરવામાં આવી છે. સાથે સાથે કયા સંજોગોમાં ચૂંટણી મોકૂફ રાખી શકાય તેની જોગવાઈઓ પણ સંબંધિત ધારાઓમાં કરવામાં આવી છે. પણ ૭૩મા બંધારણીય સુધારાની કલમ-૨૪૩(ઇ)ની સ્પષ્ટ જોગવાઈનો આ પ્રકારની ચૂંટણી મોકૂફીની જોગવાઈઓ ભંગ કરે છે. એક પણ રાજ્યમાં પંચાયતોની ચૂંટણીઓ તેમની મદત પૂરી થાય તે પહેલાં યોજવામાં આવી નથી.

### ગુજરાત

ગુજરાતમાં ૧૮૦૦૦થી વધુ ગામો અને ૧૩૦૦૦થી વધુ ગ્રામ પંચાયતો છે. તેમાંથી ૮૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોની મુદત જુલાઈ-૨૦૦૦માં પૂરી થતી હતી. એટલે જુલાઈ-૨૦૦૦ પહેલાં ગ્રામ પંચાયતોની ચૂંટણી થવી જોઈતી હતી. પરંતુ આ ગ્રામ પંચાયતોની ચૂંટણી ડિસેમ્બર-૨૦૦૦માં યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ રાજ્ય સરકારે તા. ૪.૧૧.૨૦૦૦ના રોજ ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩માં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો અને ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખી. વટહુકમ દ્વારા પંચાયત ધારાની કલમ ૨૫૭(૨) રદ કરવામાં આવી છે. કલમ-૨૫૭માં કુદરતી આફતને લીધે ચૂંટણી યોજવાનું શક્ય ન જણાય તો રાજ્ય સરકાર વધુમાં વધુ ત્રણ માસ સુધી ચૂંટણી મોકૂફ રાખી શકે એવી જોગવાઈ કરવામાં આવી હતી. આ જોગવાઈ હવે રદ થાય છે અને તેનો અર્થ એ થાય કે રાજ્ય સરકાર કુદરતી આપત્તિના બહાને ગમે તેટલા સમય સુધી પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખી શકે છે.

અહીં નોંધનીય એ છે કે ગુજરાતના જૂના ૧૯૬૧ના પંચાયત ધારામાં કલમ-૩૦૩(ખ)માં પણ આવી જ જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ તેમાં એક વર્ષ માટે ચૂંટણી મોકૂફ રાખવાની જોગવાઈ હતી. એટલે કે ૧૯૯૩નો નવો પંચાયત ધારો જૂના પંચાયત ધારા કરતાં વધારે પ્રગતિશીલ હતો અને તેમાં આ એક વર્ષની મોકૂફીની જોગવાઈ ઘટાડીને માત્ર ત્રણ માસની કરવામાં આવી હતી. સરકારે વટહુકમ બહાર પાડીને કલમ-૨૫૭(૨) રદ કરીને કુદરતી આપત્તિ સમયે પંચાયતોની ચૂંટણી મુલતવી રાખવાની અમર્યાદ સત્તા પ્રાપ્ત કરી છે અને તે સ્થાનિક લોકશાહી માટે ખતરનાક છે.

વટહુકમના રાજપત્ર સાથે જે નિવેદન રાજ્યપાલના નામે બહાર પાડવામાં આવ્યું છે તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે, “ગયે વર્ષે ચોમાસુ નિષ્ફળ જવાથી રાજ્યના ઘણા ભાગોએ અભૂતપૂર્વ દુકાળનો સામનો કર્યો છે, અને ચાલુ વર્ષે ચોમાસુ નિષ્ફળ જવાથી પરિસ્થિતિ વધારે વણસી છે. દુકાળની સ્થિતિ વધારે તીવ્ર બની છે અને રાજ્ય માત્ર અછતની સમસ્યાનો જ નહિ પણ ઘાસચારો અને પાણીની સમસ્યાઓનો સામનો પણ કરી રહ્યું છે. આ સંજોગોમાં રાજ્યનું વહીવટી તંત્ર અભૂતપૂર્વ દુકાળને પહોંચી વળવા સક્રિય બને એ જરૂરી છે. આવી કુદરતી આપત્તિમાં, ૮૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાથી તેને માટે દુકાળ રાહત સંબંધી કામો કરવાનું મુશ્કેલ બની જશે અને આવાં રાહત કામોના અમલને તે વિપરીત અસર કરશે.”

આ નિવેદનથી એમ ફલિત થાય છે કે પંચાયતોની ચૂંટણી રાહત કામોમાં વિઘ્નો નાખશે. પરંતુ રાજ્ય સરકારે ૩૦મી જાન્યુઆરી-૨૦૦૧ પછી રાહતકામો શરૂ કરવાની જાહેરાત કરી છે. ત્યારે ડિસેમ્બર-૨૦૦૦ના પ્રથમ સપ્તાહમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી કેવી

રીતે રાહત કામોમાં વિઘ્નો નાખત? વળી, સપ્ટેમ્બર-૨૦૦૦માં દુકાળની જ પરિસ્થિતિમાં તાલુકા અને જિલ્લા પંચાયતોથી ચૂંટણી યોજી શકાતી હોય તો શિયાળામાં ડિસેમ્બર-૨૦૦૦માં ગ્રામ પંચાયતોની ચૂંટણી શા માટે ન યોજી શકાય?

ગુજરાત સરકારે તા. ૩.૧૧.૨૦૦૦ના રોજ જ મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ ૫૨૬૨ ગામોમાં અછતની અને ૫૧૬૯ ગામોમાં અર્ધ-અછતની સ્થિતિ જાહેર કરી હતી. એટલે એમ સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફીને વાજબી ઠરાવવા માટે જ મોકૂફીની જાહેરાતના આગલા દિવસે જ આ પગલું ભરાયું હતું. વાસ્તવમાં પંચાયતોને કુદરતી આપત્તિ સમયે રાહતનાં કામો કરવા માટેની ફરજો પંચાયત ધારામાં સોંપવામાં આવી છે અને છતાં પંચાયતોના અસ્તિત્વને જાણે કે રાહત કાર્ય માટે અવરોધરૂપ સમજવામાં આવે છે.

**૭૩મા બંધારણીય સુધારામાં પંચાયતોની મુદત અંગેની જોગવાઈ**

૧૯૯૨ના ૭૩મા બંધારણીય સુધારા થકી બંધારણમાં 'પંચાયતો' શીર્ષક હેઠળ ભાગ-૯ દાખલ કરવામાં આવ્યો છે. આ સુધારા અન્વયે બંધારણમાં ૨૪૩ કલમ ઉમેરવામાં આવી અને કલમ-૨૮૦માં સુધારો કરવામાં આવ્યો, તથા ૧૧મી અનુસૂચિ મૂકવામાં આવી. આ બંધારણીય સુધારામાં કલમ-૨૪૩-ઈ હેઠળ પંચાયતોની અવધિ અંગે જે જોગવાઈ છે તે નીચે મુજબ છે:

**કલમ-૨૪૩(ઈ)**

૧. દરેક પંચાયત જો તેને અમલમાં હોય તેવા કાયદા હેઠળ મુદત પહેલાં જ બરખાસ્ત કરવામાં ન આવે તો તેની મુદત પ્રથમ સભાની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે અને તેથી વધુ નહિ.

૨. જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં સુધારો કરી ખંડ(૧)માં નિર્દિષ્ટ સમય પૂરો થતાં પહેલાં કોઈ પણ સ્તરની પંચાયત કે જે આવા સુધારા પહેલાં ચાલુ હોય તેને આવી મુદત પહેલાં બરખાસ્ત કરી શકાશે નહિ.

૩. કોઈ પંચાયતની રચના કરવા માટે ચૂંટણીઓ-
   - ક. ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલ સમય પૂરો થાય તે પહેલાં કરવી.
   - ખ. પંચાયતો બરખાસ્ત થાય ત્યારે તે તારીખથી છ મહિનાનો સમય પૂરો થાય તે પહેલાં કરી લેવી.

   પરંતુ જ્યારે બાકી અવધિ કે જે સમય માટે આવી બરખાસ્ત થયેલી પંચાયત ચાલુ રહી હોય તે છ મહિના કરતાં ઓછો સમય હોય તો ત્યારે આવી પંચાયતોની તેટલા સમય માટે રચના કરવા માટે આ ખંડને અધીન કોઈ ચૂંટણી કરાવવી જરૂરી રહેશે નહિ.

૪. કાર્યકાળ પૂરો થાય તે પહેલાં બરખાસ્ત કરવામાં આવેલી પંચાયતના સ્થાને રચવામાં આવેલી પંચાયત બરખાસ્ત થયેલી પંચાયત જો તેને બરખાસ્ત કરવામાં આવી ન હોય તો ખંડ(૧) હેઠળ ચાલુ રહી હોત તે સમય સુધી જ ચાલુ રહેશે.

ગુજરાત સરકારે દુકાળનું નામ લઈને ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખી છે. પણ ડિસેમ્બર પછી તો ચૂંટણી યોજવાની શક્યતા દુકાળના સંજોગોમાં ઘટી જાય એ સ્વાભાવિક છે. તેનું કારણ એ છે કે ડિસેમ્બર પછી દુકાળની તીવ્રતા સતત વધતી જશે. આ સંજોગોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી કમ-સે-કમ સપ્ટેમ્બર-૨૦૦૧ સુધી મોકૂફ રહે એવી શક્યતા રહે છે. આથી ગ્રામ પંચાયતો લગભગ સવા વર્ષ સુધી ચૂંટાયેલા પ્રતિનિધિઓ સિવાયની રહેશે એ નક્કી છે.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તા. ૪.૧૧.૨૦૦૦ના રોજ બહાર પાડેલા જાહેરનામામાં એમ જણાવ્યું છે કે સરકાર ત્રણ માસ બાદ પરિસ્થિતિની સમીક્ષા કરશે. પરંતુ ત્રણ માસ બાદ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાય જ એવું જરૂરી નથી કારણ કે પંચાયત ધારાની કલમ-૨૫૭(૨) જ વટહુકમથી રદ કરાઈ છે તેથી ગુજરાત સરકારને પંચાયતોની ચૂંટણી અનિયત કાળ સુધી મોકૂફ રાખવાની અમર્યાદ સત્તા મળી છે. આ જ જાહેરનામામાં રાજ્ય અને પંચાયતોના વહીવટી તંત્રને દુકાળને પહોંચી વળવા માટે તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પણ જો પંચાયતો જ ના હોય તો પછી કેવી રીતે તે દુકાળનો સામનો કરી શકે? આમ, આ જાહેરનામામાં જ વિરોધાભાસી બાબતો છે.

વળી, એક દલીલ સામાન્યપણે એવી પણ કરવામાં આવે છે કે રાજ્ય સરકાર અત્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ખર્ચ કરે તે યોગ્ય નથી. એને બદલે એ ખર્ચ સરકાર અછતગ્રસ્તોને રાહત આપવા માટે કરે એ વધારે યોગ્ય છે. ચૂંટણી મહત્ત્વની છે કે રાહત? આ દલીલ ઝટ ગળે ઊતરી જાય તેવી છે. પરંતુ વિકાસલક્ષી યોજનાઓનાં જે નાણાં ગ્રામ પંચાયતો પાસે આવશે અને વેડફાઈ જશે એ રકમ તો ચૂંટણીના ખર્ચ કરતાં ઘણી વધારે હશે. એટલે ચૂંટણીનો ખર્ચ એ કોઈ મુદ્દો જ નથી. વાસ્તવમાં ચૂંટણી નહિ થવાથી ગ્રામ પંચાયતોને અને ગ્રામીણ જનતાને વધારે આર્થિક નુકસાન થશે. ઉપરાંત, રાજ્ય સરકારે ૨૦૦૦-૦૧ના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંદાજપત્રમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના રૂ. ૩૯.૧૩ કરોડના ખર્ચની જોગવાઈ કરેલી જ છે. ત્યારે સરકાર પાસે ચૂંટણીનાં નાણાં નથી એમ કહી શકાય તેમ નથી. લોકશાહીને જીવંત રાખવા માટે એટલું ખર્ચ તો કરવું જ પડે. વળી, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી તો થઈ ચૂકી છે. એટલે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે હવે ખૂબ જ ઓછું ખર્ચ કરવાનું રહે છે.

### ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારે એક વટહુકમ બહાર પાડીને પંચાયતોની ચૂંટણી ઓક્ટોબર-૨૦૦૦ સુધી મુલતવી રાખી હતી. અલ્લાહાબાદની

વડી અદાલતે આ વટહુકમને રદ કરતો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદા સામે ઉત્તર પ્રદેશની સરકારે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી. એ અરજીમાં તેણે એમ જણાવ્યું કે પંચાયતોની હદ નક્કી કરવાનું કામ પૂરું થયું નથી તેથી ચૂંટણી યોજવાનું શક્ય નથી. મે-૨૦૦૦માં ચૂંટણી યોજવાની હતી તે રાજ્ય સરકાર જાણતી હોવા છતાં તેણે પંચાયતોની હદ નક્કી કરવાની કામગીરી પૂરી કરી નહોતી. વડી અદાલતે ચુકાદો આપ્યો કે તરત જ ઉત્તર પ્રદેશના ચૂંટણી પંચે ચૂંટણી માટેનું સમયપત્રક જાહેર કરી દીધું હતું.

પરંતુ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને એમ કહ્યું કે રાજ્યના ચૂંટણી પંચે આવી ઉતાવળ કરવી જોઈતી નહોતી. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું કે "ચૂંટણી પંચ એમ દર્શાવવા માગે છે કે તે બીજા કરતાં સ્વાયત્ત છે અને તે ભૂલી જાય છે કે તે એક સંસ્થા છે." જ્યારે ઉત્તર પ્રદેશના રાજ્ય ચૂંટણી કમિશનરે એવી દલીલ કરી કે બંધારણની કલમ-૨૪૩(ઈ) અન્વયે પાંચ વર્ષની મુદત પૂરી થયે પંચાયતોની ચૂંટણી થવી જોઈએ અને જો ચૂંટણી ના થાય તો બંધારણની જોગવાઈનો ભંગ થાય છે ત્યારે સર્વોચ્ચ અદાલતે એમ કહ્યું કે, "ચૂંટણી પંચે જરા ધીરજ ધરીને એ બાબત પર ધ્યાન આપવું જોઈએ કે અન્ય રાજ્યોમાં તો ૧૦ વર્ષ કરતાંય વધુ સમયથી ચૂંટણી થઈ જ નથી."

જો કે, પછીથી સર્વોચ્ચ અદાલતે એવો ચુકાદો આપ્યો કે ૧૪થી ૨૩ જુન-૨૦૦૦ સુધીમાં પંચાયતોની ચૂંટણી યોજવી. અને તે મુજબ ચૂંટણીઓ યોજાઈ પણ ખરી. અહીં. મહત્ત્વનો મુદ્દો એ છે કે ચૂંટણી પંચ વડી અદાલતમાં ગયું તેથી પંચાયતોની ચૂંટણી ઓક્ટોબર-૨૦૦૦ સુધી મોકૂફ ના રહી પરંતુ જુન-૨૦૦૦ સુધીમાં ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારે યોજવી પડી. ચૂંટણી પંચની સક્રિયતાનું આ પરિણામ આવ્યું એ નોંધપાત્ર છે. અહીં પંચાયતોના મતવિસ્તારોની હદ નક્કી કરવાનો મુદ્દો હતો અને કુદરતી આપત્તિનો મુદ્દો નહોતો એ વાત સાચી, પરંતુ ચૂંટણી પંચની સક્રિયતાને લીધે ચૂંટણી થઈ એ મહત્ત્વની બાબત છે.

**આંધ્ર પ્રદેશ**

આંધ્ર પ્રદેશમાં મંડલ અને જિલ્લા પંચાયતોની મુદત માર્ચ-૨૦૦૦ સુધીમાં પૂરી થતી હતી. રાજ્ય સરકારે તેથી ફેબ્રુઆરી-૨૦૦૦ સુધીમાં વટહુકમ બહાર પાડ્યો અને તેમની ચૂંટણીઓ મુલતવી રાખી. આંધ્ર પ્રદેશ રાજ્ય સરકારની દલીલ એ હતી કે સંસદમાં ૮૭મો બંધારણીય સુધારો આવી રહ્યો છે તેથી જો અત્યારે પંચાયતોની ચૂંટણી કરવામાં

### ગુજરાત પંચાયત ધારા – ૧૯૯૩માં પંચાયતોની મુદત અંગેની જોગવાઈ

૭૩મા બંધારણીય સુધારા બાદ ગુજરાતનો ૧૯૬૧નો પંચાયત ધારો રદ કરવામાં આવ્યો અને ૧૯૯૩માં નવો પંચાયત ધારો ઘડવામાં આવ્યો. આ ધારામાં કલમ-૧૩ અને કલમ-૨૫૭માં જે જોગવાઈઓ પંચાયતોની મુદત અંગે કરવામાં આવી છે તે નીચે મુજબ છે:

**કલમ-૧૩**

૧. દરેક પંચાયત આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિસર્જન કરવામાં આવ્યું હોય તે સિવાય તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ નહિ.

૨. પંચાયતની રચના કરવા માટેની ચૂંટણી-
   ક. પેટા કલમ(૧)માં નિર્દિષ્ટ કરેલ તેની મુદત પૂરી થાય તે પહેલાં.
   ખ. તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં પૂરી કરવી જોઈએ.

   પરંતુ વિસર્જિત પંચાયત જે મુદત માટે ચાલુ રહી હોય તેવી બાકીની મુદત, છ મહિના કરતાં ઓછી હોય ત્યારે આવી મુદત માટે પંચાયત રચવા માટે આ પેટા કલમ હેઠળ કોઈ ચૂંટણી કરવાનું જરૂરી ગણાશે નહિ.

૩. પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં તેનું વિસર્જન થયે રચાયેલી પંચાયત જે મુદત માટે વિસર્જિત પંચાયતનું એવી રીતે વિસર્જન કરવામાં આવ્યું ન હોત, તો પેટા કલમ(૧) હેઠળ ચાલુ રહેત તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

**કલમ-૨૫૭**

૧. પંચાયતની મુદત પૂરી થવાને લીધે તેની પુનર્રચના કરવાની હોય તેના સંબંધમાં રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે કોઈ પણ કુદરતી આફતને લીધે પંચાયતની પુનર્રચના કરવા માટેની સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણીઓ કરવી શક્ય નથી તો, આ અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા તે મતલબની જાહેરાત કરી શકશે.

૨. પંચાયતના સંબંધમાં પેટા કલમ(૧) હેઠળ કાઢેલું કોઈ જાહેરનામું તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી પંચાયતની મુદત પૂરી થયાની તારીખથી શરૂ થતા ત્રણ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી અમલમાં રહેશે.

૩. પેટા કલમ(૧) હેઠળ જાહેરનામું બહાર પાડ્યે પંચાયતની તમામ સત્તા અને ફરજો, જે મુદત દરમિયાન જાહેરનામું અમલમાં રહે તે મુદત સુધી રાજ્ય સરકાર હુકમ કરીને લેખિતમાં નિર્દિષ્ટ કરે તેવા અધિકારી વાપરશે અને બજાવશે.

**નોંધ:** ગુજરાત સરકારે વટહુકમ બહાર પાડીને તા. ૪.૧૧.૨૦૦૦ના રોજ અસાધારણ રાજપત્ર જાહેર કરીને કલમ-૨૫૭(૨) રદ કરી.




જુન-૨૦૦૦ સુધીમાં ચૂંટણી યોજવા માટે આદેશ આપ્યો. પછી રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી અને શરૂઆતમાં સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારના નિર્ણયને બહાલ રાખ્યો. આંધ્ર પ્રદેશની રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે રાજ્ય ચૂંટણી પંચને પંચાયતોની ચૂંટણી યોજવા માટે વડી અદાલતમાં જવાનો કોઈ અધિકાર નથી અને સર્વોચ્ચ અદાલતે પણ આ દલીલ સ્વીકારી હતી. પરંતુ છેવટે સર્વોચ્ચ અદાલતે આંધ્ર પ્રદેશની સરકારને તા. ૩૧.૦૩.૨૦૦૧ સુધીમાં પંચાયતોની ચૂંટણી યોજવા માટે આદેશ આપ્યો છે.

આવશે તો પણ ફરી ચૂંટણી કરવી પડશે. કારણ કે આ બંધારણીય સુધારામાં પંચાયતોમાં સીધી ચૂંટણીને વૈકલ્પિક બનાવવામાં આવી રહી છે.

આ વટહુકમની સામે રાજ્યના જ ચૂંટણી પંચે વડી અદાલતમાં પડકાર ફેંક્યો. વડી અદાલતે ચૂંટણી પંચની અરજી સ્વીકારી અને ૩૦મી

આ રીતે અંતે, આંધ્ર પ્રદેશમાં રાજ્ય ચૂંટણી પંચની સક્રિય દરમ્યાનગીરીથી મંડલ અને જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજાશે. ૮૭મો બંધારણીય સુધારો હજુ સંસદમાં જ છે અને સંસદે તેને પસાર કર્યો નથી. એ ક્યારે પસાર થશે તે પણ કહી શકાય તેમ નથી. પણ એના બહાના હેઠળ આંધ્ર પ્રદેશ સરકારે પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખવાનું પગલું ભર્યું એ એક હકીકત છે.

## ગુજરાતમાં પંચાયતો અને કુદરતી આપત્તિ

ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩માં પંચાયતો અને કુદરતી આપત્તિ અંગે કરવામાં આવેલી જોગવાઈઓ નીચે મુજબ છે:

**ગ્રામ પંચાયત**

કલમ-૯૯ મુજબ ગ્રામ પંચાયતોને ૧૦૬ કામો સોંપવામાં આવ્યાં છે. એ કામોમાં ઘણાં કામો એવાં છે કે જે સીધી રીતે ખેતી, પશુપાલન અને પાણીના પુરવઠા સાથે સંકળાયેલાં છે. અછતની પરિસ્થિતિમાં તો આ કામો ખૂબ જ મહત્ત્વનાં છે. આ સંદર્ભમાં નીચે મુજબની ફરજો દર્શાવવામાં આવી છે:

૧. અપંગ, અકિંચન અને માંદા માણસોને રાહત આપવી.
૨. કોઈ પણ કુદરતી આપત્તિ આવી પડે ત્યારે સંકટગ્રસ્તોને સહાય આપવી.
૩. તળાવ અને કૂવા બાંધવાં અને સાફ કરવાં.
૪. વર્તમાન પાણીનો પુરવઠો અપૂરતો અથવા રોગકારક હોવાને લીધે રહેવાસીઓના સ્વાસ્થ્યને લગતું જોખમ અટકાવવા માટે યોગ્ય અને પૂરતો પાણીનો પુરવઠો અથવા વધારાનો પુરવઠો જ્યારે વાજબી ખર્ચે મળી શકે તેમ હોય ત્યારે તે આપવો.
૫. દુકાળ અથવા અછતના વખતે નિરાધાર લોકોને રાહત આપવી અને રાહતનાં કામો સ્થાપવાં અને નિભાવવાં.

**તાલુકા પંચાયત**

કલમ-૧૩૦ અન્વયે તાલુકા પંચાયતની કુલ ૮૬ ફરજો દર્શાવવામાં આવી છે. કુદરતી આપત્તિઓ અંગે કેટલીક ફરજો નીચે મુજબ છે:

૧. પીવા માટે સ્વચ્છ પાણીની સગવડ કરવી.
૨. સિંચાઈનાં કામોનું બાંધકામ અને નિભાવ.
૩. કૂવાઓ સુધારી તથા નવા બનાવી, ખાનગી તળાવો સુધારી તથા ખોદી અને નાનાં સિંચાઈ કામો શરૂ કરી અને પાણી આપતી નહેરોની દેખરેખ રાખી જેમ બને તેમ વધારે જમીન સિંચાઈ નીચે લાવવી.
૪. સિંચાઈ યોજનાઓની નહેરોનાં પાણીને સમયસર અને યોગ્ય વહેંચણી થાય, તેનો પૂરેપૂરો ઉપયોગ થાય તેનો પ્રબંધ કરવો.
૫. પૂર, આગ, રોગચાળો અને બીજી નાની મોટી કુદરતી આફતોના પ્રસંગે તાત્કાલિક મદદ પહોંચાડવી.

**જિલ્લા પંચાયત**

કલમ-૧૫૪ હેઠળ જિલ્લા પંચાયતને કુલ ૭૩ ફરજો સોંપવામાં આવી છે. તેમાં અછતના સંદર્ભમાં ઉપયોગી ફરજો નીચે મુજબ છે:

૧. પીવાના પાણી પુરવઠાનો પ્રબંધ કરવો અને જાળવવો.
૨. સિંચાઈ માટે નવા કૂવાઓનું ખોદકામ અને જૂના કૂવાની મરામત કરાવવી.
૩. તળાવો અને બંધારાથી નહેર દ્વારા સિંચાઈ.
૪. દુષ્કાળ અને અછત, રેલ, આગ અને ધરતીકંપ જેવી કુદરતી આફતોના પ્રસંગે રાહત કેન્દ્રો સ્થાપવાં અને ચલાવવાં.

| ‘પંચાયત બચાવો, લોકશાહી બચાવો’ આંદોલનની ટૂંકી તવારીખ | |
|---|---|
| **તારીખ** | **શું થયું?** |
| ૧. ૨ નવેમ્બર, ૨૦૦૦ | ૯૦૦૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખવા માટે આવનાર વટહુકમના આગોતરા સંકેત મળતાં જ ‘ઉન્નતિ’એ ઝડપથી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે મહિલા સ્વરાજ અભિયાન, ગુજરાત બિરાદરી, ગૂજરાત વિદ્યાપીઠ, અસાગ અને પશ્ચિમ ભારત પંચાયતી રાજ મંચના કર્મશીલોની બેઠક બોલાવી. રાજ્યના મુખ્ય મંત્રીશ્રી, પંચાયત મંત્રીશ્રી અને રાજ્ય ચૂંટણી પંચને પંચાયતોની ચૂંટણી મોકૂફ નહિ રાખવાનો વિનંતીપત્ર લખવાનું બેઠકે ઠરાવ્યું. |
| ૨. ૩ નવેમ્બર, ૨૦૦૦ | સરકારે ૯૦૦૦ કરતાં વધારે પંચાયતોની ચૂંટણી મુલતવી રાખવાનો નિર્ણય કર્યો છે. |
| ૩. ૪ નવેમ્બર, ૨૦૦૦ | પંચાયત ધારાની કલમ ૨૫૭(૨) રદ કરવાનો વટહુકમ રાજ્ય સરકારે પ્રગટ કર્યો. |
| ૪. ૪ નવેમ્બર, ૨૦૦૦ | ‘ઉન્નતિ’ના તૃપ્તિ જૈન અને ‘અસાગ’ના રાજેશ ભટ્ટ મુખ્યમંત્રીને મળવા ગાંધીનગર ગયા. મુલાકાત નહીં મળવાથી તે રાજ્ય ચૂંટણી પંચને મળ્યા. વટહુકમ પ્રગટ થઈ ગયેલ હોઈ અત્યારે ચૂંટણી પંચની કોઈ ભૂમિકા રહેતી નથી તેમ જણાવવામાં આવ્યું. |
| ૫. ૧૦ નવેમ્બર, ૨૦૦૦ | પરિસ્થિતિની સમીક્ષા અને ભવિષ્યનાં પગલાં નક્કી કરવા ‘ઉન્નતિ’એ સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક બોલાવી. તેમાં ૧૩ જિલ્લાની ૨૫ સંસ્થાઓના ૩૫ કર્મશીલોએ ભાગ લીધો. બેઠકમાં નીચેનાં પગલાં લેવાનું ઠરાવવામાં આવ્યું:<br>૧. લોકો પંચાયતોની ચૂંટણી ઈચ્છે છે કે નહિ તેનો ઝડપી સર્વે સહભાગી સંસ્થાઓ મારફતે કરાવવો.<br>૨. સર્વેનાં પરિણામો મળ્યેથી મુખ્ય મંત્રીને તેનાથી વાકેફ કરવા કોશિશ કરવી.<br>૩. ચૂંટણી તાત્કાલિક કરાવવા માટે નાગરિકોની પત્ર ઝુંબેશ યાને સહી ઝુંબેશ ચલાવવી.<br>૪. આ આંદોલનનું નામ ‘પંચાયત બચાવો, લોકશાહી બચાવો’ એવું રાખવું.<br>૫. ‘ઉન્નતિ’ની આગેવાની નીચે ૬ સભ્યોની પગલાં સમિતિ નિમવામાં આવી. |
| ૬. ૧૦ નવેમ્બરથી ૧૫ નવેમબર, ૨૦૦૦ | આ સમયગાળા દરમિયાન ૮ તાલુકામાં ઝડપી સર્વે દ્વારા ૧૫૨૯ મતદારોનો પ્રતિભાવ મેળવવામાં આવ્યો. ૯૨ ટકા મતદારો પંચાયતોની ચૂંટણી ઈચ્છતા હતા. કેવળ ૮ ટકા મતદારોને ચૂંટણી જોઈતી નહોતી એવો પ્રતિભાવ જાણવા મળ્યો. |
| ૭. ૧૬ નવેમ્બર, ૨૦૦૦ | ૧. પગલાં સમિતિના બે સભ્યો તૃપ્તિ જૈન (ઉન્નતિ) અને મનોજ ચૌહાણ (મહિલા સ્વરાજ અભિયાન) મુખ્ય મંત્રીના વધારાના મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીને મળ્યા અને ૯૨ ટકા મતદારો પંચાયતોની ચૂંટણી ઈચ્છે છે તેમ જ ડિસેમ્બર માસમાં અછત રાહતનાં કામો ચાલનાર ન હોઈ નિર્વિઘ્ને પંચાયત ચૂંટણી થઈ શકે તેમ છે તેમ જ ચૂંટણી મોકૂફી ગેરબંધારણીય છે તેથી તાત્કાલિક ચૂંટણી કરાવવાની રજૂઆત કરવામાં આવી. શ્રી લહેરીએ આ રજૂઆત કેબીનેટ મંત્રીશ્રીઓ સર્વશ્રી વજુભાઈ વાળા અને સુરેશભાઈને પોતે પહોંચાડશે તેવું જણાવ્યું.<br>૨. પંચાયતોની ચૂંટણી તાત્કાલિક કરાવવાની માગણી કરતા પત્રો ઉપર ૨૭,૭૨૩ નાગરિકોની સહીઓ પ્રાપ્ત કરવામાં આવી હતી. ૩૭ સંસ્થાઓએ આ કામગીરી ૧૪ જિલ્લાનાં ૨૧૩૪ ગામોમાં ફરીને કરી હતી.<br>આ બધા પત્રો મુખ્ય મંત્રીને મોકલવામાં આવ્યા હતા. |
| ૮. ૪ ડિસેમ્બર, ૨૦૦૦ | પગલાં સમિતિ ‘ઉન્નતિ’ની ઓફિસમાં મળી હતી અને શ્રી પી. કે. લહેરી તેમ જ રાજ્ય ચૂંટણી પંચને આ બાબતે પત્ર લખીને પાઠવ્યો હતો. નાગરિકોના બંધારણીય હક્કોના ભંગ બદલ કાનૂની પગલાં લેવા માટે કેટલાક ધારાશાસ્ત્રીઓનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. |
| ૯. ૨ જાન્યુઆરી, ૨૦૦૧ | ચૂંટણી પંચ પોતે રાજ્ય સરકાર સામે કાનૂની પગલાં ભરે તે માટે ચૂંટણી કમિશનરને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી અને તેમને એક આવેદન પત્ર સુપરત કરવામાં આવ્યું. |

### કર્ણાટક

કર્ણાટકમાં રાજ્ય ચૂંટણી પંચે પંચાયતોનું ચૂંટણી જાહેરનામું બહાર પાડી દીધું અને પંચાયતોના મતવિસ્તારોની હદ નક્કી કરતું જાહેરનામું બહાર પાડી દીધું પછી રાજ્ય સરકારે ચૂંટણીઓ રદ કરતો વટહુકમ બહાર પાડ્યો. આ રીતે ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ પછી ચૂંટણી રદ કરવાનો નિર્ણય લેવાયો. રાજ્ય સરકારે પણ મતવિસ્તારોની હદ નક્કી કરવા માટે પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખી હતી. રાજ્ય સરકારના વટહુકમની સામે જાહેર હિતની બે અરજીઓ વડી અદાલતમાં કરવામાં આવી. તા. ૧૭.૦૩.૧૯૯૯ના રોજ કરાયેલી આ અરજીઓ અંગે ચુકાદો આપતાં વડી અદાલતે એવો હુકમ કર્યો કે પંચાયતોની ચૂંટણી કોઈ પણ હિસાબે છ સપ્તાહમાં યોજવી. આ સીમાચિહ્નરૂપ ચુકાદાના મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ છેઃ

૧. બંધારણમાં રાજ્યનાં કામોની યાદીમાં પાંચમા ક્રમે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અંગેની સત્તા રાજ્યોની વિધાનસભાઓને આપવામાં આવી છે. પરંતુ ૭૩મો બંધારણીય સુધારો થતાં હવે આ સત્તા તેમની પાસે રહેતી નથી.
૨. બંધારણની કલમ ૨૪૩-ઈ અન્વયે પંચાયતોની મુદત પાંચ વર્ષની છે. તેમનું વિસર્જન કરી શકાય છે પણ મુદત લંબાવી શકાતી નથી. મુદત પૂરી થાય તે પહેલાં કે વિસર્જનના છ માસ સુધીમાં ચૂંટણી થવી જોઈએ. અને ચૂંટણી યોજવાનું સંપૂર્ણપણે રાજ્ય ચૂંટણી પંચના હાથમાં છે. રાજ્ય ચૂંટણી પંચ એક સ્વતંત્ર બંધારણીય કાર્યસત્તા છે.
૩. સર્વોચ્ચ અદાલતે તેના તા. ૧૨.૮.૧૯૯૭ના ચુકાદામાં એમ કહ્યું છે કે પૂર, ધરતીકંપ વગેરે જેવી કુદરતી આપત્તિઓ સિવાય રાજ્યોને પંચાયતોની ચૂંટણી મુલતવી રાખવાની પરવાનગી આપી શકાય નહિ. આમ, સર્વોચ્ચ અદાલતના જણાવ્યા મુજબ પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં પંચાયતોની ચૂંટણી થવી જ જોઈએ.
૪. ચૂંટણી પંચે ચૂંટણીની તૈયારી અને જાહેરનામું જારી કરવા માટેનાં પગલાં લઈ લીધાં છે. દરેક પંચાયતની હદ નક્કી કરતું જાહેરનામું પણ બહાર પડી ગયું છે. તેથી એમ ન કહી શકાય કે સમયપત્રક બહાર પડે પછી જ ચૂંટણીની પ્રક્રિયા શરૂ થાય છે. એટલે એક વાર ચૂંટણીની પ્રક્રિયાનો આરંભ થઈ જાય પછી ચૂંટણી મોકૂફ રાખી શકાય નહિ.
૫. બંધારણની કલમ-૨૪૩(ઈ) અન્વયે ચૂંટાયેલી પંચાયતોની મુદત વધુમાં વધુ પાંચ વર્ષની છે, તેથી વધારે નહિ. એટલે પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી થવી જ જોઈએ. એટલે રાજ્યની વિધાનસભાનો કોઈ પણ પંચાયતી રાજ અંગેનો કાયદો જો આ બંધારણીય જોગવાઈનો ભંગ કરે તો તે નકામો ઠરે છે અને તેની અવગણના જ કરવી જોઈએ. ભારતમાં બંધારણ સર્વોચ્ચ છે અને વિધાનસભાએ ભારતના બંધારણની જોગવાઈઓ અનુસાર જ કાયદા કરવા પડે.

કર્ણાટકમાં માર્ચ-એપ્રિલ, ૧૯૯૯માં પંચાયતની ચૂંટણીઓ યોજવાની હતી અને તે રદ કરતો વટહુકમ રાજ્ય સરકારે બહાર પાડ્યો હતો. આ માટે તેણે કર્ણાટક પંચાયત રાજ ધારાની કલમ-૪ અને કલમ-૫માં સુધારો કર્યો હતો અને તે વડી અદાલતના આ ચુકાદાથી રદ ઠર્યો હતો અને પંચાયતની ચૂંટણીઓ નિયત સમયે જ યોજાઈ હતી.

### ગુજરાતમાં લોકોનો પ્રતિભાવ

ગુજરાતની ૮૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખવા સામે ભારે વિરોધ વંટોળ ઊઠ્યો છે. 'ઉન્નતિ'ના નેજા હેઠળ અમદાવાદમાં તા. ૧૦.૧૧.૨૦૦૦ના રોજ પંચાયત ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં તેમણે ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રખાયા સામે વિરોધ વ્યક્ત કર્યો હતો અને લોકોની લાગણીને વાચા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ નિર્ણય મુજબ આઠ સ્વૈચ્છિક સંસ્થાઓએ તત્કાળ સર્વે હાથ ધર્યો હતો. વડોદરા, વડાલી, વિરમગામ, કોડીનાર, ઉના, ખેડબ્રહ્મા, અમરેલી અને દ્વારકામાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ ૧૫૨૯ નાગરિકોની મુલાકાત લીધી હતી અને તેમાંથી ૧૪૦૮ લોકોએ એટલે કે ૯૨ ટકા લોકોએ ચૂંટણી યોજવાની હિમાયત કરી હતી. સર્વેક્ષણમાં ૮૮૫ પુરુષોની મુલાકાત લેવાઈ હતી અને તેમાંથી ૭૯૭ પુરુષોએ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તરફેણ કરી હતી. જ્યારે ૬૪૪ મહિલાઓમાંથી ૧૮ મહિલાઓએ ચૂંટણી યોજવી જોઈએ એમ કહ્યું હતું.

ડિસેમ્બર-૨૦૦૦ના પ્રથમ સપ્તાહમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની હતી, પરંતુ સરકારે દુકાળનું બહાનું બતાવીને તે મોકૂફ રાખી હતી. પરંતુ સર્વેક્ષણમાં મોટા ભાગના લોકોએ ચૂંટણી યોજવાનો સારામાં સારો સમય ડિસેમ્બર મહિનો છે તેમ જણાવ્યું હતું.

આ ઉપરાંત 'પંચાયત બચાવો, લોકશાહી બચાવો' ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય પ્રધાનને સંબોધીને આ શીર્ષક હેઠળ એક પત્ર લખીને ૨૧૩૪ ગામોમાંથી ૨૭,૭૨૩ નાગરિકોને ગ્રામ પંચાયતોની ચૂંટણી તત્કાળ યોજવા માટે વિનંતી કરી હતી. ડિસેમ્બર-૨૦૦૦ દરમ્યાન આવા ૩૦૦૭ પત્રો લખાયા હતા. સાબરકાંઠા, અમદાવાદ, પંચમહાલ, ખેડા, સુરત, જૂનાગઢ, ધ્રાંગધ્રા, બનાસકાંઠા, ગાંધીનગર, અમરેલી, ભરૂચ, વડોદરા, ડાંગ અને જામનગર એમ ૧૪ જિલ્લામાંથી આ પત્રો મુખ્ય પ્રધાનની કચેરીમાં પહોંચ્યા હતા. સુરત, સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાંથી સૌથી વધુ નાગરિકોએ આ

પત્રમાં સહીઓ કરી હતી. આ ઝુંબેશમાં ગુજરાતની ૩૭ સ્વૈચ્છિક સંસ્થાઓએ સક્રિય રસ દાખવ્યો હતો અને લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઉપરાંત, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ગુજરાતના અધિક મુખ્ય સચિવ તથા રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરને મળીને ગ્રામ પંચાયતોની ચૂંટણી મુલતવી રખાઈ તે સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. ગુજરાતનું ચૂંટણી પંચ રાજ્ય સરકારના ચૂંટણી મોકૂફીના નિર્ણય સામે રાજ્ય સરકારના ચૂંટણી મોકૂફીના નિર્ણય સામે મૂક પ્રેક્ષક ના બની રહે અને અન્ય રાજ્યોનાં ચૂંટણી પંચોની જેમ અદાલતમાં રાજ્ય સરકારના નિર્ણયને પડકારે તેવી માગણી પણ મુખ્ય ચૂંટણી કમિશનર સમક્ષ કરી હતી અને એ માટે એક આવેદનપત્ર પણ સુપરત કર્યું હતું.

### કાનૂની રીતે શું થઈ શકે?

૧. બંધારણની કલમ-૩૫૫ અને કલમ-૩૫૬ કેન્દ્ર સરકારને એ જોવાની સત્તા આપે છે કે દરેક રાજ્ય સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર વર્તે. જો બંધારણની જોગવાઈ અનુસાર પંચાયતોની ચૂંટણીઓ ના યોજાતી હોય તો તે સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે રાજ્ય સરકારો બંધારણનો ભંગ કરે છે. પરંતુ આમ છતાં કેન્દ્ર સરકારને એ જોવાની સત્તા આપે છે કે દરેક રાજ્ય સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર વર્તે. જો બંધારણની જોગવાઈઓ અનુસાર પંચાયતોની ચૂંટણીઓ ના યોજાતી હોય તો

## પંચાયત બચાવો.. લોકશાહી બચાવો..

**માનનીય મુખ્ય મંત્રીશ્રી,**
ગુજરાત સરકાર, ગાંધીનગર.

**વિષય: ગ્રામ પંચાયતોની ચૂંટણી ડિસેમ્બર-૨૦૦૦ના અંત પહેલાં યોજો**

ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રાખતો જે વટહુકમ આપની સરકારે ૪ નવેમ્બર, ૨૦૦૦ના રોજ બહાર પાડ્યો છે, તેનો અમે સખત વિરોધ કરીએ છીએ, કારણ કે સ્થાનિક સ્તરે સ્વશાસનના અમારા બંધારણીય અધિકારનો એનાથી ભંગ થાય છે.

આજ સુધી ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી નિયમિત રીતે યોજાતી રહી છે, ત્યારે આપે બહાર પાડેલો આ વટહુકમ ગુજરાતના પંચાયતી રાજના ઈતિહાસ માટે કલંકરૂપ છે.

અમે આપને એ યાદ અપાવવા માગીએ છીએ કે કારમા દુકાળની પરિસ્થિતિ છતાં પણ ૧૯૭૫ના મે માસમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.

અમે જાણીએ છીએ કે દુકાળ અને અછતની પરિસ્થિતિ ગુજરાતમાં ગંભીર છે. પણ આ સ્થિતિનો સામનો કરવા માટે ચૂંટાયેલી પંચાયત વધારે યોગ્ય છે એમ અમે મક્કમપણે માનીએ છીએ.

તેથી અમે આપને ડિસેમ્બર-૨૦૦૦ના અંત સુધીમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા વિનંતી કરીએ છીએ.

પ્રેષક
ગામ: ના નાગરિકો
તાલુકો:
જિલ્લો:
પિનકોડ:

| ક્રમ | નામ | સહી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |

તે સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે રાજ્ય સરકારો બંધારણનો ભંગ કરે છે. પરંતુ આમ છતાં કેન્દ્ર સરકારે હજુ સુધી એક પણ રાજ્ય સરકારને આ બે કલમો અન્વયે પંચાયતોની ચૂંટણીઓ ન યોજવા બદલ ચેતવણી આપી નથી. બંધારણની જોગવાઈઓના ભંગ સબબ રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની જોગવાઈ બંધારણમાં કલમ-૩૫૬ હેઠળ કરાઈ છે ખરી. પરંતુ કેન્દ્ર સરકાર પંચાયતોની બાબતમાં રાજ્ય સરકારોને બરખાસ્ત કરવાનું મુનાસિબ સમજતી નથી. કેન્દ્ર સરકારે બંધારણમાં તેને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સ્થાનિક સ્તરની લોકશાહી સામે ઊભા થયેલા ખતરાને ટાળવો જરૂરી છે.

૨. રાજ્યોના પંચાયત ધારાઓમાં જો ૭૩મા બંધારણીય સુધારામાં પંચાયતોની મુદત અંગેની જે જોગવાઈઓ હોય તે જોગવાઈઓથી વિરુદ્ધની જોગવાઈઓ હોય તો રદ થવી ઘટે છે કારણ કે તે બંધારણના અક્ષરદેહ અને ભાવનાથી વિરુદ્ધની છે. કેન્દ્ર સરકાર આ અંગે એક બંધારણીય સુધારો કરવા માગે છે. આવો બંધારણીય સુધારો તત્કાળ કરવો જોઈએ.

૩. રાજ્યોમાં વિધાનસભાઓ અને કેન્દ્રમાં સંસદની ચૂંટણી પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં જ કરવામાં આવી છે તેમ છતાં તે રીતે ચૂંટણીઓ થતી નથી એ એક હકીકત છે. આવા સંજોગોમાં કસૂરવાર રાજ્ય સરકારો સામે કેન્દ્ર સરકાર પગલાં ભરે એ જરૂરી છે. ઉપરાંત, પંચાયતોની મુદત પૂરી થાય તે પહેલાં તેમની ચૂંટણી યોજાય જ તેવી સખત કાનૂની જોગવાઈની હજુ પણ આવશ્યકતા હોય તો તેવી જોગવાઈ કરવી જોઈએ.

૪. વિધાનસભા અને સંસદમાં તમામ બેઠકોની ચૂંટણીઓ એકસાથે યોજાતી હોય છે. તે જ રીતે તમામ સ્તરની તમામ પંચાયતોની તમામ બેઠકોની ચૂંટણીઓ એકસાથે યોજાવી જોઈએ. આ માટે જરૂરી નાણાકીય અને ભૌતિક સંસાધનો રાજ્ય ચૂંટણી પંચો પાસે હોય એ જરૂરી છે. આમ થવાથી નાણાકીય ખર્ચ બચશે અને સમય અને શક્તિનો પણ બચાવ થશે. તથા મતદારોને પણ વારંવાર આવતી ચૂંટણીઓથી કંટાળો નહિ આવે.

### સ્થાનિક સ્તરે શું થઈ શકે?

સૌથી મહત્ત્વનો મુદ્દો લોકોની જાગૃતિનો છે. આજે એવું એક માનસ પ્રવર્તે છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અમલદારો જેટલા કાર્યક્ષમ હોતા નથી. પરંતુ જો લોકશાહીને બચાવવી હશે તો આ માનસ વહેલી તકે છોડવું પડશે. અમલદારો નાગરિકોને સીધી રીતે ઉત્તરદાયી હોતા નથી. ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ નાગરિકો પ્રત્યે સીધા ઉત્તરદાયી હોય છે. નાગરિકો તેમની પાસે જ જવાબ માગી શકે છે. વળી, કાર્યક્ષમતા એ તો રાજકીય ઈચ્છાશક્તિમાંથી જન્મે છે, એ આપોઆપ પાકી જતું ફળ નથી. એટલે લોકશાહીને કોઈ પણ સ્તરે ગળે ટૂંપો દેવાની કોશિશ થતી હોય ત્યારે નાગરિકોએ અને તેમનાં જૂથોએ સક્રિય થવાની જરૂર રહે છે. નાગરિક સમાજનું કર્તવ્ય છે કે તે પોતાનો અસંમતિનો અવાજ રજૂ કરે. ગ્રામ પંચાયતોની ચૂંટણીની મોકૂફી સામે નાગરિકો અને તેમનાં જૂથોએ ઝુંબેશ ચલાવવી જોઈએ. તેઓ મુખ્ય પ્રધાન, રાજ્યપાલ, પંચાયત પ્રધાન વગેરેને પત્રો લખીને, નાગરિકોની બેઠકો બોલાવીને તેમાં ઠરાવો કરીને, છાપાંઓમાં ચર્ચાપત્રો અને લેખો લખીને જાગૃત નાગરિક તરીકેની ભૂમિકા અદા કરે એ અત્યંત આવશ્યક છે.

### સંદર્ભ


૧. 'ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સિસ'- નવી દિલ્લી દ્વારા પ્રકાશિત થતા 'અપડેટ'ના ઈ.સ.૨૦૦૦ના અંકો.

૨. ગુજરાત પંચાયત ધારો-૧૯૯૩.


---

### પૃષ્ઠ ૧૩નો શેષ ભાગ

ત્યાર પછી ખરેખર ઉત્પાદન અને આવક વૃદ્ધિ કરવાનું સ્થાનિક લોકોની શક્તિ - સમજ ઉપર છોડી દેવામાં આવે છે. તેને બદલે અથવા તેની સાથે ગ્રામ સ્તરનાં તમામ કુદરતી સંસાધનોની ઉત્પાદકતા વધે એ માટે કૃષિ સંશોધન, વ્યવસ્થિત ધિરાણ, ખેતી સામગ્રીનો પુરવઠો, પાક ઉત્પાદનનું વધારે લાભદાયી વેચાણ વગેરે અનુસંધાન ગોઠવવામાં આવે તો વોટરશેડના પ્રથમ તબક્કામાં જે રોકાણ થયું હોય તેનો ઘણો વધારે લાભ પ્રાપ્ત થાય. આને 'વોટરશેડ પ્લસ' તરીકે ઓળખવામાં આવે છે. એ કેમ ગોઠવવું તેની વિચારણા દેશમાં વિવિધ સ્તરે ચાલી રહી છે.

- આ અભ્યાસનું તારણ વોટરશેડ યોજનાનું પુરસ્કર્તા છે. પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે મોટાં જળાશયોની જરૂર રહેતી નથી. એક તો અછતનો આ એક વર્ષનો અભ્યાસ છે. ઉપરાઉપરી અછતનાં વર્ષો આવે તો વોટરશેડ અને બિનવોટરશેડ ગામો વચ્ચે કેટલો તફાવત રહે છે તે જોવાનું રહે. બીજું, પાણી આધારિત ઉદ્યોગો, મોટા શહેરોને પાણીની જરૂરિયાત અને ઉપરાઉપરી અછતનાં વર્ષોમાં સંકટગ્રસ્ત વિસ્તારોમાં પાણીની જરૂરિયાત વગેરે માટે મોટાં જળાશયો પર આધાર રાખવો પડે તેવી શક્યતા છે. તેથી આ અભ્યાસમાંથી નાનાં પાણી સંગ્રહ સ્થાન 'સારાં' અને મોટાં જળાશયો "નહીં સારાં" તેવું તારણ કાઢવું વાજબી થશે નહીં. કમસે કમ ઉપરાઉપરી અછતનાં વર્ષોમાં વોટરશેડ ગામો ઉપર કેવી અસર થાય છે તે જાણવા માટે આ અભ્યાસ ચાલુ રાખવા વિચાર્યું છે.

# મૂક ક્રાંતિના રણકાર

વોટરશેડ યોજના સહભાગી વિકાસની એક નોંધપાત્ર યોજના છે. તેના આરંભને પાંચ વર્ષ પૂરાં થયાં છે. એનું મૂલ્યાંકન કરતો આ લેખ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરના અધ્યક્ષ **શ્રી અનિલ શાહ** દ્વારા લખાયો છે. આ લેખ વોટરશેડ યોજનાનાં ક્રાંતિકારી પરિણામો પર પ્રકાશ પાડે છે.

અછત, તંગી, યાતના.
પીવાના પાણી માટે, ખેતી માટે.
અનાજ.
પશુઓ માટે ચારો.
રોજી રોટીના ફાંફા.
હિજરત.

અપૂરતો વરસાદ અને તેનીયે અનિશ્ચિતતા ભોગવતા વિસ્તારો જમાનાથી પિડાય છે. પાંચ વર્ષમાં બે વર્ષ અછતનાં, એક સારું, બીજું ઠીક! રાજાઓએ તળાવો કર્યાં, મહાજનોએ વાવો બાંધી. અંગ્રેજ સરકારે રક્ષણાત્મક સિંચાઈ બંધો, નહેરો બાંધ્યાં. અછત વખતે સરકારે લેવાનાં પગલાંના નિયમો, માર્ગદર્શિકા તૈયાર કર્યાં. બંગાળના ૧૯૪૩ના કારમા દુષ્કાળ પછી અનાજ ઉત્પાદન વધે તેની યોજનાઓ કરી.

સ્વરાજ પછી આ બધું મોટા પાયે થયું. પરંતુ અછત સંભવ વિસ્તારોને તો અવારનવાર વરસાદની તંગી અને અનિશ્ચિતતાનો સામનો કરવાનું ચાલુ રહ્યું. સરકાર અછતનાં વર્ષોમાં લોકોને રાહત આપવા ટેન્કરોમાં પાણી પહોંચાડે, પશુઓ માટે ઘાસ પહોંચાડે, રોજીરોટી માટે રાહતનાં કામો ખોલે. કરોડો રૂપિયા ખર્ચાય. લોકો ટકી જાય, જીવી જાય. જે પશુઓ જીવી જાય તે પણ કસ વિનાનાં, શક્તિ વિનાનાં હોય. પૂરતા આયોજન વિના અને આવશ્યક દેખરેખ વિનાના આડેધડ શરૂ કરેલાં રાહત કામો, ખાસ કરીને ગામને જોડતા રસ્તાઓ અને તળાવની પાળોનાં ધૂળ ઢેફાં પહેલા વરસાદે જ બેસી જાય અને થોડાં વર્ષમાં તેનાં ખાલી નામ-નિશાન જ રહે.

### પશ્ચાદ્ ભૂમિકા

૧૯૭૦ના દસકામાં આવી પરિસ્થિતિનો સામનો કરવા ભારત સરકારે એક ખાસ યોજના બનાવી દુષ્કાળ સંભવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (ડીપીએપી). જે તાલુકાઓમાં વરસાદ ઓછો અને અનિયમિત હોય, કાયમી સિંચાઈની ક્ષમતા ૩૦ ટકા કરતાં ઓછી હોય તેવા વિસ્તારોને ડીપીએપી અને જ્યાં રણીકરણ થતું હોય તેવા વિસ્તારોને રણ વિકાસ કાર્યક્રમ (ડીડીપી) તાલુકા તરીકે નક્કી કરવામાં આવ્યા. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના થઈને આવા ૯૯ તાલુકાઓ જાહેર થયેલા છે. યોજના શરૂ કરી ત્યારે આવા તાલુકામાં દર વર્ષે રૂ. ૧૫ લાખ ખર્ચવાની જોગવાઈ કરવામાં આવી. તેમાંથી આવા વિસ્તારો અછતની પરિસ્થિતિનો સામનો કરી શકે તેવી ક્ષમતા ધરાવતા કરવા માટે વનીકરણ, ગૌચર સુધારણા, જમીન સંરક્ષણ, વરસાદના પાણીનો સંગ્રહ વગેરે કાર્યક્રમો લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી. આવું ૨૦ વર્ષ ચાલ્યું. પરંતુ, અછત આવતાં જ આવા તાલુકાની ક્ષમતા કેટલી પાંગળી છે તે છતું થતું. પાણીનાં ટેન્કરો, ઢોરવાડા, રાહતકામો ચાલુ કરવાં પડે, થોડાંક ઓછાં. આમ કેમ થાય છે તેનો અભ્યાસ કરી સુધારણા માટે ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલયે એક સમિતિની રચના કરી. તેના અધ્યક્ષ હતા વિખ્યાત અર્થશાસ્ત્રી અને આયોજન પંચના સભ્ય રહી ચૂકેલા ડૉ. સી. એચ. હનુમંતરાવ.

સમિતિએ દેશના જુદા જુદા વિસ્તારોમાં ફરીને જોયું તો કેટલાક વિસ્તારોમાં અછતનો સામનો કરવાની ક્ષમતા પ્રાપ્ત થયેલી જણાઈ. ખાસ કરીને, રાલેગન સિદ્ધિ (મહારાષ્ટ્ર), માયરાડા (કર્ણાટક), આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ગુજરાત) અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ અને કેટલીક સરકારી સંસ્થાઓના કામથી અછતનો સામનો કરવાની ક્ષમતા વધી હતી. સમિતિને જણાયું કે જમીન અને જળ સંરક્ષણની કામગીરી દેશમાં અને ખાસ કરીને મુંબઈ રાજ્યના વિસ્તારોમાં દસકાઓથી ચાલે છે. પરંતુ, જે વિસ્તારોમાં સમિતિએ સફળ કામગીરી જોઈ ત્યાં કેટલાંક નવાં તત્ત્વો સમિતિના ધ્યાનમાં આવ્યાં. જમીન, જળ વગેરે કુદરતી સંસાધનોનું જતન કરવાની યોજના વોટરશેડને ધોરણે કરવામાં આવેલી. બીજું, તેના આયોજન, અમલ અને સંચાલનમાં લોકોની સામેલગીરી, લોકભાગીદારી વ્યવસ્થિત અને સ્પષ્ટરૂપે હતી. ત્રીજું, યોજનાનું સંચાલન જુદા જુદા વિષય પ્રમાણે જુદા જુદા વિભાગોને વહેંચી દેવામાં નહીં આવેલું, જેમ કે, વનવિભાગ, સિંચાઈ વિભાગ વગેરે. સમગ્ર સંસ્થાનું સુગઠિત એક તંત્ર હતું. હનુમંતરાવ સમિતિએ ભલામણ કરી કે અછતની કાયમી અસર ટાળવા માટે આવો અભિગમ અપનાવવો જોઈએ- લોકભાગીદારીથી વોટરશેડ. ગ્રામ વિકાસ મંત્રાલયે આ સમિતિની ભલામણોને આધારે ઓક્ટોબર, ૧૯૯૪માં માર્ગદર્શિકા બહાર પાડી અને એપ્રિલ, ૧૯૯૫થી તેનો અમલ શરૂ થયો.

૧૯૫૨ની ઓક્ટોબરની ૨જીથી શરૂ થયેલી સામૂહિક ગ્રામ વિકાસ યોજના (કમ્યુનિટી ડેવલપમેન્ટ) સાથે સ્વરાજનો સંદેશો ગ્રામ વિસ્તારોમાં પહોંચ્યો. ૧૯૬૦ના દસકામાં પંચાયતી રાજ આવ્યું. ત્યાર પછી ગ્રામ વિકાસનું કામ જુદી જુદી યોજનાઓ મારફત ક્યારેક ઝડપી, ક્યારેક ધીમું પણ એકંદરે પ્રયોગાત્મક રીતે ચાલતું રહ્યું. પરંતુ ૧૯૯૫માં જે સહભાગી વોટરશેડની યોજના શરૂ થઈ તેનાથી દેશના ગ્રામ વિસ્તારોમાં જાણે કે એક મૂક ક્રાંતિ ફેલાઈ ગઈ.

### સહભાગી વોટરશેડ યોજનાનાં કેટલાંક વિશિષ્ટ તત્ત્વો

- નિશ્ચિત કરેલા અછત સંભવ અને રણ વિસ્તારના તાલુકાઓમાં આ યોજનાઓનો અમલ થાય.
- પાણીની તંગી હોય અને અન્ય રીતે પછાતપણું હોય તેવાં ગામોને પ્રથમ પસંદગી.
- પસંદ કરેલા ગામના ૫૦૦ હેકટરમાં ૫ વર્ષમાં રૂપિયા ૨૦ લાખ ખર્ચવાની જોગવાઈ.
- આ યોજનાના અમલની જવાબદારી માટે અનુભવી, કાબેલ સંસ્થાની નિશ્ચિત ધોરણો મુજબ પસંદગી. સ્વૈચ્છિક સંસ્થા, સરકારી સંસ્થા અને અન્ય સંસ્થાઓને પણ આ જવાબદારી સોંપી શકાય. અમલી સંસ્થાનું કામ લોકોને તૈયાર કરવાનું, સંગઠિત કરવાનું, તાલીમ આપવાની, ગ્રામ સ્તરે બરોબર આયોજન અને અમલ થાય તે જોવાનું.
- ગ્રામ સ્તરે રજિસ્ટર કરેલા ગ્રામ વિકાસ મંડળ (વોટરશેડ એસોસિએશન)ની સ્થાપના.
- વોટરશેડ એસોસિએશન સ્વાશ્રયી જૂથો અને ઉપભોક્તા જૂથો મારફત આયોજન અને અમલ કરે. બહેનોની ભાગીદારી પર વિશેષ ધ્યાન.
- જમીન, પાણી, વનસ્પતિ, પશુઓના જતન અને વૃદ્ધિ માટે સૂચિત ઉપાયો (ટ્રીટમેન્ટ)માંથી ગ્રામ વિકાસ મંડળને યોગ્ય લાગે તેવા ઉપાયોને ખ્યાલમાં રાખી ૫૦૦ હેક્ટર જમીનમાં વોટરશેડનું આયોજન.
- જિલ્લા સ્તરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વોટરશેડનાં કામો માટે ગ્રામ વિકાસ મંડળને સીધાં નાણાં આપે અને તાલીમ, ગ્રામ સંગઠન અને બીજા ખર્ચ માટે અમલી સંસ્થાને પૈસા મળે.
- કુલ ખર્ચના ૭૫ ટકા ભારત સરકાર આપે અને ૨૫ ટકા રાજ્ય સરકાર ભોગવે.

૧૯૯૫માં ગુજરાતમાં ૧૩૦૦ ગામોમાં ૧૧૦ સંસ્થાઓ દ્વારા જે વોટરશેડનું કામ શરૂ થયું તે ૨૦૦૦ની સાલમાં પૂરું થવા આવ્યું. દરમિયાનમાં દર વર્ષે વધારે ગામોમાં વોટરશેડ યોજનાનો અમલ શરૂ થતો રહ્યો છે.



ભાવનગર જિલ્લાના ડેડકડી ગામ (વોટરશેડ)માં ઘાસચારાની સમસ્યા ન હતી. વધારાના ઘાસચારાનું વેચાણ પણ થયું.

આ યોજના શરૂ થયા બાદ પાંચ વર્ષ સુધી એકંદરે સારાં વર્ષો ગયાં. પાંચ વર્ષને અંતે ૧૯૯૯-૨૦૦૦માં અછતની પરિસ્થિતિ સર્જાઈ ત્યારે આ યોજનાને પરિણામે અછતનો સામનો કરવાની કેટલી ક્ષમતા ઊભી થઈ છે તે તપાસવાનો મોકો મળ્યો.

### અભ્યાસનાં તારણો

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના ૮ જિલ્લાઓ અછતની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યાર દરેક જિલ્લામાંથી બે ગામો પસંદ કર્યાં. એક ગામને વોટરશેડ યોજનાનો લાભ મળેલો, બીજું નજીકનું ગામ વોટરશેડ યોજનાના લાભથી વંચિત. વરસાદની પહેલાંના મે-જુન મહિનાના અછતની પરાકાષ્ઠાના દિવસોમાં આ ૧૬ ગામોમાં જઈને વિકાસ સમર્થન કેન્દ્રના સંશોધન અધિકારીએ લોકો પાસેથી જે વિગતો મેળવી તેની પરથી આ પ્રમાણે ચિત્ર ઉપસે છે:

૧. *પીવાનું પાણી :* વોટરશેડનાં ૮ ગામોમાંથી એક જ ગામને ટેન્કરથી પાણી પહોંચાડવાની જરૂર પડી. બિનવોટરશેડનાં ૪ ગામોમાં ટેન્કરોથી પાણી અપાતું હતું.

૨. *ખેતી:* વોટરશેડનાં ૮માંથી ૫ ગામોમાં ચોમાસુ પાક તો લેવાય જ. રવીનો શિયાળુ પાક પણ લેવાયો. બે ગામોમાં પાક નિષ્ફળ ગયો. બિનવોટરશેડનાં ૮ ગામોમાંથી ૫ ગામો ચોમાસુ પાક લઈ શક્યાં, તેમાંનું એક ગામ શિયાળુ પાક પણ લઈ શક્યું. બે ગામોમાં પાક નિષ્ફળ ગયો. વોટરશેડનાં ૩ ગામોમાં પાક વિસ્તાર અને ઉતારામાં કોઈ ઘટાડો નોંધાયો નહીં. જ્યારે ૪ બિનવોટરશેડ ગામોમાં પાકનો ઉતારો ૭૫ ટકા ઘટ્યો.

૩. *પશુઓ માટે ચારો:* વોટરશેડનાં ૭ ગામોમાં ચારાની અછત હતી પણ તે બહુ જ થોડી હતી. બિનવોટરશેડનાં આઠેય ગામોમાં ચારાની તીવ્ર તંગી હતી. પરિણામે વોટરશેડ ગામોમાં મોટા ભાગનાં પશુઓને બચાવી લેવાયાં. ખાસ કરીને, બળદોને. દૂધ ઉત્પાદન

ચાલુ રહ્યું.

૪. *રોજી રોટી:* વોટરશેડનાં ૫ ગામોમાં છેક મે-જુન સુધી લોકોને રોજીરોટી મળતી રહી. બિનવોટરશેડ ગામોમાંથી માત્ર બે ગામોમાં આવી અનુકૂળતા રહી, બે ગામોમાં રોજીની તંગી વર્તાઈ, જ્યારે ચાર ગામોમાં રોજી મળતી બંધ થઈ. બિનવોટરશેડનાં ૬ ગામોમાં લોકોને રોજીરોટી માટે ગામ છોડવું પડ્યું. જ્યારે વોટરશેડનાં માત્ર ૨ ગામોમાં થોડાંઘણાં કુટુંબો ગામ છોડીને રોજી શોધવા ગયાં.

વોટરશેડનાં ૮માંથી ૪ ગામોમાં રાહતકામો ખોલવાની છેક સુધી જરૂર ન પડી. જ્યારે બાકીનાં ૪માં ચોમાસા પહેલાના ત્રણ મહિના રાહતકામો ખોલવાં પડ્યાં. બિનવોટરશેડ ગામોમાં ફેબ્રુઆરી, ૨૦૦૦થી રાહતકામો મારફત લોકોને રોજી આપવાની જરૂર ઊભી થઈ.

૫. *અનાજ ઉપલબ્ધિ:* વોટરશેડનાં ૮માંથી ૬ ગામોમાં અનાજની તંગીની ફરિયાદ ન હતી. જ્યારે બિનવોટરશેડનાં ૭ ગામોમાં અનાજની તંગીનો પ્રશ્ન ગંભીર બન્યો. બાકીના ગામમાં અનાજની અછત તીવ્ર બની હતી.

૬. *રહેણી-કરણી:* વોટરશેડનો લાભ મેળવતાં ૪ ગામોમાં એવું ધ્યાન પર આવ્યું કે,
- મકાનો સમારવાનું, નવાં ચણવાનું ચાલું હતું.
- સ્થાનિક સહકારી મંડળીનું લેણું ૧૦૦ ટકા વસૂલ થયું.
- આ ગામોમાં બધા હેન્ડપંપો ચાલુ રહ્યા.
- એક ગામમાં તો પોતાના પૂરતું પાણી હતું જ, ઉપરાંત બાજુના ગામવાળા પણ ત્યાંથી લઈ જતા હતા.
- વોટરશેડ ગામના લોકો રોજ નહાતા-ધોતા અને તેમનો પહેરવેશ, તેમનાં કપડાં ઉજળાં દેખાય. પાણીની તંગી અનુભવતાં બિન-વોટરશેડ ગામોના લોકો પ્રમાણમાં મેલાંઘેલાં દેખાય.

૧૯૯૫માં શરૂ થયેલી આ સહભાગી વોટરશેડ યોજના હેઠળ આવરી લેવાયેલાં હાલનાં ગામોમાં યોજનાની અસર વિશે અભ્યાસ કરવા પ્રયાસ કર્યો છે. આ તો આ યોજનાની શરૂઆતનો તબક્કો છે. સ્વભાવિકપણે તેમાં ઘણી ઉણપો છે. વિકાસ સમર્થન કેન્દ્ર જેમ આ યોજનાને ટેકો આપવા અમલીકરણ સંસ્થાઓ માટે તાલીમ યોજે છે, ક્ષેત્રીય ટેકો આપે છે, યોજનાના સ્વરૂપ અને કાર્ય પદ્ધતિની સુધારણા માટે સક્રિય છે, તેમ આ યોજનાની ઉણપો, ક્ષતિઓ વિશે અભ્યાસ કરે છે.

પરંતુ આવી સ્થિર થવા મથતી નવી યોજનાના પણ દેખીતા લાભો જોતાં, એક અભ્યાસ સમિતિએ જેને ભારતના ગ્રામ વિસ્તારમાં 'મૂક ક્રાંતિ' ફેલાવતી યોજના ગણી છે તે વોટરશેડ યોજનાનો પ્રભાવ એવો રણકે છે કે તેને હવે મૂક ગણી શકાય તેમ નથી.

## નીતિ વિષયક તારણો

- અછત રાહતનાં કામો હાલ જે આયોજન વિના આડેધડ કરવામાં આવે છે તેને બદલે વોટરશેડના ધોરણે કરવામાં આવે તો આવાં ગામોને કાયમી લાભ પ્રાપ્ત થાય. ૧૯૯૯-૨૦૦૦ની સાલમાં ગુજરાત સરકારે અછત-રાહત માટે ૯૪૨૯ ગામોમાં રૂ. ૬૦૦ કરોડનું ખર્ચ કર્યું છે. એક ગામદીઠ રૂ. ૬ લાખથી વધારે થાય. રાજ્ય સરકારનો આમાં ૨૫ ટકા જેટલો ફાળો એટલે કે, ચાર વર્ષમાં રૂપિયા ચાર લાખનો અને એક વર્ષમાં ગામદીઠ રૂપિયા લાખ જેટલો. અછતની પરિસ્થિતિનો ખ્યાલ આવતાં જ વોટરશેડ યોજનાના ધોરણે આયોજન કરવામાં આવે અને રૂપિયા એક લાખ જેટલી રકમ, જેમાં મજૂરીનું પ્રમાણ વધારે હોય તેવાં કામો હાથ ધરીને કરવામાં આવે. જ્યારે આવાં ગામોમાં ભારત સરકાર તરફથી વોટરશેડ યોજના મંજૂર થાય ત્યારે રાજ્ય સરકારે પોતાનો ભાગ દેવાનો રહે નહિ અને લોકો આ યોજના માટે તૈયાર પણ થઈ ગયા હોય. આવું આયોજન કરવાની દરખાસ્ત ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરે ૧૯૯૯માં ગુજરાત સરકારને કરી હતી. અછત પરિસ્થિતિ ચાલુ રહેતાં, ખરેખર તો વધારે તીવ્ર બનતાં, ૨૦૦૦ના સપ્ટેમ્બરમાં ફરી કરી.
- વોટરશેડ યોજનાના આયોજનમાં મુખ્યત્વે પુરુષ સંચાલકો પાણીનો વિચાર ખાસ તો ખેતીના કૂવામાં પાણીના સ્તર ઊંચા આવે તે ધ્યાનમાં રાખીને કરે છે. માણસો, પશુઓ માટે પીવાના પાણીની તંગી ઊભી ન થાય તે તરફ પૂરતું ધ્યાન અપાતું નથી. વોટરશેડ યોજનામાં મહિલાઓની ભાગીદારી જેટલી સક્રિય, તેમનો અવાજ જેટલો વધારે બુલંદ થશે તેટલું પીવાના પાણી તરફ વધારે ધ્યાન અપાશે.
- જે ગામોમાં પ્રાદેશિક યોજના હેઠળ પાઈપલાઈન વડે પાણી આપવામાં આવે છે ત્યાં પણ એવું જોવામાં આવ્યું કે, વધારે નિશ્ચિતરૂપે ગામને પાણી મળી રહે માટે ગામ સ્વાવલંબી થવાનું પસંદ કરે છે. તેથી જ પ્રાદેશિક પાણી પુરવઠાનાં ગામોએ પણ વોટરશેડ યોજના હેઠળ સ્થાનિક તળાવોનાં કામો હાથ પર લેવા જેવું છે.
- ગ્રામીણ અર્થકારણમાં પશુઓનું મોટું મહત્ત્વ છે. પરંતુ ચારાની વૃદ્ધિ અને અછતનાં વર્ષોની શક્યતાને ધ્યાનમાં રાખી તેના સંગ્રહ તરફ જોઈએ તેવું ધ્યાન અપાતું નથી.
- વોટરશેડ યોજનામાં જમીન, પાણીનું સંરક્ષણ અને જાહેર જમીન-સરકારી ખરાબો કે ગૌચરમાં વૃક્ષો, ઘાસચારાનો ઉછેર કરીને ઉત્પાદન અને આવક વૃદ્ધિની ક્ષમતા ઊભી કરવામાં આવે છે.

**જુઓ પૃષ્ઠ ૧૦**

# શિક્ષણ દલિત છોકરીઓ સુધી પહોંચ્યું

મહારાષ્ટ્રમાં કોલ્હાપુરમાં 'ઇન્સ્ટિટ્યુટ ફોર સોશ્યલી ડિસએડવાન્ટેજડ ગ્રૂપ્સ' દ્વારા શહેરી ઝૂંપડપટ્ટીમાં દલિત મહિલાઓ અને છોકરીઓમાં શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તનનું કામ કરવામાં આવી રહ્યું છે. ઇન્સ્ટિટ્યુટ રાજેન્દ્રનગર નામના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં છેલ્લાં ૧૨ વર્ષથી પ્રાથમિક શિક્ષણ દલિત છોકરીઓને પૂરું પાડે છે. ઈન્સ્ટિટ્યુટ માનદ્ નિયામક **શ્રી એમ. વી. શ્રીધર** આ લેખમાં તેમની સમક્ષ આવેલા પડકારો અને તેમને ઉકેલવા માટે કરાયેલા પ્રયાસો આલેખે છે.

**પ્રસ્તાવના**

ભારતની શિક્ષણ વ્યવસ્થાની એક મોટી ગંભીર ખામી એ છે કે તે સૌથી ગરીબ છોકરીઓ અને વંચિત બાળકો અને ખાસ કરીને દલિત છોકરીઓને શિક્ષણ પૂરું પાડવામાં નિષ્ફળ ગઈ છે. શાળાઓમાં દલિત બાળકો ન આવતાં હોવા અંગે જાતજાતનાં ખોટાં કારણો આપવામાં આવે છે. પ્રચાર-પ્રસાર માધ્યમોમાં એવી છાપ ઊભી કરવામાં આવી છે કે દલિતો તેમની ગરીબીને કારણે જ શાળાએ જતા નથી. પરંતુ ગરીબી તો એક બહાનું છે. જે દરે આર્થિક વિકાસ થઈ રહ્યો છે અને રાષ્ટ્રીય આવકમાં ગરીબોનો જેટલો ફાળો છે તે જોતાં એમ કહી શકાય કે દેશમાં આશરે એક સદી સુધી તો ગરીબી દૂર થવાની જ નથી. ત્યારે સૌને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ આપવાના ધ્યેયમાં નિષ્ફળ જવા માટે રાજકીય નેતાઓ ગરીબીને બહાના તરીકે આગળ ધરે એ વાજબી નથી.

એ જ રીતે વંચિતોનાં બાળકોને કશું શિખવી શકાય તેમ છે જ નહિ એવાં શિક્ષકોનાં નકારાત્મક વલણો પણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેઓ વારસાગત રીતે જ નબળાં છે એમ પણ માનવામાં આવે છે. શિક્ષકો તેમના પોતાના હિત ખાતર પણ વંચિત બાળકો પ્રત્યે પૂર્વગ્રહ રાખે છે. તેમની પોતાની બેજવાબદારી બદલ પણ તેઓ આ બાળકોને જ જવાબદાર ગણે છે. આખો સમાજ જે રીતે સામાજિક ભેદભાવનો ભોગ બનેલાઓને જ તેને માટે જવાબદાર ગણે છે એમ શિક્ષકો પણ એવું જ માને છે.

અમે ઇન્સ્ટિટ્યુટમાં અમારા શૈક્ષણિક કાર્યક્રમ, અભ્યાસક્રમ અને શિક્ષકોના પ્રશિક્ષણ કાર્યક્રમની જ નવી ડિઝાઈન તૈયાર કરી અને દલિત છોકરીઓને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ અંગે નવું જ દર્શન વિકસાવ્યું છે. અમારો અભિગમ અને અભ્યાસક્રમ એવાં રહ્યાં છે કે જેથી બાળકો શાળામાં સારી પ્રગતિ સિદ્ધ કરે.

**શૈક્ષણિક દર્શન**

ઇન્સ્ટિટયુટનો આ શૈક્ષણિક કાર્યક્રમ ત્રણ સિદ્ધાંતો પર આધારિત છે: **૧.** કોઈ પણ બાળક એવું નથી કે જે કશું શીખી ના શકે. **૨.** વૈધિક શિક્ષણ વ્યવસ્થાનો લાભ વંચિત જૂથોનાં બાળકો લઈ શકતાં નથી તો તેનું કારણ એ છે કે એ વ્યવસ્થામાં ખામી છે અને તેથી એ વ્યવસ્થા બદલવી જોઈએ. **૩.** જો શીખવાની પ્રક્રિયા ના થાય તો તેનું કારણ બાળકની ખામી નથી. ઇન્સ્ટિટ્યુટને તેના કામમાં જેમ જેમ અનુભવ થતો ગયો તેમ તેમ તેના શૈક્ષણિક કાર્યક્રમના અમલ દરમ્યાન આ સિદ્ધાંતો તેણે વિકસાવ્યા છે.

**અવરોધો**

પહેલા ધોરણમાં પ્રવેશ માટે જન્મના પ્રમાણપત્રની આવશ્યકતા હોવાને લીધે જ ઘણાં બાળકો શાળામાંથી બહાર રહી જાય છે. મોટા ભાગનાં બાળકો હોસ્પિટલોમાં નહિ પણ ઝૂંપડાંમાં જન્મ્યાં હોય છે. તેથી તેમની જન્મ તારીખની કોઈ સત્તાવાર નોંધ નથી હોતી. વળી, શાળાઓ માત્ર પ્રથમ ધોરણમાં જ પ્રવેશ આપે છે, ઉંમર મુજબ બીજા કે ત્રીજા ધોરણમાં પ્રવેશ આપતી નથી. આમ, આ એક મોટો અવરોધ બને છે.

વળી, બીજો એક અવરોધ તબદીલી પ્રમાણપત્ર અંગેનો છે. ગરીબ માબાપો હંમેશાં કામની શોધમાં સ્થળાંતર કરે છે. નવા સ્થળે શાળામાં પ્રવેશને માટે જૂના સ્થળની શાળાનું તબદીલી પ્રમાણપત્ર જોઈએ છે. માબાપોને આ પ્રમાણપત્ર લેવા માટે ખૂબ જ ધક્કા ખાવા પડે છે.

જો કે, ૧૯૯૦માં મહારાષ્ટ્ર સરકારે એક હુકમ બહાર પાડીને એમ જણાવ્યું છે કે જન્મના પ્રમાણપત્ર કે તબદીલી પ્રમાણપત્ર વિના પણ બાળકને શાળામાં પ્રવેશ મળશે. આમ છતાં, સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ આ બંને પ્રમાણપત્રોનો આગ્રહ હજુ પણ રાખે છે. સરકારે તેના હુકમનો બરાબર અમલ થાય તેની કાળજી રાખી નથી. અમે જે શાળાઓ ખોલી છે તેમાં આવાં કોઈ જ પ્રમાણપત્રો કે દસ્તાવેજોની જરૂર હોતી નથી. શાળા પોતે જ તબદીલી પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી ઉઠાવે છે.

બીજો એક મહત્ત્વનો અવરોધ શાળાઓના સમયપત્રક અંગેનો છે.

મહારાષ્ટ્રમાં પ્રાથમિક શાળાઓ સવારે ૭.૨૦ વાગ્યે શરૂ થાય છે. આથી બાળકો તેમનું ઘરનું કામ પૂરું કરવા ઘેર જ રહે છે. તેથી અમે અમારા વર્ગોનો સમય સવારના ૮.૩૦ વાગ્યાનો રાખ્યો છે. ઉનાળુ વેકેશનોથી કોઈ હેતુ સરતો નથી કારણ કે ખેતીની ઉત્પાદનની એ ઋતુ જ નથી. ચોમાસાની ખેતીની ઋતુ દરમ્યાન ગરીબ કુટુંબો વધારે વ્યસ્ત હોય છે અને ત્યારે વેકેશન હોતું નથી. તેથી તે વખતે બાળકો શાળાએ જતાં નથી અને શાળાઓ તેમની સામે પગલાં ભરે છે. અમે કોઈ જ પગલાં ભરતાં નથી. અમે રોજ સાંજે પાંચથી છ વાગ્યા સુધી ખાસ વર્ગો આવાં બાળકો માટે ચલાવીએ છીએ. ઉનાળામાં અમે માત્ર ૧૫ દિવસ જ વેકેશન રાખીએ છીએ અને દિવાળીમાં ૧૦ દિવસનું. પાંચથી સાત ધોરણના વર્ગોનાં બાળકો માટે અમે વ્યાવસાયિક તાલીમના વર્ગો ચલાવીએ છીએ. શિક્ષકો માટે તેમાં હાજરી આપવાનું ફરજિયાત છે.




જે છોકરીઓ પોતાનાં નાનાં ભાઈ-બહેનોને સાચવવાનું કામ કરે છે તેઓ પ્રાથમિક શિક્ષણમાંથી બાકાત રહી જાય છે. તેથી અમારી ઇન્સ્ટિટ્યુટના વર્ગોમાં આ છોકરીઓને તેમનાં નાનાં ભાઈ-બહેનોને લઈને આવવાની છૂટ હોય છે. આ નાનાં બાળકોને ઘોડિયાંઘરમાં સાચવવામાં આવે છે. આમ, વર્ગોની સાથે જ ઘોડિયાંઘરને જોડવામાં આવ્યાં છે.

શિક્ષણનું ખર્ચ એક મોટો અવરોધ છે. સરકારી શાળાઓમાં શિક્ષણ મફત છે, પણ તેનું વૈકલ્પિક ખર્ચ ઘણું ઊંચું હોય છે. બાળકો જે સેવાઓ કુટુંબમાં આપે છે તે શિક્ષણ લેવાં જતાં બાળકોને માટેનું વૈકલ્પિક ખર્ચ છે. ઉપરાંત, કુટુંબે ગણવેશ, પુસ્તકો, નોટબુકો વગેરેનું ખર્ચ તો ઉઠાવવું જ પડે છે. ઘણાં ગરીબ પરિવારો આ ખર્ચ ઉઠાવી શકે તેમ હોતાં નથી તેથી તેઓ તેમનાં બાળકોને શાળાએ મોકલતાં નથી. અમારી ઇન્સ્ટિટ્યુટ દલિત છોકરીઓને પુસ્તકો, નોટબુકો અને એવી બીજી બધી શાળેય વસ્તુઓ મફત આપે છે. ત્રીજા ધોરણનાં બાળકો ગ્રંથાલયમાંથી પણ પુસ્તકો લઈ શકે છે.

શિક્ષકો દલિત બાળકોની ક્ષમતા વિશે નીચો અભિપ્રાય ધરાવે એ એક વળી નવો જ અવરોધ હોય છે. તેમના નકારાત્મક વલણને લીધે દલિત બાળકો આમેય શિક્ષણની બહાર ફેંકાઈ જાય છે. દલિત બાળકો મધ્યમ વર્ગનાં બાળકો કરતાં થોડીક જુદી મરાઠી ભાષા બોલે છે. આ ભાષાને શિક્ષકો હલકી સમજે છે, ખોટી સમજે છે, અને બાળકોની તેઓ હાંસી ઉડાવે છે તથા તેમને સજા કરે છે. આથી દલિત બાળકોને શાળા છોડીને જતા રહેવાનું પ્રોત્સાહન મળે છે.

આ ઉપરાંત, બાળકોને શાળામાંથી જે ગૃહકાર્ય સોંપવામાં આવે છે તે ખૂબ જ અઘરું હોય છે. લગભગ અભણ માબાપો માટે તેમનાં બાળકોને ગૃહકાર્ય કરાવવાનું મુશ્કેલ હોય છે. આથી ગૃહકાર્યનો બોજ બાળકોને ખૂબ જ લાગે છે. ઘરનું કામ તો બાળકોએ કરવાનું જ હોય. એટલે દલિત બાળકો અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### કાર્યક્રમ

ઇન્સ્ટિટ્યુટે ઉપરોક્ત અવરોધોને ધ્યાનમાં લઈને પોતાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. દલિત છોકરી બે વર્ષની થાય ત્યારથી જ અમારા પૂર્વ પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમમાં જોડાય છે. એમાં ત્રણ બાબતો ખૂબ જ મહત્ત્વની છે:

૧. છોકરી છાળાએ જતી નથી પણ શાળા છોકરી પાસે જાય છે. તેમનાં ઝૂંપડાંની નજીકમાં જ એક ઝૂંપડાંમાં વર્ગો ચાલે છે.
૨. તેમાં છોકરીઓને મફત પોષક આહાર આપવામાં આવે છે. તેથી તેમના આરોગ્યની જાળવણી થાય છે.
૩. છોકરીઓ શાળા માટે તૈયાર થાય છે. તેમને વાર્તાઓ કહેવામાં આવે છે કે જેથી તેઓ ભાષા બરાબર શીખે. ૬-૧૨ માસમાં તેઓ વાર્તા કહેતાં પણ શીખી જાય છે. ભાષાના ઉપયોગવાળી વિવિધ રમતો પણ તેમને રમાડવામાં આવે છે.

ત્રણથી પાંચ વર્ષની છોકરીઓ માટેના બાલમંદિરમાં વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો કરાવવામાં આવે છે. તે માટે વિવિધ સાધનો પણ વસાવવામાં આવ્યાં છે. વિવિધ કઠોળ અને અનાજનાં નામો પણ તેમને શિખવવામાં આવે છે. રમકડાં અને ચિત્રો પણ તેમને શિખવવામાં આવ્યાં છે. તેના વડે તેઓ પક્ષીઓ, પશુઓ, વાહનો વગેરેની ઓળખ મેળવે છે. વિવિધ

રંગોનાં નામ પણ તેઓ એ રીતે જાણે છે. બાળકોને પ્લેકાર્ડ દ્વારા મરાઠી લિપિનો પરિચય પણ કરાવવામાં આવે છે. લખવાનું કામ તો માત્ર પહેલા ધોરણમાં જ શરૂ થાય છે. આ રીતે આ ગાળા દરમ્યાન દલિત છોકરીઓ શાળાના મધ્યમ વર્ગનાં અન્ય બાળકો સાથે સ્પર્ધા કરવાનું કૌશલ્ય કેળવે છે.



બાળકો જે કૌશલ્યો કેળવે છે તે તેમને શીખવાની પ્રક્રિયામાં કામ લાગે છે. આ કાર્યક્રમની બાબતમાં આ સંદર્ભમાં જે મુદ્દાઓ મહત્ત્વના છે તે આ મુજબ છે:

૧. ઘોડિયાંઘરોમાં દલિત છોકરીઓ જેવી હોય તેવી તેમને સ્વીકારવામાં આવે છે. તેમનાં કપડાં કે વાળ લઘરવઘર હોય તો તેમને કડવાં વેણ કહેવામાં આવતાં નથી, તેમની ભાષા માટે તેમને ઉતારી પાડવામાં આવતી નથી. બાળકોને વધુમાં વધુ બોલવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, કે જેથી તેઓ આત્મવિશ્વાસ કેળવી શકે.

૨. બાળકો અને શિક્ષકો બંનેને શાળા પોતાની લાગે તે માટેની ભાવના સહભાગિતાથી ઊભી કરવામાં આવે છે. તેથી તેઓ ઇન્સ્ટિટ્યુટના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે પોતાના મહત્તમ પ્રયાસો કરે છે.

૩. શીખવાની મુશ્કેલીઓ જાતે કેવી રીતે દૂર કરી શકાય તે બાળકોને ખૂબ જ મિત્રતાપૂર્ણ રીતે શિખવાડવામાં આવે છે. બાળકોને શિક્ષિત માણસ તરીકે વર્તવાનું કહેવામાં આવે છે.

૪. પહેલા ધોરણમાં માત્ર મરાઠી અને ગણિત જ શિખવવામાં આવે છે. જ્યારે અન્ય શાળાઓમાં ચાર વિષયો શિખવવામાં આવે છે. વિજ્ઞાનનો વિષય બીજા ધોરણમાં દાખલ કરાય છે અને ચોથો વિષય ત્રીજા ધોરણમાં જ દાખલ કરાય છે.

૫. બાળકોને નહિ ધમકાવવાની અને કદી પણ નહિ મારવાની શિક્ષકોને કડક સૂચનાઓ આપવામાં આવી છે. શિક્ષક બાળકોને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ કહેતા જ નથી. એ બાળકો ઉપર જ છોડવામાં આવે છે. તેનાથી સ્વશિસ્ત ઊભી થાય છે.

૬. જે પરીક્ષાઓ લેવામાં આવે છે તે બાળકને પાસ કે નાપાસ કરવા માટે લેવામાં આવતી નથી પરંતુ શિક્ષકને બાળકના સ્તર વિશેની માહિતી મળે તે માટે અને તે રીતે લેવામાં આવે છે. બાળક અપેક્ષા મુજબનો દેખાવ ના કરે તો તેને માટે શિક્ષક પોતાની ખામી શોધે છે, તેઓ બાળક ઉપર દોષનો ટોપલો ઢોળતા નથી. પરીક્ષાના પ્રશ્નોના જવાબ તરત જ બીજે દિવસે આપી દેવામાં આવે છે. દરેક પ્રશ્ન અને જવાબ શિક્ષક સમજાવે છે. સાચો જવાબ કેવી રીતે આપી શકાય તે પણ સમજાવવામાં આવે છે.

૭. ૧૨ વર્ષની વયથી ઉપરની છોકરીઓને જાતીય શિક્ષણ પણ આપવામાં આવે છે. તેને પરિણામે તેઓ તેમના કુટુંબનું આયોજન કરતાં શીખે છે.

૮. વ્યાવસાયિક અને કલાલક્ષી શિક્ષણ પણ આપવામાં આવે છે. તે પાંચમાથી સાતમા ધોરણ દરમ્યાન અપાય છે. જો તેઓ તેમનું શિક્ષણ ચાલુ રાખી શકે તેમ ના હોય તો તેઓ શાળા છોડે તે સમયે સ્વાવલંબી બને તે માટે ઇન્સ્ટિટ્યુટ તેમને મદદ કરે છે. તેઓ રોજના રૂ. ૫૦ કમાઈ શકે તેવું કામ શોધવામાં તેમને ઇન્સ્ટિટ્યુટ મદદ કરે છે. આમ, દલિત છોકરીઓ ગૌરવ અને

આત્મસન્માન સાથે જીવી શકે છે.

૯. ઇન્સ્ટિટ્યુટ એક 'મુક્ત શાળા' (ઓપન સ્કૂલ) પણ ચલાવે છે. તેમાં ૧૦થી ૧૪ વર્ષની નિરક્ષર કામ કરતી છોકરીઓ દાખલ થાય છે. આખા વર્ષ દરમ્યાન ગમે તે સમયે એ શાળામાં પ્રવેશ મેળવી શકે છે. શાળા સવારના ૧૧.૦૦થી રાતના ૮.૩૦ દરમ્યાન ખુલ્લી હોય છે. દલિત છોકરીઓને જ્યારે અનુકૂળ હોય ત્યારે તેઓ શાળામાં આવી શકે છે. તેઓ પ્રવેશ મેળવે પછી તેઓ ચોથા ધોરણની પરીક્ષા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં આપી શકે તે રીતે તેમને તૈયારી કરાવવામાં આવે છે. જેઓ એ પરીક્ષા પસાર કરે તેમને ફરીથી બે વર્ષ સુધી પ્રવેશ અપાય છે. તેઓ સાતમા ધોરણની પરીક્ષા પછી આપે છે. ભારતભરમાં આ એક અજોડ પ્રયોગ છે કે જેમાં ખુલ્લી શાળામાં ભણતી છોકરીઓ બોર્ડની પરીક્ષા આપતી હોય.

૧૦. ઇન્સ્ટિટ્યુટ પોતે પરીક્ષા લેતી નથી. તેમનાં નામ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડને મોકલવામાં આવે છે. ચોથા ધોરણની પરીક્ષા માટે આઠ ટુકડીઓ અને સાતમા ધોરણની પરીક્ષા માટે ત્રણ ટુકડીઓ અત્યાર સુધીમાં તૈયાર કરાઈ છે. કોઈ છોકરી નાપાસ થઈ નથી અને કેટલીક છોકરીઓએ ૬૫થી ૭૦ ટકા ગુણ મેળવ્યા છે. ૧૯૯૧-૯૨માં જે કેટલીક છોકરીઓ 'મુક્ત શાળા'માં દાખલ થઈ હતી તેમાંની કેટલીક અત્યારે નવમા અને દસમા ધોરણમાં અભ્યાસ કરે છે. જો 'મુક્ત શાળા' ના હોત તો આ દલિત છોકરીઓ નિરક્ષર જ રહી હોત.

૧૧. જે છોકરીઓ પૂર્ણ સમયની મજૂર છે તેમને માટે અઢી કલાકની રાત્રિ શાળા ચલાવાય છે. તેમાં કોલ્હાપુરની વિવિધ ઝૂંપડપટ્ટીઓની છોકરીઓ આવે છે. તેમાંની મોટા ભાગની કચરો વીણનારી, ઘરકામ કરનારી, બળતણનું લાકડું વીણનારી, શેરડીનાં ખેતરોમાં કામ કરનારી અને એવાં જ બીજાં અકુશળ કામ કરનારી હોય છે.

૧૨. ઇન્સ્ટિટ્યુટ પ્રૌઢ શિક્ષણના વર્ગો પણ રાજેન્દ્રનગર ઝૂંપડપટ્ટીમાં ચલાવે છે. તેમાં ૨૭૦ સ્ત્રીઓને સાક્ષર બનાવાઈ છે. ૧૯૯૬-૯૭માં ૨૩૦ સ્ત્રીઓને માટે વર્ગો ચલાવાયા હતા. ૧૯૯૭-૯૮ દરમ્યાન દર વર્ષે ૨૮ સ્ત્રીઓએ તેનો લાભ લીધો હતો. તેમને વ્યાવસાયિક તાલીમ પણ આપવામાં આવે છે કે જેથી તેઓ રોજના રૂ. ૫૦ કમાઈ શકે. જો કે, જગ્યાના અભાવે આવક સર્જનનાં કામો પૂરતા પ્રમાણમાં હાથ ધરી શકાયાં નથી.

## જાગૃતિ માટેની ઝુંબેશ

ઇન્સ્ટિટ્યુટનું એક મહત્ત્વનું કામ જાગૃતિ ફેલાવવાનું છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં તે શેરી સભાઓ યોજે છે અને નિરક્ષરતાની સમસ્યા, છોકરીઓને ભણાવવાની જરૂર, બાળ લગ્નનાં દુષ્પરિણામો, બાળ મજૂરીના ખતરા, નાના કુટુંબના લાભ, બચતની આદતની ઉપયોગિતા, સ્ત્રી-પુરુષ સમાનતાની જરૂર અને સ્ત્રીઓની આર્થિક સક્ષમતા જેવા મુદ્દાઓ વિશે તેમાં ચર્ચા કરવામાં આવે છે. આગામી બે વર્ષમાં ઝૂંપડપટ્ટીની તમામ સ્ત્રીઓને સાક્ષર બનાવવાની ઇન્સ્ટિટ્યુટની યોજના છે. પ્રૌઢ સાક્ષરતાના વર્ગો દ્વારા આ કામ થઈ રહ્યું છે.

## પરિણામો

રાજેન્દ્રનગર ઝૂંપડપટ્ટીમાં ૩૩૦૦ની વસ્તી છે, તેમાંથી ૧૭૩૫ પુરુષો અને ૧૫૬૫ સ્ત્રીઓ છે. ૫થી ૧૮ વર્ષની વય ધરાવતી ૭૧૧ છોકરીઓ છે. મે-જુન, ૧૯૯૭ દરમ્યાન શિક્ષકોએ હાથ ધરેલા સર્વેક્ષણમાંથી આ વિગતો જાણવા મળી હતી. જુન-૧૯૯૯થી બે ઘોડિયાંઘર ચાલે છે. તેમાં બેથી પાંચ વર્ષની વયની ૬૦ છોકરીઓ ભણે છે. પાંચ વર્ષની વય થતાં તેમને સીધી જ પહેલા ધોરણમાં દાખલ કરવામાં આવે છે. પહેલા ધોરણમાં સામાન્યતયા ૪૫ છોકરીઓ દાખલ થાય છે. પહેલાથી સાતમા ધોરણની પ્રાથમિક શાળામાં ૨૫૬ છોકરીઓ અને ૫૯ છોકરાઓ છે. કુલ ૭૧૧ છોકરીઓમાંથી બે-તૃતીયાંશ કરતાં વધારે છોકરીઓ આ શાળામાં દાખલ થઈ છે. આમાં ૮૦ ટકા દલિતો છે. ૨૯ છોકરીઓ ખૂબ જ ગરીબ મુસ્લિમ કુટુંબોમાંથી આવે છે.

મુક્ત શાળામાં તમામ ૫૯ દલિત છોકરીઓ છે કે જેઓ કામ કરનારી છે. દર વર્ષે તેમાંથી ૧૦ છોકરીઓ ચોથા ધોરણમાં અને પાંચ છોકરીઓ સાતમા ધોરણમાં બોર્ડની પરીક્ષા આપે છે. અત્યાર સુધીમાં એક પણ છોકરી બોર્ડની પરીક્ષામાં નાપાસ થઈ નથી. રાત્રિ શાળામાં ૨૬ છોકરીઓ ભણે છે કે જેઓ પૂર્ણ સમયની મજૂર છે. આમ, કુલ ૪૬૦ બાળકો ઇન્સ્ટિટ્યુટ દ્વારા શિક્ષણ પામે છે. જે શાળામાં આવે છે એવા એક પણ બાળકનું લગ્ન થયું નથી એ એક મોટી સિદ્ધિ છે. છોકરીઓને નાના-મોટા સાત જેટલા વ્યવસાયોની તાલીમ પણ અપાય છે. શાળામાંનાં ઘણાં બાળકો નજીકની માધ્યમિક શાળાઓમાં પણ પ્રવેશ લે છે.

## ઉપસંહાર

અમારા અનુભવનો સાર એ છે કે વંચિત વર્ગની છોકરીઓને શિક્ષણ આપવા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. એને માટે ગમે તે બિનપરંપરાગત માર્ગ અપનાવવો પડે તો પણ તે અપનાવવો જોઈએ. પ્રમાણપત્રોને આધારે પ્રવેશ, શાળાનો પ્રતિકૂળ સમય, પાઠ્યપુસ્તકોનો અત્યાચાર વગેરે બાળકોને શિક્ષણના માળખામાંથી બહાર ફેંકી દેનારાં તત્ત્વો છે. આ તત્ત્વોને જો દૂર કરવામાં આવે તો આપોઆપ જ શિક્ષણનો ફેલાવો થાય તેમ છે. બાળ મજૂરી નાબૂદ થાય અને શિક્ષણ રાજ્યની ફરજ બને એ નિરક્ષરતા નાબૂદ કરવાનો મહત્ત્વનો માર્ગ છે.

# પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તાર: નિકાસ અને વિકાસ કોના ભોગે?

ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં દરિયાકિનારે પોશિત્રા ખાતે એક નવું બંદર વિકસાવવામાં આવી રહ્યું છે. ભારતમાં પ્રથમ વાર જ નવા પ્રકારે વિકસી રહેલા બંદર અંગેની વિગતો અને સ્થાનિક લોકોના પ્રશ્નોનો ચિતાર આપતો આ લેખ **શ્રી હેમન્તકુમાર શાહ** અને **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા લખાયો છે. જમીન સંપાદન, ખેતી અને રોજગારીના વ્યાપક પ્રશ્નોના ઉલ્લેખ સાથે સ્થાનિક લોકોનાં મંતવ્યોનો આ લેખમાં સમાવેશ કરાયો છે.

**પ્રસ્તાવના**

ભારત સરકારના વાણિજ્ય પ્રધાને તા. ૩૧.૦૩.૨૦૦૦ના રોજ ભારતના પ્રથમ બે વિશિષ્ટ આર્થિક વિસ્તાર (સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન-એસઈઝેડ) સ્થાપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત આયાત-નિકાસ નીતિ (એક્ઝિમ પોલિસી)ની જાહેરાતના ભાગરૂપે કરવામાં આવી હતી. ભારત વધારે નિકાસ કરી શકે અને વધારે હૂંડિયામણ કમાઈ શકે તે માટે વ્યવસ્થા ઊભી કરવાના પ્રયાસ તરીકે આવા વિશિષ્ટ આર્થિક વિસ્તારો સ્થાપવામાં આવી રહ્યા છે. એમ પણ કહેવામાં આવે છે કે ભારતે ૧૯૯૧ના ઉત્તરાર્ધમાં જે આર્થિક સુધારા શરૂ કર્યા તેના બીજા તબક્કાના સુધારા રૂપે આ પગલું ભરવામાં આવ્યું છે. જે બે વિશિષ્ટ આર્થિક વિસ્તારો સ્થપાવાના છે તેમાં એક ગુજરાતમાં અને બીજો તામિલનાડુમાં સ્થપાશે. ગુજરાતમાં પોશિત્રા ખાતે આવો વિશિષ્ટ આર્થિક વિસ્તાર સ્થપાઈ રહ્યો છે.

જામનગર જિલ્લાના ઓખામંડળ તાલુકામાં સ્થપાનારા આ આર્થિક વિસ્તારના પ્રોજેક્ટને ત્રણ તબક્કામાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં પોશિત્રા બંદર માટે પોશિત્રા ગામને આવરી લેવાશે. બીજા તબક્કામાં આ વિસ્તારનાં ૧૬ ગામોને આવરી લેવાશે અને ત્રીજા તબક્કામાં આસપાસનાં અન્ય ગામો પણ આવરી લેવાય એવી શક્યતા છે. આ પરિયોજનાના શરૂઆતના તબક્કામાં આશરે ૧૮,૦૦૦ લોકો બેઘર બને એવી શક્યતા છે.

**પરિયોજનાની હકીકતો**

ચીનમાં શેન્ઝેન નામે એક વિશિષ્ટ આર્થિક વિસ્તાર છે અને તેને એક વિશિષ્ટ ઉદાહરણ ગણીને પોશિત્રાને વિશિષ્ટ આર્થિક વિસ્તાર તરીકે વિકસાવવાની યોજના બનાવાઈ છે. ચીન, મોરિશિયસ અને હોંગ કોંગમાં આવા વિશિષ્ટ આર્થિક વિસ્તારો છે અને તે બધે જ સ્થળે તે સરકારી માલિકીના છે. જ્યારે ભારતમાં દુનિયામાં પહેલી જ વાર આવો વિશિષ્ટ આર્થિક વિસ્તાર ખાનગી કંપનીઓની માલિકીમાં ઊભો થઈ રહ્યો છે. હાલ એમ જણાવાય છે કે પોશિત્રા બંદર ત્રણ વર્ષમાં કામ કરતું થઈ જશે. જે રાજ્ય સરકાર વિશિષ્ટ આર્થિક વિસ્તાર ઊભો કરશે તે રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર પ્રોત્સાહન પણ આપશે. વાણિજ્ય પ્રધાને એવી જાહેરાત પણ કરી હતી કે આ માટે કેન્દ્ર સરકારે રૂ. ૨૫૦ કરોડ ફાળવ્યા છે. એટલે કે આ રકમમાંથી થોડોક ભાગ ગુજરાત સરકારને મળવાની સંભાવના પણ છે.

પોશિત્રા ખાતે આ નવું બંદર ઊભું કરવા માટે એક નવી કંપનીની રચના કરવામાં આવી છે. આ કંપનીનું નામ છે 'ગુજરાત પોશિત્રા પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ'. એમાં મુખ્ય કંપની સી કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ છે. તે ઉપરાંત ગુજરાત સરકારનું ગુજરાત મેરિટાઈમ બોર્ડ તેમાં નાણાં રોકનાર એક સંસ્થા છે. ઉપરાંત, સુમિટોમો અને ન્યૂ યોર્ક

**પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તારમાં શું શું થશે?**

| વ્યાપારી | સામાજિક |
|---|---|
| ૧. બીઝનેસ પાર્ક | ૧. નિવાસી સંકુલો |
| ૨. વ્યાપારી સંકુલો | ૨. શાળાઓ અને કોલેજો |
| ૩. હોટલ | ૩. ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટ |
| ૪. શોપિંગ કોમ્પલેક્સ | ૪. બગીચાઓ અને ઉદ્યાનો |
| ૫. હોસ્પિટલ | ૫. ગ્રંથાલય અને પુરાતત્ત્વ વિભાગ |
| | ૬. નિવાસો નજીકની દુકાનો |
| **આનંદ-પ્રમોદ** | ૭. શાકભાજીનાં બજારો |
| ૧. થિયેટર અને સભાગૃહ | ૮. સ્મશાન |
| ૨. રમતગમત અને મનોરંજન ક્લબ | **જાહેર સેવાઓ** |
| ૩. સ્ટેડિયમ | ૧. રસ્તા |
| ૪. ગોલ્ફ કોર્સ | ૨. વિમાની મથક |
| ૫. દરિયા કિનારાનો વિકાસ | ૩. રેલવે સ્ટેશન |
| ૬. ધાર્મિક સ્થાનો | ૪. બસ સ્ટેશન |

**પોશિત્રામાં વિકાસ કોનો અને કોના ભોગે?**

| પ્રોજેક્ટ | લોકોનાં મંતવ્યો |
|---|---|
| ૧. આ કંપની અહીં ભૌતિક સંસાધનોનો વિકાસ કરશે. | આ પ્રોજેક્ટ આ વિસ્તારના લોકોને બેઘર કરશે. |
| ૨. આધુનિક ટેકનોલૉજી ધરાવતું બંદર બનશે. | સ્થાનિક લોકોને ખેતી અને પશુપાલન સિવાય અન્ય કોઈ પણ જાતની જાણકારી નથી. શિક્ષણના અભાવ, બહારની દુનિયાની જાણકારીના અભાવને લીધે તેમની રોજગારી જશે. |
| ૩. દિવસદીઠ ૧૦૦ મિલિયન લિટર દરિયાના પાણીને મીઠા પાણીમાં ફેરવીને ઉપયોગમાં લેવામાં આવશે. | ➢ વિસ્તારના લોકોએ ગાયકવાડના સમયથી ગામેગામ તળાવો, કૂવાઓ બનાવ્યાં છે. તેમાં આજે પણ મીઠું પાણી ઉપલબ્ધ છે.<br>➢ આ વિસ્તારમાં ૫૦૦-૫૦૦ એકરનાં બે મોટાં તળાવો આવેલાં છે. તેમાં મીઠી ખારી અને ભીમગજામાં બારે મહિના પાણી ઉપલબ્ધ રહે છે.<br>➢ આ ઉપરાંત અહીં છેલ્લાં કેટલાંક વર્ષોથી વૉટરશેડ કાર્યક્રમ હેઠળ કેટલાંક ગામોમાં પાણી સંગ્રહની પ્રવૃત્તિઓ પણ ચાલી રહી છે. |
| ૪. બહારના ચાર લાખ લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. | સ્થાનિક ૧૮,૦૦૦ લોકોને બેઘર થવું પડશે. પોતાના જ વિસ્તારમાં આવેલા તીર્થસ્થાનોમાં જવા માટે ‘પાસ’ની જરૂર પડશે! |
| ૫. આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૫૬૦૦ કરોડથી વધુ અંદાજાયો છે. | ➢ જમીન સંપાદન, પુનર્સ્થાપન અને સ્થાનિક લોકોના પુનઃવસવાટ માટે ફક્ત રૂ. ૩૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. |

લાઈફ ઈન્સ્યોરન્સ નામની બે વિદેશી કંપનીઓ આ નવી કંપનીમાં ભાગીદાર છે. સિંગાપોરની સરકાર અને બીજી કેટલીક બહુપક્ષીય સંસ્થાઓ પણ આ નવી કંપનીમાં નાણાં રોકે એવી સંભાવના છે. નેધરલેન્ડ્ઝની ફ્રેડરિક આર. હેરિસ નામની કંપનીએ પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તારના ટ્રાફિકનો અભ્યાસ કર્યો છે.

ગુજરાત સરકારે અને તામિલનાડુ સરકારે પોતાનાં રાજ્યોમાં નિકાસ પ્રક્રિયા વિસ્તાર (એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન-ઈપીઝેડ) ઊભા કરવા માટે કેન્દ્ર સરકારને ઓફર કરી હતી. આ માટે ગુજરાત સરકારે ખૂબ મોટા વિસ્તારની ઓફર કરી હતી એટલે વિશિષ્ટ આર્થિક વિસ્તાર સ્થાપવા માટે ગુજરાતની અને તેમાંય પોશિત્રાની પસંદગી કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયે કરી છે. સરકાર વિશિષ્ટ આર્થિક વિસ્તારમાંની ઉત્પાદન કરનારી કંપનીઓને તેમનું ૫૦ ટકા ઉત્પાદન જકાત ભર્યા બાદ ભારતમાં વેચવા દે એવી શક્યતા છે. બાકીના ઉત્પાદનની નિકાસ થશે. આ વિસ્તારમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણ (ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ - એફડીઆઈ)ને પણ મંજૂરી અપાશે. જો આવી મંજૂરી અપાશે તો તેવા એકમોએ તેમનું બધું ઉત્પાદન નિકાસ કરવાનું રહે એવી શરત મૂકવાની શક્યતાનો નિર્દેશ વાણિજ્ય પ્રધાને કર્યો હતો. આ ઉપરાંત, એવી પણ શક્યતાઓ છે કે વિશિષ્ટ આર્થિક વિસ્તારોને કરવેરામાં પણ માફી આપવામાં આવે. કેન્દ્ર સરકારનું નાણાં મંત્રાલય વાણિજ્ય મંત્રાલય સાથે વિચાર-વિમર્શ કરીને આ અંગે નિર્ણય લે એવી શક્યતાઓ છે. કેન્દ્ર સરકારનો અને કંપનીનો ઈરાદો એ છે કે પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તારને શેન્ઝેન, શિન્ટોઉ, તિન્જિયાંગ, જેબેલ અલી અને તાઈવાન જેવા વિસ્તારોની સાથે સ્પર્ધા કરી શકે તેવો વિસ્તાર બનાવવો. કેન્દ્ર સરકાર એવી પણ મંશા ધરાવે છે કે દેશમાં હાલ જે ચાર નિકાસ પ્રક્રિયા વિસ્તારો છે તેમને પણ ભવિષ્યમાં વિશિષ્ટ આર્થિક વિસ્તાર બનાવી દેવા. જો એમ થાય તો કંડલાનો નિકાસ પ્રક્રિયા વિસ્તાર પણ વિશિષ્ટ એ અર્થમાં ગુજરાતનો અને ભારતનો પ્રથમ વિશિષ્ટ આર્થિક વિસ્તાર બનશે.

**પ્રશ્નો**

પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તારની સ્થાપનાને પરિણામે જે પ્રશ્નો ઊભા થયા છે તેમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન જમીનનો છે. કંપનીના કામ માટે ગુજરાત સરકારે જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ કરી છે. આ

જમીન સંપાદન માટે કંપનીએ સ્થાનિક જમીન માલિકોને એકર દીઠ રૂ. ૪૦૦૦થી રૂ. ૮૦૦૦ના ભાવે જમીન સુપરત કરી દેવાની નોટિસ આપી છે. આ જ જમીન પછીથી એટલે કે વિસ્તારના માળખાગત વિકાસ પછી ખૂબ જ ઊંચી કિંમતે ખાનગી કંપનીઓને તેમના ધંધા માટે વેચાશે એ હકીકત છે. આમ, ગુજરાત સરકાર એક ખાનગી કંપની માટે લોકોની જમીનનું સંપાદન કરી રહી છે.

સરકારી અને ખાનગી રાહે એમ જણાવવામાં આવે છે કે જે જમીનમાં આ પરિયોજના આકાર લઈ રહી છે તે જમીન ખરાબાની અને ક્ષારવાળી છે. જ્યારે હકીકત એ છે કે ખેડૂતો ઓછા વરસાદવાળી આ જમીનમાં પણ ખેતી કરે છે અને તેમનો જીવનનિર્વાહ ચલાવે છે. તેમની રોજી સંપૂર્ણપણે ખેતી પર આધારિત છે. સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં લોકો રોજી માટે જેમ સ્થળાંતર કરે છે તેમ આ વિસ્તારના લોકોને સ્થળાંતર કરવાની જરૂર પડતી નથી. એટલું જ નહિ, પણ દુકાળના સમયમાં ઘણી વાર કલ્યાણપુર તાલુકાના લોકો રોજીરોટીની શોધમાં આ વિસ્તારમાં આવે છે. એનાથી એક બાબત એ સાબિત થાય છે કે આ વિસ્તારની જમીન જેટલી મનાવવામાં આવે છે તેટલી બિનઉપજાઉ તો નથી જ. આ વિસ્તારમાં વાઘેર સમુદાયના લોકો વસે છે અને તેમાંના આશરે ૯૮ ટકા લોકોએ આ વિસ્તારની બહાર પગ સુદ્ધાં મૂક્યો નથી. ઓખામંડળનો વિસ્તાર એ જ તેમની દુનિયા છે.

**પોશિત્રા બંદરના ખર્ચનો અંદાજ**

પોશિત્રામાં બંદર વિકાસ માટે શરૂઆતમાં આશરે ૫૦ ચો.કિ.મી. વિસ્તારને પ્રથમ તબક્કામાં આવરી લેવાશે. આ પ્રથમ તબક્કો ૨૦૦૫ સુધીમાં પૂર્મ થવાની અપેક્ષા છે. તેમાં આશરે રૂ. ૫૬૫૨ કરોડના ખર્ચનો અંદાજ છે. આ ખર્ચની વિગતો નીચે મુજબ છે:

| ખર્ચની વિગત | | રૂ. કરોડ | ટકા |
|---|---|---|---|
| ૧. | જગ્યાનો વિકાસ | ૫૦૫ | ૮.૯ |
| ૨. | બાંધકામ | ૧૬૩૩ | ૨૮.૯ |
| ૩. | સાધન સામગ્રી | ૧૬૬૭ | ૨૯.૫ |
| ૪. | ફર્નિચર અને ફિક્સ્ચર | ૮૯ | ૧.૬ |
| ૫. | ખર્ચમાં વધારો | ૪૪૩ | ૭.૯ |
| ૬. | જમીન સંપાદન તથા પુનર્વસન અને પુનર્સ્થાપન | ૩૫૦ | ૬.૨ |
| ૭. | કન્સલ્ટન્સી અને માસ્ટર પ્લાન | ૧૫૬ | ૨.૮ |
| ૮. | પ્રાથમિક ખર્ચ | ૧૩૮ | ૨.૬ |
| ૯. | બાંધકામ દરમ્યાનનું વ્યાજ | ૬૭૦ | ૧૧.૯ |
| **કુલ** | | **૫૬૫૨** | **૧૦૦.૦** |

આ નાણાં ક્યાંથી આવશે અને એના વિશે પણ આયોજન થયું છે. તેના અંદાજો નીચે મુજબ છે:

| નાણાંનો સ્રોત | રૂ. કરોડ | ટકા |
|---|---|---|
| ૧. ઈક્વીટી શેર મૂડી | ૧૨૭૨ | ૨૨.૫ |
| ૨. લાંબા ગાળાનું દેવું | ૩૧૮૧ | ૫૬.૩ |
| ૩. લીઝ થાપણ | ૧૧૯૯ | ૨૧.૨ |
| **કુલ** | **૫૬૫૨** | **૧૦.૦** |

જો કે, આ બંદરનું કુલ ખર્ચ રૂ. ૧૦,૦૦૦ કરોડનું અંદાજવામાં આવ્યું છે. આરંભમાં ૫૦ ચો.કિ.મી.નો વિસ્તાર વિકસાવાશે એમ કહેવાય છે. પણ કુલ વિસ્તાર પછીથી ૧૦૦ ચો.કિ.મી.નો થવાની ધારણા છે. ગુજરાત સરકારે ૮૮૦ હેક્ટર જમીન તો આપી દીધી છે. જો કે, કંપનીના પોતાના જણાવ્યા અનુસાર કુલ ૨૦૦ ચો.કિ.મી.ના વિસ્તારમાં પોશિત્રા વિશિષ્ટ આર્થિક વિસ્તાર રચાવાનો છે અને તેમાંનો મોટા ભાગનો વિસ્તાર દરિયાકિનારાનો છે.

## પોશિત્રા બંદર અંગે સ્થાનિક લોકો શું કહે છે?

**નરસીભાઈ મોદી** (કલ્યાણપુર)
બે માસ પહેલાં જ ખબર પડી કે જમીન જવાની છે. તેમને ઓગસ્ટ - ૨૦૦૦માં ડેપ્યુટી કલેક્ટરની જમીન સંપાદન માટેની નોટિસ મળી. પોશિત્રા બંદર અંગે તેમને કશી જ ખબર નહોતી. અચાનક મળેલી આ નોટિસથી તેમને ખૂબ જ આઘાત લાગ્યો. તેઓ કહે છે કે, "લોકશાહીમાં આવું કેવું? પરાણે જમીન પડાવી લેવાની? અમારી જાતમાં મર્યાદા હોવા છતાં સ્ત્રીઓ બહાર લડવા નીકળી પડી છે. અમને ખાવાનું નથી ભાવતું. જમીન જવાની વાત સાંભળીને લોકોની ઊંઘ ઊડી ગઈ છે."

**રમેશ મથુરદાસ ઠક્કર** (કલ્યાણપુર)
૨૮ વર્ષના અને ખેતીનો ધંધો કરતા રમેશભાઈ પાસે ખેતીની ૩૫ એકર જમીન છે. તેમાં ૧૭ એકર પિયત જમીન છે. તેઓ તદ્દન નિરક્ષર છે. તેઓ કહે છે કે, "બંદર બનાવવા દઈ અમારે ક્યાં જવું? વળતરના પૈસાનું કાંઈ ના આવે. પૈસા હાટે જમીન થોડી કંઈ દેવાય?" તેઓ કલેક્ટરને મળવા જામનગરમાં ગયેલા. કલેક્ટરે એકરદીઠ રૂ. ૬૦૦૦નો ભાવ નક્કી કર્યો છે. "સરકાર લાખ રૂપિયા આપે તો પણ જમીન નથી દેવી, ખપી જઈશું પણ જમીન નહીં દઈએ."

**ભાઈલાલ હંસરાજભાઈ** (કલ્યાણપુર)
સાત ધોરણ સુધી અભ્યાસ કરનારા ૩૪ વર્ષનાં ભાઈલાલભાઈ પાસે નવ એકર જમીન છે. બધી જ જમીન પિયત છે. તેઓ કપાસ અને મગફળી પકવે છે. ત્રણ ભાઈઓના ૧૮ વ્યક્તિઓના કુટુંબનું ભરણપોષણ આ જ જમીન પરથી થાય છે અને છતાં બચત પણ થાય છે. તેમને જમીનના બદલામાં નોકરી જોઈતી નથી. તેઓ કહે છે, "અમારો વિસ્તાર ખાનગી પરદેશી વિસ્તાર બની જાય અને અમારી જમીન પર અમને જ પ્રવેશ ના મળે? અમારે કોઈ પણ ભોગે જમીન દેવી નથી."

**ગજુભા વજાભા** (ધ્રાસણવેલ)
તેમની પાસે ૨૪ એકર પિયત જમીન છે. તેઓ બાજરી, જુવાર, કપાસ, મરચાં પકવે છે. તેઓ કહે છે, "બંદર થાય તો ખેડૂતોનું શું? અમારે તો ખેતી જ આધાર છે. ખેતી જાય તો ગેરફાયદો જ કહેવાય ને? સરકાર પોલિસ મોકલે તો પણ શું? અહીં આખું ઓખામંડળ એક થઈ લડવા તૈયાર છે. વળતર લઈ કેટલું ચાલે? જમીને તો પેઢીઓ તારી અને બીજી તારશે. વળતર એકાદ પેઢીમાં જ ખલાસ થઈ જાય. ભલભલા દુકાળમાં પણ પ્રજા ઓખામંડળ છોડી બહાર ગઈ નથી. અને અમારે બંદર માટે ઓખા છોડવાનું?"

**લક્ષ્મીદાસ ગોવિંદજી ઠક્કર** (ધ્રાસણવેલ)
તેઓ કહે છે કે, "અમે ભણેલા છીએ તો પણ છ માસ પહેલાં જ ખબર પડી કે જમીન જવાની છે. અમારી જમીન બચાવવા અમારે જ લડવું પડશે. ગ્રામ સભાઓ ભરી સમિતિઓ બનાવવી છે. આગેવાની અમારા જ હાથમાં છે."

**ધાંધાભા અરજણભા માણેક** (મુળવાસર)
ધાંધાભાને જમીન આપવા સમજાવવા માટે વિસ્તારના ધારાસભ્ય ગયા હતા પણ ધાંધાભા સહિત આખા ગામે જમીન આપવાની ના પાડી દીધી. તેઓ કહે છે કે, "જીવ આપીશું પણ જમીન નહીં. જમીન તો માનું પેટ છે. અમને બાળકની જેમ એ પોષે છે. જુગારી પણ માને દાવ પર ના મૂકે."

**ઝખરાભા લાલાભા કેર** (ગોરિયારી)
તેઓ તાલુકા પંચાયતના સભ્ય છે. તેમની જમીન પાંચ એકર પિયત છે. તેઓ કોઈ પણ ભોગે તેમની જમીન આપવા માટે તૈયાર નથી. "ગોળીઓ ઝીલીને પણ બધા મેદાનમાં કૂદી પડશે."

આ પરિયોજનાથી જો હવે તેમનું સ્થળાંતર થાય તો તે તેમના જીવનનું પહેલું સ્થળાંતર હશે. આમ, તેઓ તેમની ધરતી પરથી ઉખડી જશે.

એક મહત્ત્વનો મુદ્દો એ છે કે વિશિષ્ટ આર્થિક વિસ્તારને બેંકિંગ કામગીરી અને મજૂરો અંગેના કાયદાઓ સિવાયના તમામ કાયદાઓમાંથી મુક્તિ અપાશે. જો કે, એમ જણાવાય છે કે શ્રમિકોના વિવાદો ઉકેલવા માટે વિશિષ્ટ આર્થિક વિસ્તારમાં એક નવી જ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. તેમાં વિવાદોનો ઝડપથી ઉકેલ આવે તેવી વ્યવસ્થા હશે. પરંતુ એવી શક્યતાઓ છે કે થોડા સમય બાદ વિશિષ્ટ આર્થિક વિસ્તારને તમામ મજૂર કાયદાઓમાંથી મુક્તિ આપી દેવામાં આવે. આવી મુક્તિ માટેની માગણી ભારતના નિકાસકારોનું મહામંડળ કરી રહ્યું છે.

### લોકોનો અવાજ

આરંભમાં બે-ત્રણ માસ સુધી સ્થાનિક લોકો એમ જ માનતા હતા કે એમની જમીન કોઈ ખરીદી શકશે નહિ. દરમ્યાન કેટલાક વચેટિયાઓ, રાજકીય નેતાઓ અને સમૃદ્ધ લોકો દ્વારા કેટલીક જમીન વેચાઈ ગઈ.

**જુઓ પૃષ્ઠ ૨૮**

# સાંપ્રત પ્રવાહ

## વિકાસલક્ષી આલેખનો માટે 'ચરખા' દ્વારા પુરસ્કારો એનાયત થયા

'ચરખા' દ્વારા તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ અમદાવાદ ખાતે લેખન સ્પર્ધા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં મહિલા સામાજિક કાર્યકરોને તેમનાં શ્રેષ્ઠ વિકાસલક્ષી આલેખનો માટે રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા. 'ચરખા' દ્વારા દર વર્ષે સ્વૈચ્છિક સંસ્થાઓના સામાજિક કાર્યકરો માટે વિકાસલક્ષી મુદ્દાઓ વિશે લેખન સ્પર્ધા યોજવામાં આવે છે. સામાજિક કાર્યકરોને પોતાના વિકાસ કાર્યોના અનુભવો વિશે નિયમિત રીતે લખવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી આ સ્પર્ધા યોજાય છે. આ વર્ષે માત્ર મહિલા સામાજિક કાર્યકરો માટે જ આ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ગુજરાતની ૨૩ સ્વૈચ્છિક સંસ્થાઓના ૪૫ મહિલા સામાજિક કાર્યકરોએ ભાગ લીધો હતો. તેમાંથી નીચેના પ્રથમ પાંચ વિજેતાઓનું રોકડ પુરસ્કારો આપીને સન્માન કરવામાં આવ્યું હતું:

| | |
|---|---|
| પ્રથમ | - ભારતીબહેન આહિર, કચ્છ મહિલા વિકાસ સંગઠન, ભુજ-કચ્છ. |
| દ્વિતીય | - જયશ્રીબહેન લાડ, સેવા રૂરલ, ઝઘડિયા, ભરૂચ. |
| તૃતીય | - મંગુબહેન ખરાડી, આનંદી, દેવગઢ બારિયા, પંચમહાલ. |
| ચોથા | - શકુંતલાબહેન વળવી, કાનૂની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર, સુરત. |
| પાંચમા | - લક્ષ્મીબહેન ચારણ, મહિલા સામખ્ય, પંચમહાલ. |

'ચરખા' દર વર્ષે સૌથી વધુ વિકાસલક્ષી લેખો તૈયાર કરીને મોકલનાર સામાજિક કાર્યકરને વિશેષ પુરસ્કારથી સન્માનવામાં આવે છે. આ વર્ષે 'કચ્છ મહિલા વિકાસ સંગઠન'ની ઉજાસ ટીમનાં શ્રી કમળાબહેન ગુંસાઈને આ સન્માન પ્રાપ્ત થયું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે જાણીતા પત્રકાર-સાહિત્યકાર શ્રી યશવંત મહેતા, પત્રકારશ્રી બેલા ઠાકર અને શ્રી અનિતા જતકરે સેવાઓ પૂરી પાડી હતી.

કાર્યક્રમમાં જાણીતાં લેખિકા-સામાજિક કાર્યકર શ્રી વસુબહેન ભટ્ટ, ડેવલપમેન્ટ સ્પોર્ટ સેન્ટરના ચેરમેનશ્રી અનિલ શાહ, દિલ્હી સ્થિત 'પ્રિયા' સંસ્થાના પ્રમુખશ્રી રાજેશ ટંડન, સુપ્રસિદ્ધ કર્મશીલ-પત્રકારશ્રી ઇન્દુકુમાર જાની, 'અનસૂયા'નાં તંત્રીશ્રી જયન્તિકાબહેન જયંતભાઈ અને 'ઉત્થાન'ના નિયામકશ્રી નફિસા બારોટના વરદ હસ્તે પુરસ્કારો એનાયત થયા હતા. 'ચરખા' દ્વારા 'ગુજરાતમાં વિકાસ ક્ષેત્રે લોકપ્રયાસો'



શ્રેણી અંતર્ગત તૈયાર થયેલા 'પાણી' પુસ્તકનું શ્રી અનિલ શાહના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

શ્રી રાજેશ ટંડને 'નાગરિક સમાજના સશક્તિકરણમાં સમૂહ માધ્યમોની ભૂમિકા' અંગે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. તેમાં તેમણે સકારાત્મક વિકાસલક્ષી આલેખન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. વિજેતા મહિલા સામાજિક કાર્યકરોએ પોતાના કાર્યક્ષેત્રમાં થઈ રહેલા વિકાસલક્ષી પ્રયાસોની માહિતી આપી હતી. 'ચરખા'ના એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી શ્રી બિનોય આચાર્યે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## દલિતોની સમસ્યાઓ: એક પરિસંવાદ

'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' દ્વારા 'ઇન્ડિયન સોશ્યલ ઇન્સ્ટિટ્યુટ' (નવી દિલ્લી)ના સહયોગ સાથે તા. ૩૧મી ઓક્ટોબર ૨૦૦૦ અને તા. ૧ નવેમ્બર ૨૦૦૦ના રોજ 'સહસ્રાબ્દીમાં દલિતોઃ સમસ્યાઓ અને શક્યતાઓ' વિષય પર એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

આ બે દિવસીય પરિસંવાદમાં દલિત કર્મશીલો, બહેનો, ભાઈઓ અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની રૂપરેખા અનુસાર દરેક સેશનમાં આમંત્રિત વક્તાઓએ તેઓને આપેલ વિષયને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ વક્તવ્યો ચિંતનાત્મક અને મનનીય હતાં. દરેક વક્તવ્યને અંતે ચર્ચા રાખવામાં આવી હતી. તેમાં પરિસંવાદમાં આવેલ દરેક વ્યક્તિ પોતાનાં અભિપ્રાયો, મંતવ્યો અને સૂચનો આપી શકે. આ પરિસંવાદમાં કુલ ૧૨૫ જેટલાં દલિત બહેનો અને ભાઈઓએ

ભાગ લીધો હતો.

પરિસંવાદની શરૂઆત કરતાં પહેલાં બિહેવિયરલ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટરે આમંત્રિત મહેમાનો અને પરિસંવાદમાં ભાગ લેનારાનું સ્વાગત કર્યું હતું. તેમણે આ પરિસંવાદનો હેતુ સ્પષ્ટ કર્યો હતો અને ઇન્ડિયન સોશ્યલ ઇન્સ્ટિટ્યુટે જે આ અવસર પૂરો પાડ્યો હતો તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ પરિસંવાદના પ્રમુખ સ્થાનેથી શ્રી ગિરીશભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં દલિતોને અસર કરતી સમસ્યાઓ, શિક્ષણમાં અસ્પૃશ્યતા, પચાસ વર્ષમાં દલિતોની પરિસ્થિતિમાં કોઈ સુધારો આવ્યો નથી, નોકરીઓમાં દલિતોને થતો અન્યાય જેવા વિષયોને આવરી લીધા હતા. એમના વક્તવ્યમાં મુખ્ય બાબત એ હતી કે માનવ અધિકારોનું ઉલ્લંઘન કેવી રીતે થાય છે. બંધારણમાં દલિત, આદિવાસી અને સ્ત્રીઓ માટે કાયદા ઘડ્યા છે, છતાં આ કાયદાઓનો છડેચોક ઉલ્લંઘન થાય છે અને દિન-પ્રતિદિન દલિત, આદિવાસી અને સ્ત્રીઓ સાથે અન્યાય, અત્યાચારનું પ્રમાણ વધી રહ્યું છે. આ અંગેના દાખલાઓ, આંકડાકીય માહિતી દ્વારા દલિતોની પરિસ્થિતિ ચિંતાજનક ગણાવી હતી.

ત્યાર બાદ શ્રી માર્ટિન મેકવાને 'દલિતો અને રાજ્યનું રાજકારણ' વિષે પોતાનાં વિચારો રજૂ કર્યા હતા. આ વિષયવસ્તુમાં મુખ્ય બાબત એ હતી કે હાલમાં રાજકીય પ્રવાહમાં નેતાઓ અને અધિકારીઓનું વર્તન દલિતો પ્રત્યે એવું રહેલું છે કે, તમે અમારાં રક્ષણ નીચે છો, ત્યારે દલિતોની કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમની મરજી મુજબ મળે, દલિતોએ ક્યારે શું બોલવું અને ન બોલવું તે પણ બીજા નક્કી કરે છે.

રાષ્ટ્રીય પ્રક્રિયામાં વિચારસરણીનું ઘડતર ઘણું મહત્ત્વ ધરાવે છે. દલિતોની સમસ્યાઓને રાજકીય રંગ આપી દેવામાં આવે છે. તેને કારણે બીજા તેનો લાભ લઈ જાય છે. જ્યારે દલિતોએ તો આખરે શોષણ જ વેઠવાનું આવે છે. દલિતોએ દલિતપણાની સંકુચિત વ્યાખ્યામાંથી બહાર આવવું જોઈએ. દલિત એ કોઈ જાતિ કે સમૂહની ઓળખ નથી. તે એક નૈતિક સ્થાન છે. શોષિત થનાર અન્યાય સામે લડવાની, શોષણ વિરુદ્ધની લડાઈમાં સામેલ દરેક વ્યક્તિ દલિત છે. અલગપણું સમાજ માટે નુકસાનકારક છે.

પંચાયતી રાજના સંદર્ભમાં પણ જોઈ શકાય છે કે ગામોમાં દલિત સરપંચ ઊભા થયા છે, અધિકારો મેળવ્યા છે. પરંતુ અવિશ્વાસની દરખાસ્ત એ દલિત સરપંચો સામેનો મોટો પ્રશ્ન છે. આ ચર્ચામાં એવું



બહાર આવ્યું હતું કે દલિતોની જે આંતરિક વ્યવસ્થા છે તે 'દલિત' શબ્દ પોતે જ દર્શાવે છે. દલિતો ભારતીય સમાજ વ્યવસ્થાનો એક ભાગ છે અને તે જ રીતની ગોઠવણ છે. તેમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. પરંતુ આપણે આપણામાંના મતભેદો દૂર કરવાના છે.

ત્યાર બાદ શ્રી ઇન્દુકુમાર જાનીએ 'દલિતો અને કટ્ટરતાવાદ' વિષેના પોતાના વિચારો જણાવ્યા હતા. તેમણે કટ્ટરતાવાદ કોને કહીએ છીએ, ક્યા સ્વરૂપે કટ્ટરતાવાદ આવી રહ્યો છે તે વિષે જણાવ્યું હતું.

'દલિતો અને કટ્ટરતાવાદ'ની ચર્ચા દરમિયાન એ બહાર આવ્યું હતું કે કટ્ટરતાવાદ હિન્દુ સંસ્કૃતિની નીપજ છે. તેમની પાસે સત્તા, સંગઠન અને નાણાં શક્તિ છે. દલિતોએ કટ્ટરતાવાદ સામે માથું ઊંચકવા આંતરિક જાતિના ભેદભાવો ભૂલી જઈને એક થવું પડશે. દલિતોએ કટ્ટરતાવાદનો સામનો દરેક ક્ષેત્રમાં કરવો પડે છે. શિક્ષણ, કે નોકરી મેળવવામાં દલિતોને શોષવાનું આવે છે. દલિતોમાં કટ્ટરતાવાદની અસર ક્યાં ક્યાં થઈ છે તે જાણવું જરૂરી છે. જો

તેની સંપૂર્ણ માહિતી મેળવી શકીએ તો જ આપણા નવા વિચારો તેમાં ઉમેરી કંઈક કરી શકીએ. કટ્ટરતાવાદ એટલે સામો માણસ ખોટો છે તેવું સાબિત કરવાનું ઝનૂન. લોકોમાં રહેલી સહકારની ભાવના, લોક સંગઠન, મહિલા સંગઠનમાં જાગૃતિ લાવવામાં આવે તો ઘણું બધું પરિવર્તન કરી શકાય.

બીજા દિવસની શરૂઆતમાં શ્રી વિજય પરમારે 'દલિતો અને જીવન નિર્વાહના પ્રશ્નો' ઉપર પોતાના અનુભવો આધારિત વિચારો રજૂ કર્યા હતા. દલિતોના જીવન નિર્વાહના પ્રશ્નોમાં મુખ્ય જમીન, મૂડી અને આવડત છે. દલિતોનો અંકુશ આ ત્રણે સાધનો ઉપર નહિવત્ છે. આ ત્રણે સાધનો પ્રાપ્ત કરવા નડતાં પરિબળો જેવાં કે સરકાર, સરકાર દ્વારા ઊભી કરવામાં આવેલી નાણાકીય સંસ્થાઓ છે. દા.ત. સરકાર દ્વારા જમીન ટોચમર્યાદા હેઠળ હરિજન વિકાસ પરિષદને સરકારી જમીન આપવામાં આવી છે. પછાત વર્ગની મંડળીઓને મળે છે. પરંતુ આ જમીનના માલિકો હજુ સુધી તેમની જમીનો ઉપર જઈ શક્યા નથી. ગામના લોકો પોતાની જમીન ઉપર અંકુશ ન હોવાથી તે ખેડી શકતા નથી.

જમીન ઉપર થોડો પણ અંકુશ હોવો જરૂરી છે. તે માટે સામૂહિક રીતે કંઈક જવું જોઈએ. એ જ રીતે મૂડી માળખું ઊભું ન થાય તો જાહેર નાણાં પર અંકુશ મેળવી શકાતો નથી. દલિતો પોતાનું મૂડીમાળખું ઊભું કરે તો તેનો વહીવટ પણ દલિતો જ કરે, લોન પણ ઝડપથી મળે અને અન્ય જાહેર નાણાં પર અંકુશ લાવવામાં મદદરૂપ થઈ શકે. આમાંથી મુખ્ય બાબત એ બહાર આવી કે હવે પછીના સમયમાં દલિતોએ રોજગારીની તકોને ઓળખતાં થવું પડશે. ધાર્મિક વિચારસરણી બાજુમાં મૂકીને સરકાર સામે ભારપૂર્વક લડવાની જરૂર છે. તેમાં શિક્ષણ અને અનામત મુખ્ય છે. જ્યારે જમીનો ઉપરના અંકુશ માટે નીતિવિષયક બાબતો પર લડવાની જરૂર છે.

ત્યાર બાદ 'દલિત સ્ત્રીઓ' વિષય ઉપર પૂરીબેન સિંધન, જ્યોત્સનાબેન મેકવાન અને જડીબેને દલિત સ્ત્રીઓની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય પરિસ્થિતિ વિષે વિસ્તૃત રીતે વિચારો રજૂ કયા હતા. આ બધાં ક્ષેત્રોમાં દલિત સ્ત્રીએ એક સ્ત્રી તરીકે અને તે ઉપરાંત એક દલિત તરીકે કેવી રીતે અસમાન વિચારસરણીનો ભોગ બનવું પડે છે તે ઉપર અનુભવના આધારે પ્રકાશ પાડ્યો હતો. આર્થિક પરિસ્થિતિમાં સ્ત્રીઓને અસમાન વેતનની ચુકવણી, નોકરી સાથે ઘરની જવાબદારી અને મિલકતમાં કોઈ હક્ક નથી. એ જ રીતે સામાજિક વ્યવસ્થાનો ભોગ વધારે સ્ત્રીઓએ જ બનવું પડે છે. રાજકારણમાં સ્ત્રી અનામત ૩૩ ટકા છે પરંતુ પંચાયતી રાજમાં સ્ત્રીઓની પાસે પૂરતી સત્તા આવી નથી.

આ ચર્ચા બાદ 'ગુજરાતમાં દલિત ચળવળો : ઐતિહાસિક વિહંગાલોકન, ભવિષ્યના પડકારો' ઉપર શ્રી નીતિન ગુર્જરે પોતાના ચળવળ દરમિયાન થયેલા અનુભવો અને ૧૯૨૦થી ૧૯૯૦ સુધીના સમયગાળાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં ચળવળોનો ઉદ્ભવ કેવી રીતે થયો તેનાં સ્વરૂપો કયાં હતાં. તેનાં પરિણામો અને હાલમાં જે ચળવળ થાય છે તેનાં સ્વરૂપો અને તે શા માટે ટકી શકતી નથી તે વિષેની ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જે

### માનવ અધિકાર ક્ષેત્રનો પ્રતિષ્ઠિત રોબર્ડ એફ. કેનેડી એવોર્ડ માર્ટિન મેકવાનને એનાયત થયો



અમેરિકાના રોબર્ડ એફ. કેનેડી મેમોરિયલ સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ દ્વારા પ્રતિ વર્ષ જાહેર થતા એવોર્ડ માટે નવસર્જન ટ્રસ્ટ, અમદાવાદના ડિરેક્ટરશ્રી માર્ટિન મેકવાનની પસંદગી થઈ છે. ત્રીસ હજાર ડોલરની રોકડ ધરરાશિ ધરાવતો આ એવોર્ડ જીવનું જોખમ ખેડીને માનવ અધિકારોના રક્ષણ તથા અત્યાચારોના વિરોધ માટે ઝઝૂમતા કર્મશીલને આપવામાં આવે છે. એવોર્ડમાં રોકડ રકમ ઉપરાંત આગામી એક વર્ષ સુધી એવોર્ડ વિજેતાની પ્રવૃત્તિને રોબર્ડ એફ. કેનેડી મેમોરિયલ તરફથી મજબૂત ટેકો પૂરો પાડવામાં આવે છે.

૧૯૮૯માં નવસર્જનની સ્થાપના કરનાર માર્ટિન મેકવાન ગુજરાતમાં દલિતોના અધિકારો માટે અદાલતમાં અને અદાલતની બહાર સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. ગુજરાતનાં બે હજાર ગામોમાં કાર્યકરો ધરાવતા 'નવસર્જન' દ્વારા માર્ટિન મેકવાન - માથે મેલું ઉપાડવાની સમસ્યા, જમીનવિહોણા ખેતમજૂરોની હાલાકી અને સ્ત્રીઓના બેવડા શોષણ જેવા ગંભીર મુદ્દા પર જોરદાર લડત આપી રહ્યા છે. નેશનલ કેમ્પેઈન ફોર દલિત હ્યુમન રાઈટ્સના કન્વિનરપદે રહેલા શ્રી મેકવાન સંયુક્ત રાષ્ટ્ર સંઘની વર્લ્ડ કોન્ફરન્સમાં પણ દલિતોને થતા અત્યાચારના મુદ્દે લોકમત કેળવી રહ્યા છે. તેમની આ પ્રવૃત્તિઓને પ્રમાણતા રોબર્ટ એફ. કેનેડી મેમોરિયલનો એવોર્ડ સમારંભ ૨૧ નવેમ્બર, ૨૦૦૦ના રોજ વોશિંગ્ટન ડી.સી.માં યોજાયો હતો.

દલિત ચળવળો થઈ તેને આંદોલનની રીતે ન લઈ શકાય. ચળવળ વૈચારિક-ચિંતનપૂર્વક હોય છે અને તેનું પરિણામ ભવિષ્યમાં મેળવી શકાય છે. ગુજરાતની એક કમનસીબી એ છે કે સામેથી ક્યારેય ચળવળ ચાલુ થઈ નથી. પણ પડકારો આવ્યા પછીથી જ ચાલુ થઈ છે.

આ સેશનના અંતે સમાજકલ્યાણ નિયામકે સમાજકલ્યાણ ખાતાની દલિતો માટેની જે નાણાકીય જોગવાઈઓ છે તેના વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

પરિસંવાદના અંત ભાગમાં બે દિવસના પરિસંવાદ દરમ્યાન અપાયેલ વક્તવ્ય, થયેલ ચર્ચા-વિચારણા અને અપાયેલ સૂચનોને ધ્યાનમાં લઈને નીકળતા સારાંશની ચર્ચા કરવામાં આવી. તેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

૧. નવી વિચારસરણી ઊભી કરવી: જે વિચારસરણી આપણી પોતાની હોય તેમ જ આપણી અસ્મિતા હોય. તેને આધારે દલિતોમાં એકતા સ્થાપી શકાય. હાલની જે વિચારધારા છે તેનાથી વિરુદ્ધ એટલે કે 'પ્રતિ વિચારધારાનું નિર્માણ' કરવું જે ધાર્મિક, લૈંગિક અને જાતીય કટ્ટરતાવાદ તેમ જ ભેદભાવથી પર હોય.
૨. શિક્ષણ: તેમાં પ્રાથમિક શિક્ષણ તેમ જ ઉચ્ચ શિક્ષણનો સમાવેશ થાય છે. આ શિક્ષણ ગુણવત્તાવાળું અને મૂલ્ય આધારિત બને તે જરૂરનું છે.
૩. સરકારી નીતિઓ સામે ઝઝૂમવું: આ નીતિઓમાં અનામત, કુદરતી સંસાધનો પર અંકુશ તથા શિક્ષણનો સમાવેશ થઈ શકે.
૪. નવી આજીવિકાની તકો ઊભી કરવી.
૫. મુદ્દા આધારિત ચળવળો ઊભી કરવી, તેને જીવંત રાખવી અને તેને દિશા આપવી. રોજબરોજના જીવનમાં જે બધી બાબતોમાં અન્યાય થાય છે તેની સામે લડત આપવી. તેમાં શિક્ષણ, આરોગ્ય, પાણી, અસ્પૃશ્યતા વગેરેનો સમાવેશ થાય છે.
૬. લોકોને સંગઠિત કરવા અને કાર્યકરોમાં નેતૃત્વના ગુણ વિકસાવવા.
૭. વિચારધારાના ઘડતરમાં બહેનોના દૃષ્ટિકોણનો સમાવિષ્ટ કરવો તથા લોક સંગઠન અને કાર્યકરોની મદદ લઈને આગળ વધવું.

પરિસંવાદના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે એક કમિટીની રચના કરવામાં આવે અને તે આ મુદ્દાઓને આગળ વ્યવસ્થિત રીતે વધારે તો ઘણું સારું કાર્ય કરી શકશે.

## શ્રદ્ધાંજલિ



૨ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ એક રેલીમાં ભાગ લેતી વખતે હૃદય રોગના હુમલાથી શ્રીમતી સરોજબહેનનું દુઃખદ અવસાન થયું. દ્વારકાના ઓખામંડળ તાલુકામાં પોશિત્રા બંદર ખાતે વિશિષ્ટ આર્થિક વિસ્તાર પરિયોજનાના વિરોધમાં સ્થાનિક લોકોની ચિંતાઓ વ્યક્ત કરવા આ રેલી યોજવામાં આવી હતી. સરોજબહેન પોતાના પતિ સામાજિક કાર્યકર શ્રી ડી. એસ. કેરને તેમનાં કાર્યમાં છેલ્લાં ત્રણ દાયકાથી ઘરનો તમામ કાર્યભાર સંભાળીને ટેકો આપી રહ્યાં હતાં. છ મહિના અગાઉ જ તેમણે વિસ્થાપન સામે લડતા સ્થાનિક લોકો સાથે સક્રિયપણે કામ કરવાનું નક્કી કર્યું હતું. જનહિતનું કામ કરતી વખતે જ તેમની જિંદગીનો અંત આવ્યો. શ્રીમતી સરોજબહેને જનહિતનું કામ કરવાની શરૂઆત કરી ત્યારે જ તેઓ સ્વર્ગવાસી બન્યાં તેનાંથી અમે ઊંડો ખેદ અનુભવીએ છીએ. તેઓ આપણા સૌને માટે એક સંદેશો છોડતા ગયાં છે. અમને આશા છે કે ગરીબ લોકોના અધિકારોનો અવાજ ઉઠાવવામાં તમામ આમ મહિલાઓને તેઓ પ્રેરણા આપતા રહેશે.

## દલિતોના હામી શ્રી વસંતલાલ ચૌહાણને ભાનુભાઈ અધ્વર્યુ એવોર્ડ અર્પણ

સ્વૈચ્છિક સંસ્થાઓના સંગઠન 'જનપથ' તથા 'નયા માર્ગ' સામયિક દ્વારા વર્ષ ૨૦૦૦નો ભાનુભાઈ અધ્વર્યુ એવોર્ડ અર્પણ સમારંભ તા.૧૭મી ડિસેમ્બરે અમદાવાદમાં યોજાઈ ગયો. લગભગ પાંચ દાયકા સુધી વ્યાયામ, શિક્ષણ અને વિચાર ઘડતરની પ્રવૃત્તિઓ દ્વારા અમદાવાદ અને ગુજરાતના દલિતોમાં નવું નેતૃત્વ પેદા કરનાર, પાયાના પરિવર્તન માટે સતત મથનાર સંઘર્ષશીલ કર્મવીર શ્રી વસંતલાલ તુલસીભાઈ ચૌહાણને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. અગ્રણી શિક્ષણશાસ્ત્રી અને ગાંધી વિદ્યાપીઠ - વેડછીના કુલપતિ શ્રી પ્ર. ચુ. વૈદ્યના વરદ્ હસ્તે આ એવોર્ડ એનાયત થયો. તેમાં રૂ. ૧૧ હજાર, શાલ અને સન્માનપત્ર દ્વારા આ સન્માન કરવામાં આવે છે.

સન્માનના પ્રતિભાવમાં શ્રી વસંતલાલ ચૌહાણે કહ્યું કે, "૫૪ વર્ષની આઝાદી પછી પણ પ્રશ્નો વધતા જાય છે અને તેને દૂર કરવાના પ્રયત્નોની ગતિ ધીમી પડતી જાય છે. વંચિતોના વિકાસ અને આત્મસન્માન માટે વધારે જોરપૂર્વક કામ કરીશું તો જ વંચિત વર્ગ બેઠો થઈ શકશે." સમારંભ દરમ્યાન શ્રી માર્ટિન મેકવાનના લેખસંગ્રહ 'સંઘર્ષના સથવારે નવસર્જન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. કાર્યક્રમમાં શ્રી વસંતલાલ ચૌહાણના ચાહકો, શુભેચ્છકો, સ્વૈચ્છિક સંસ્થાઓના

પ્રતિનિધિઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અગ્રણી કર્મશીલ શ્રી મધુસૂદન મિસ્ત્રીના પ્રમુખસ્થાને યોજાયો હતો.

### દુષ્કાળનો સામનો કરવાનું આયોજન કરવા કાર્યશાળા

'જનપથ' અને 'પ્રવાહ'ના સંયુક્ત ઉપક્રમે આગામી દુષ્કાળનો સામનો કરવા માટે આયોજન કરવાના હેતુથી તા. ર૩મી ઓક્ટોબરના રોજ અમદાવાદમાં ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની કાર્યશાળા યોજાઈ ગઈ. તેમાં ૮૧ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જૂથ ચર્ચા દ્વારા વિસ્તારવાર પ્રશ્નો, તેમાં શક્ય ઉકેલો, સ્વૈચ્છિક સંસ્થાઓના સહકાર તેમ જ સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ આવેલાં તારણોની સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યશાળાની ફલશ્રુતિરૂપે રાજ્ય સ્તરની એક 'સંકલન સમિતિ'ની રચના કરવામાં આવી હતી. સરકારના રાહત કમિશનર સાથે સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. તેમાં તેઓએ સ્વૈચ્છિક સંસ્થાઓને રાહત કાર્યોમાં સાથે રાખવા તૈયારી બતાવી હતી. સંકલન સમિતિના આયોજન મુજબ દરેક જિલ્લામાં જિલ્લા સંકલન સમિતિ તથા તાલુકાવાર તાલુકા સંકલન સમિતિની રચના કરવામાં આવી છે. જે જિલ્લામાં સમિતિની રચના થઈ નથી તેવા નવસારી, સુરત, વલસાડ, ધરમપુર અને ડાંગ જિલ્લા માટે જે કોઈ સંસ્થા જવાબદારી લેવા તૈયાર હોય તેની વિગતો 'જનપથ' કે 'પ્રવાહ'ના સરનામે મોકલી શકે છે. વધુ માહિતી માટે સંપર્કઃ 'જનપથ', ૧૫, માનસરોવર કોમ્પલેક્ષ, દાંડી ચોક, જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.

### દુષ્કાળ વિશે ઓક્સફામ આયોજિત બેઠક

દુકાળ અંગે ઓક્સફામ દ્વારા તેની સહયોગી સંસ્થાઓ અને રાજ્ય સરકાર સાથે તા. ૧.૧૨.૨૦૦૦ના રોજ એક બેઠક બોલાવવામાં આવી હતી. રાજ્યના મુખ્ય સચિવે આ બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠકમાં નીચે મુજબના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતીઃ

૧. અસરગ્રસ્ત ગામોના લોકો સાથે વિચાર-વિમર્શ કરીને દુકાળગ્રસ્ત વિસ્તારો અંગે એક યોજના તૈયાર કરવી.
૨. દુકાળનો અંદાજ બાંધવા માટે આનાવારી પદ્ધતિ એક જૂની પદ્ધતિ છે અને તેથી વધુ યોગ્ય પદ્ધતિની જરૂર છે. પાકની નિષ્ફળતાને બદલે પાણીની પ્રાપ્યતામાં ઘટાડો એ આધાર બનવો જોઈએ. રિમોટ સેન્સિંગ અને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન જેવી આધુનિક અને વધારે સુનિશ્ચિત પદ્ધતિઓનો ઉપયોગ દુકાળનો વાસ્તવિક અંદાજ મેળવવા માટે કરવો જોઈએ.
૩. દુકાળ સંચાલન અંગેનું આયોજન ગ્રામ સભામાં અસરગ્રસ્ત ગ્રામીણ લોકો સાથે મળીને કરવું જોઈએ.
૪. ઘાસચારાના વધુ વાવેતર માટે સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવે.
૫. જિલ્લા કક્ષાની દુકાળ સંચાલન સમિતિમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહભાગી થાય.

### ઓરિસ્સામાં એલ્યુમિના પ્લાન્ટ સામે વિરોધ

ઓરિસ્સાના રાયગઢ જિલ્લામાં કાશીપુર વિસ્તારના માઈકાંચ ગામે પોલિસના હુલમાથી ત્રણ નિર્દોષ આદિવાસીઓનાં થયેલાં મોત અંગે સ્વૈચ્છિક સંસ્થાઓએ જબરજસ્ત વિરોધ નોંધાવ્યો છે. કાશીપુર ખાતે છેલ્લાં આઠ વર્ષથી યુએઆઈએલ કંપની દ્વારા જે એલ્યુમિના પ્લાન્ટ નખાઈ રહ્યો છે તેનો આદિવાસીઓ વિરોધ કરી રહ્યા છે. માઈકાંચ ગામે સ્થાનિક રાજકીય નેતાઓએ આ પ્લાન્ટની તરફેણ કરવા તા. ૧૫.૧૨.૨૦૦૦ના રોજ એક સભાનું આયોજન કર્યું હતું. તેનો ગ્રામવાસીઓએ વિરોધ કર્યો. સ્થાનિક રાજકીય નેતાઓના ટેકેદારોએ એક સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા ઓપીડીએસસીની કચેરી ઉપર પણ હુમલો કર્યો. ઉપરાંત, કાશીપુર ખાતેની એક સ્વૈચ્છિક સંસ્થા 'અગ્રગામી' ઉપર સતત એવો આક્ષેપ મુકાઈ રહ્યો છે કે તે આદિવાસીઓને એલ્યુમિના પ્લાન્ટનો વિરોધ કરવા માટે ઉશ્કેરી રહી છે.

તા. ૧૬.૧૨.૨૦૦૦ના રોજ રાયગઢના નાયબ પોલિસ આધીક્ષકની હાજરીમાં પોલિસે માઈકાંચ ગામમાં આવીને સ્ત્રીઓને મારી. પછી પોલિસે ગોળીબાર કર્યો અને તેમાં ત્રણ જણા તત્કાળ માર્યા ગયા અને બીજા અનેક ઘવાયા. બિનસત્તાવાર રીતે મૃત્યુ આંક છનો જણાવાય છે. દરમ્યાન, તમામ રાજકીય પક્ષોએ ભેગા મળીને એલ્યુમિના પ્લાન્ટની તરફેણમાં કાશીપુર ખાતે એક રેલી યોજી હતી અને બંધ પાળ્યો હતો. એ જ દિવસે 'અગ્રગામી'ની કચેરીમાં પણ તોફાનીઓએ તોડફોડ કરી હતી. રાયગઢના લોકોને આ રીતે સ્વૈચ્છિક સંસ્થાઓ વિરુદ્ધ ઉશ્કેરવામાં આવી રહ્યા છે અને સ્વૈચ્છિક સંસ્થાઓને ડરાવવામાં આવી રહી છે.

કાશીપુર અને માઈકાંચ ખાતેના બનાવોની નિષ્પક્ષ તપાસ યોજવાની માગણી 'અગ્રગામી'એ કરી છે. આ બનાવોનો વિરોધ નોંધાવવા લખોઃ મુખ્ય પ્રધાન, ઓરિસ્સા, ફેક્સ નં.૦૬૭૪-૪૦૦૧૦૦.

### આદિવાસી અધિકાર રેલી

દસમી ડિસેમ્બર, ૨૦૦૦ના માનવ અધિકાર દિન નિમિત્તે સુરતમાં તા. ૧૧.૧૨.૨૦૦૦ને સોમવારના રોજ આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ દ્વારા એક જંગી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, માંડવી, માંગરોલ અને ઉમરપાડાના સંઘ દ્વારા આ રેલીમાં આશરે ૬૦૦૦ આદિવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના નવસર્જન ટ્રસ્ટના કાનૂની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર દ્વારા આ રેલી માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આદિવાસીઓ લગભગ ૮૦ જેટલાં વાહનોમાં સુરત સ્વ ખર્ચે આવ્યા હતા. આ રેલી સવારે દસ વાગે સહારા દરવાજાથી નીકળીને અઠવા ગેટ પાસે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડમાં પહોંચી હતી અને ત્યાં જાહેર સભામાં ફેરવાઈ ગઈ હતી. રેલીના ભાગરૂપે આ સાત આદિવાસી વિસ્તારના પ્રાણ પ્રશ્નો અંગે એક આવેદન પત્ર તૈયાર કરવામાં આવ્યું હતું જે સુરત જિલ્લાના કલેક્ટરને સુપ્રત કરવામાં આવ્યું હતું. આ આવેદન પત્રમાં નીચે મુજબની માગણીઓ રજૂ કરવામાં આવી હતી:

- ઉપરોક્ત સાત તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી તાત્કાલિક રાહત કામો શરૂ કરો.
- આદિવાસી સ્વશાસનનો અમલ કરો.
- રદ થયેલ તમામ અનામત બેઠકોનો ફરી અમલ કરો.
- ઉકાઈ ડેમની જમણા અને ડાબા કાંઠાની નહેરનો અગાઉ બનાવેલ આયોજન પ્રમાણે તાત્કાલિક અમલ કરો.
- આદિવાસી વિસ્તારોમાં વિકાસના નામે થતો વિનાશ બંધ કરો. દા.ત. ડેમો, ક્વોરીઓ વગેરે.
- ઉકાઈ બંધના અસરગ્રસ્ત ગામોને રેવન્યુ ગામો તરીકે જાહેર કરો તથા જે ઘરો નામે થયાં નથી તેના માટે તાત્કાલિક કાર્યવાહી કરો દા.ત. પેથાપુર, મોગલબારા, ધૂંપી, પાટીબેધારા, સયાજીગામ વગેરે.
- જંગલ ખાતાની જમીનનાં ગામોને રેવન્યુ ગામો જાહેર કરો.
- ગાયકવાડી હિંદુ કાયદો - ૧૯૩૭ રદ કરી બહેનોને પિતાની મિલકતમાં ભાગ આપો.
- શિક્ષણ ક્ષેત્રે બિનસાંપ્રદાયિક શિક્ષણ આપો.
- જન્મ-મરણ, જાતિઓના દાખલાઓમાં હિન્દુ વસાવા, હિન્દુ ગામીત વગેરે લખવાનું બંધ કરી આદિવાસી વસાવા, આદિવાસી ગામીત વગેરે શબ્દો લખો.
- વ્યારાને જિલ્લો બનાવી, તેમાં નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, માંડવી, માંગરોળ અને ઉમરપાડા તાલુકાઓને તેમાં સમાવેશ કરો.
- ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચની રચના કરી તેને કાર્યશીલ કરો.
- જનતાને સહન કરવો પડતો કમરતોડ ભાવવધારો ઘટાડવા તાત્કાલિક પગલાં ભરો.
- આદિવાસી વિસ્તારોનાં સક્રિય સ્થાનિક સંગઠનોને જિલ્લાની સંકલન કે આયોજન સમિતિમાં પ્રતિનિધિત્વ આપો.
- આદિવાસી સમાજના ભાગલા ના થાય અને શાંતિથી જીવી શકે તે માટે જિલ્લાની તટસ્થ અને પ્રામાણિક સમિતિ બનાવો, જે વહીવટી તંત્રને મદદરૂપ બની શકે.
- આદિવાસી વિસ્તારને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા અને તેમાં મદદરૂપ બને તેવાં સ્થાનિક સંગઠનોને જવાબદારી આપો.
- સોનગઢ તાલુકાનાં ૧૭૮ ગામો છે, જે વિશાળ તાલુકો કહેવાય, તેથી તેનું બે તાલુકાઓમાં વિભાજન કરો જેથી તેનો વિકાસ ઝડપી બને.
- ઉકાઈ બંધના અસરગ્રસ્તો માટે એક અલગ યુનિટ બનાવો કે જેથી તેનો વિકાસ સરળ અને ઝડપી બની શકે.
- ઉચ્છલ, સોનગઢ અને ઉમરપાડા તાલુકાઓમાં કોર્ટની વ્યવસ્થા ઊભી કરો કે જેથી લોકોનાં સમય, શક્તિ અને નાણાં બચી શકે.
- ગ્રામ સભાને અસરકારક બનાવવા માટે ગ્રામ વિસ્તારોમાં સક્રિય રીતે કામ કરતાં સંગઠનોને નક્કર જવાબદારી અને સત્તા આપો.
- બંધારણે બક્ષેલ મૂળભૂત અધિકારોમાં દખલગીરી અટકાવો.
- આદિવાસી વિસ્તારોમાં થતી વિકાસની પ્રક્રિયામાં સ્થાનિક લોકોને સહભાગી બનાવો.

### વધુ એક સફાઈ કામદારનું મોત

તા. ૪.૧૦.૨૦૦૦ના રોજ અમદાવાદ નગરના સફાઈ કામદાર નાથાભાઈ મોહનભાઈ મકવાણાનું ગટરમાં કામ કરતાં મૃત્યુ થયું છે. તેઓ કોઈ પણ જીવનરક્ષક સાધનો વિના ગટરમાં કામ કરતા હતા. તેઓ ગટરમાં ઊતર્યા હતા અને ઝેરી ગેસથી ગૂંગળાઈ જવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારમાં પત્ની અને ત્રણ બાળકોને તેઓ વિલાપ કરતા મૂકતા ગયા છે.

સફાઈ કામદારોને સંગઠિત કરવાની પ્રવૃત્તિ કરતું 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ' જણાવે છે કે અમદાવાદ મહાનગરપાલિકામાં સંખ્યાબંધ એવા સફાઈ કામદારો છે કે જેઓ લગભગ ત્રણ વર્ષથી કામ કરે છે અને છતાં તેમને કાયમી કરવામાં આવ્યા નથી. તેમની સુરક્ષા માટે પણ કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી. પરિણામે ઘણા સફાઈ કામદારો કામના સ્થળે કામ કરતાં મૃત્યુ પામે છે. તેમને વળતર પણ મળતું નથી. સત્તાવાળાઓ સમક્ષ 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ'ની રજૂઆતો લગભગ બહેરા કાને અથડાઈ છે.

કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ દ્વારા તા. ૧૩.૧૦.૨૦૦૦ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાના દ્વારે નાથાભાઈ મકવાણાને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો અને સફાઈ કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવા માટે માગણી કરતા દેખાવો યોજવામાં આવ્યા હતા. ગટરમાં ઊતરીને કામ કરતા સફાઈ કામદારો મિથેન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા ઝેરી અને પ્રાણઘાતક વાયુઓ તથા રસાયણોનો ખતરો ઉઠાવે છે. અમદાવાદ મહાનગર પાલિકા તથા ગુજરાત સરકાર દ્વારા આ કામદારોની સલામતી સામે સતત ઉદાસીનતા જ દાખવવામાં આવી રહી છે.

# આગામી કાર્યક્રમ

## સામાજિક વિકાસના દૃષ્ટિકોણો વિશે તાલીમ કાર્યક્રમ

ભારતના પશ્ચિમ વિભાગના વિકાસ કાર્યકર્તાઓ માટે 'ઉન્નતિ' દ્વારા 'સામાજિક વિકાસના દૃષ્ટિકોણો' વિશે એક તાલીમ કાર્યક્રમ માર્ચ ૨૦-૨૩, ૨૦૦૧ દરમ્યાન યોજાયો છે. સમાજમાં થતી સીમાંતીકરણની અને ગરીબીની સામાજિક પ્રક્રિયાઓ વિશે વિકાસ કાર્યકર્તાઓનું ધ્યાન દોરવા માટે અને સહભાગિતા, સશક્તિકરણ અને ચિરંતનતાના વિચારોને સમજી, એકબીજા સાથે જોડી ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં અમલીકરણ થાય તે માટે વિકાસ કાર્યકર્તાઓને સક્ષમ બનાવવા આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ગુજરાત અને રાજસ્થાન રાજ્યોના વિકાસ કાર્યકર્તાઓ આમાં ભાગ લઈ શકે છે. આ કાર્યક્રમ હિન્દી અને ગુજરાતીમાં યોજવામાં આવશે. સંપર્કઃ 'ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંસ્થા', જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## સામાજિક લિંગભેદ અને વિકાસ વિશે શિબિર

'ઇનિશિયેટિવ્ઝઃ વિમેન ઈન ડેવલપમેન્ટ' દ્વારા 'લિંગભેદ અને વિકાસ' વિશે ૧૭થી ૨૨ ફેબ્રુઆરી-૨૦૦૧ દરમ્યાન એક શિબિર યોજાઈ રહી છે. તેની પદ્ધતિ પ્રક્રિયાલક્ષી અને સહભાગી રહેશે. ભાગ લેનારને સંબંધિત સાહિત્ય ગુજરાતી ભાષામાં આપવામાં આવશે. સ્વૈચ્છિક સંસ્થામાં કમ-સે-કમ ૧ વર્ષનો અનુભવ ધરાવતી વ્યક્તિ તેમાં ભાગ લઈ શકશે.

### શિબિરના મુખ્ય હેતુઓ

૧. ભાગ લેનાર વ્યક્તિમાં લિંગભેદના પ્રશ્નોની સૈદ્ધાંતિક સમજ વિકસાવવી, જેથી તેઓ સંસ્થાઓમાં અને સમાજમાં પરિવર્તન લાવવા મહત્ત્વનો ભાગ ભજવે છે.
૨. ભાગ લેનારને લિંગભેદ આધારિત વિકાસ, સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનની ગત્યાત્મકતા અને તેની સ્ત્રીઓ પર તથા ગરીબ વર્ગ પર થતી અસર વિશેની સમજ, જાગૃતતા અને સંવેદનશીલતા વધારવાની તક પૂરી પાડવી.
૩. ભાગ લેનારમાં આત્મ સન્માન, જવાબદારી સબંધદ્ધતાની ભાવના તેમજ નેતૃત્વગુણો વિકસાવવા.

### વિષયસૂચિ

આમ તો વિષય સૂચીને અંતિમ ઓપ શિબિરમાં સામેલ થનાર તમામ સભ્યોની અપેક્ષાઓ મુજબ આપવામાં આવશે. છતાં શિબિરમાં નીચેનાં વિષયોને આવરી લેવામાં આવશે.

- લિંગભેદ પૃથક્કરણ - લિંગભેદનું બંધારણ, લિંગભેદ આધારિત કામની વહેંચણી, જાહેર અને ખાનગી સ્થાનો વગેરે.
- પિતૃપ્રધાન સમાજવ્યવસ્થા - ઉદ્ભવ, સંસ્થાઓ, વ્યાવહારીક સ્વરૂપો અને માન્યતાઓ.
- નારીવાદ અને સ્ત્રી ચળવળ.
- વિકાસનું માળખું.
- વૈશ્વીકરણ - સ્ત્રીઓ અને ગરીબ વર્ગ પર તેની અસરો.
- સ્ત્રીઓ પર થતી હિંસા.

શિબિરનું સ્થળઃ શાંતિનિકેતન,પોસ્ટઃ તીથલ, વલસાડ-૩૯૬૦૦૬. નોંધણી ફીઃ રૂ. ૧૦૦. પ્રવાસ ખર્ચ શિબિરાર્થી ભોગવશે. સંપર્કઃ ક્રાંતિ, એ-૨૦૧, વસંત વ્યૂ, ડીમોન્ટ લેન, ઓરલેજા, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪.

### પૃષ્ઠ ૨૧નો શેષ ભાગ

કંપનીએ પ્રથમ લોકોને નોટિસ આપી અને નાયબ કલેક્ટર દ્વારા જમીન સંપાદન ધારાની કલમ-૪ મુજબ નોટિસ આપવામાં આવી ત્યાં સુધી લોકોએ આ યોજનાની નોંધ સુદ્ધા લીધી નહોતી. સ્થાનિક લોકો એમ માનતા હતા કે તેમની પાસેથી તેમની જમીન કોઈ ઝૂંટવી શકશે જ નહિ. પરંતુ નવેમ્બર-૨૦૦૦માં જ્યારે જમીન સંપાદન ધારાની કલમ ૪(૧) મુજબ બીજી નોટિસ ગામોમાં ચોંટાડવામાં આવી ત્યારે લોકોમાં ભય પેદા થયો. પછી લોકો આ મુદ્દે ચર્ચા કરે તે માટે ગામેગામ ગ્રામ સભા બોલાવવામાં આવી. દરેક ગામમાં 'ખેડૂત અને ગ્રામ હિતરક્ષક સમિતિ'ની રચના કરવામાં આવી છે. આવી દરેક સમિતિમાંથી બે પ્રતિનિધિઓ લઈને 'ઓખામંડળ ખેડૂત ગ્રામ બચાવ સંકલન સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિએ આ પરિયોજનાનો અસ્વીકાર કર્યો છે. આ સમગ્ર પ્રક્રિયા નીચે મુજબ થઈ છેઃ **૧.** ગામેગામ ગ્રામ સભાઓ મળી અને તેમાં ગ્રામ સ્તરની સમિતિઓની રચના કરવામાં આવી. **૨.** સમગ્ર ઓખામંડળ વિસ્તારના લોકો આ પ્રશ્ને ચર્ચા-વિચારણા માટે એકઠા થયા. **૩.** જમીન સંપાદનની નોટિસ સામે નાયબ કલેક્ટરને પત્ર લખીને સ્થાનિક લોકોએ વિરોધ નોંધાવ્યો. **૪.** સમિતિઓ દ્વારા વાંધા અરજીઓ નાયબ કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવી. **૫.** સંકલન સમિતિ દ્વારા ૧૬ ગામોમાં 'ગ્રામ જાગૃતિ અને સંગઠન યાત્રા' કાઢવામાં આવી. આ યાત્રા દરમ્યાન ગામેગામ ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું.

# સંદર્ભ સાહિત્ય

### પાણી

પાણીની સમસ્યા નિવારવા માટે ગુજરાતમાં ઠેકઠેકાણે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જળસંચયનાં કામો અને વિકાસનાં કામો થઈ રહ્યાં છે. આ કામો 'ચરખા-વિકાસ સંચાર નેટવર્ક' દ્વારા પ્રસિદ્ધિ માટે વિવિધ લેખો ગુજરાતી અખબારોમાં પ્રકાશન માટે મોકલવામાં આવ્યા હતા. એમાંના કેટલાક લેખોનો સંગ્રહ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. 'ગુજરાતમાં વિકાસ ક્ષેત્રે લોકપ્રયાસો' શ્રેણી હેઠળ 'ચરખા'એ આ પ્રથમ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. વિવિધ કર્મશીલોએ પોતાના વિસ્તારમાં પાણી ક્ષેત્રે સંચય અને વિતરણના જે સહભાગી પ્રયાસો કર્યા છો તે ૨૨ લેખોમાં-આ પુસ્તકમાં આ પુસ્તકમાં આલેખાયા છે. ઉપરાંત, સહભાગી સિંચાઈ યોજના અંગે ઉપયોગી માહિતી, સિંચાઈ યોજનાની કેટલીક વિભાગીય કચેરીઓનાં સરનામાં અને અમદાવાદનાં સમૂહ માધ્યમોનાં સરનામાં પણ તેમાં આપવામાં આવ્યાં છે. પાણીની સમસ્યા વિશે ચિંતિત સૌ કોઈને આ પુસ્તક ઉપયોગી થાય તેમ છે. પ્રકાશકઃ ચરખા-વિકાસ સંચાર નેટવર્ક, સંપાદકઃ સંજય દવે, કિંમત રૂ. ૩૦, પ્રાપ્તિ સ્થાનઃ ચરખા, ૭૦૨, સાકાર-ચાર, મા.જે. પુસ્તકાલય સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬.

### દલિત હ્યુમન રાઈટ્સ વાયોલેશન્સ

'રાષ્ટ્રીય દલિત માનવ અધિકાર ઝુંબેશ' દ્વારા ચેન્નઈ ખાતે તા. ૧૮-૧૯-એપ્રિલ, ૨૦૦૦ દરમ્યાન જે રાષ્ટ્રીય જાહેર સુનાવણી દલિતો પરના અત્યાચારો અંગે યોજાઈ હતી તેનું દસ્તાવેજીકરણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. આ જાહેર સુનાવણીમાં આંધ્ર પ્રદેશ, બિહાર, ગુજરાત, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ અને ઉત્તર પ્રદેશના દલિતો પરના અત્યાચારના કિસ્સા રજૂ થયા હતા. આ અંગ્રેજી પુસ્તકમાં ૪૪ કિસ્સા સંપૂર્ણ વિગતો સાથે આપવામાં આવ્યા છે અને ૧૩ કિસ્સા ટૂંકી વિગતો સાથે આપવામાં આવ્યા છે.

આ બે વિભાગ ઉપરાંત ત્રીજા વિભાગમાં અંગ્રેજી અખબાર 'ધ હિન્દી'માં પત્રકાર પી. સાંઈનાથે જે અહેવાલો દલિતો પરના અત્યાચારો અંગે રજૂ કર્યા છે તેની યાદી આપવામાં આવી છે અને ચોથા વિભાગમાં સુનાવણી સમયે હાજર રહેલા ન્યાયવિદોનાં અવલોકનો અને ભલામણો આપવામાં આવ્યાં છે.

આંતરજ્ઞાતીય લગ્ન માટે દલિતો ઉપર થતા અત્યાચાર, મંદિરોમાં દલિતોના પ્રવેશનો ઇન્કાર, દલિતોનાં ઘર તોડી પાડવાં, મુંબઈ મહાનગરપાલિકામાં અસ્પૃશ્યતા, દલિતોએ બાંધેલા મંદિરને ત્રણ વાર તોડી પાડવું, દલિતોને રસ્તાનો ઉપયોગ કરતા રોકવા, દલિતોને માથે મેલું ઉપાડવા ફરજ પાડવી, વિરોધ કરતા દલિતો ઉપર પોલિસનો હુમલો, રાજકીય પક્ષના કાર્યકરો દ્વારા દલિતોની સતામણી, દલિતોની ગેરકાનૂની રીતે અટકાયત કરવી અને પોલિસ કસ્ટડીમાં સતામણી તથા મૃત્યુ, દલિત કુટુંબોની જમીનો પચાવી પાડવી, દલિતો પાસે વેઠ મજૂરી કરાવવી, પોલિસ મથકે દલિત સ્ત્રીઓ ઉપર બળાત્કાર, દલિત વિધવાઓ પર હુમલો, દેવદાસી પ્રથામાં દલિત મહિલાઓની સતામણી, દલિતોની મિલકતોનો નાશ કરવો, દલિતોનો સામાજિક બહિષ્કાર કરવો, ખોટી અથડામણોમાં દલતોનું મોત, દલિતો માટેની શિષ્યવૃત્તિઓનો દુરુપયોગ કરવો, દલિતોની જમીન ઉપર દબાણ, અનામતો રદ કરવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ધમકી વગેરે જેવા કિસ્સાઓ આ જાહેર સુનાવણીમાં રજૂ થયા હતા, જેની વિગતે રજૂઆત આ પુસ્તકમાં કરવામાં આવી છે. દલિત અધિકારો અને માનવ અધિકારો વિશે ચિંતિત તથા એ ક્ષેત્રે કાર્યરત એવા કર્મશીલો માટે તથા સામાન્ય જનતા માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી છે. કિંમત રૂ. ૩૦૦. પ્રાપ્તિ સ્થાનઃ નવસર્જન, ૨, રુચિત એપાર્ટમેન્ટ્સ, ધરણીધર દેરાસર પાછળ, સૂરજ પાર્ટી પ્લોટ સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

### પંચાયતો માટે મતદાર જાગૃતિ અભિયાન

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં લોકોની જાગૃતિ અર્થે 'ઉન્નતિ' દ્વારા બે ભીંતચિત્રો ગુજરાતીમાં તૈયાર કરાયાં છેઃ **૧.** સસરા, પતિ વહીવટ કરે, ઘરે બેસીને સહી કરે એવા ઉમેદવાર ના જોઈએ. **૨.** નવા નેતાઓને તક આપીએ, મહિલાઓને હવે મત આપીએ. આ બંને ભીંતચિત્રો મતદારોને પંચાયતોમાં સક્રિય ઉમેદવારોને ચૂંટવા માટે પ્રોત્સાહન આપે છે. ઉપરાંત, 'સ્વશાસન તરફ' નામે ૬૦ મિનીટની એક ઓડિયો કેસેટ તૈયાર કરાઈ છે. તેમાં સંજય દવે, શંકર વણકર અને નરેન્દ્ર સોલંકીનાં સાત ગીતો છે. મતદાર જાગૃતિ, ગ્રામ સભાનું મહત્ત્વ, દલિતોના અધિકારો અને મહિલાઓના પ્રતિનિધિત્વ વિષયો અંગેનાં આ ગીતોને સંગીત આપ્યું છે દીપેશ દેસાઈએ. લયબદ્ધ ગીતો મતદારો સમજે તેવી ભાષામાં લખાયાં છે. મતદારો માટે તે પંચાયતોને સક્રિય બનાવવા તથા તેમાં શાસકીય સહભાગિતા ઊભી કરવા પ્રેરણા આપે છે. સંપર્કઃ ઉન્નતિ.

## અમારા વિશે

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ'માં થયેલી કામગીરીનો અહેવાલ અહીં આપવામાં આવ્યો છે:

### રાજ્ય સ્તરીય વિભાગ

### ૧. સ્થાનિક પ્રયાસોને સહયોગ

*ગુજરાત*

- પોશિત્રા બંદર અને વિશિષ્ટ આર્થિક વિસ્તાર પરિયોજનાની સામે ગ્રામ વિકાસ ટ્રસ્ટ-દ્વારકાના સહયોગમાં નવેમ્બર ૨૭-૨૮, ૨૦૦૦ દરમ્યાન એક વિરોધ રેલી યોજવામાં આવી. ઓખામંડળ તાલુકાનાં ૧૬ ગામોનું તેનાથી વિસ્થાપન થઈ રહ્યું છે. આ યોજનાના ભાગરૂપે ૨૪,૦૦૦ હેક્ટર જેટલી ખેતીની જમીનનું સંપાદન થશે અને તેનાથી આશરે ૧૮,૦૦૦ કુટુંબોને વિસ્થાપનનો ભોગ બનવું પડશે. બીજી ડિસેમ્બરે સ્થાનિક મહિલાઓએ પણ એક રેલી યોજી. આ ત્રણ માસ દરમ્યાન લોકજાગૃતિ માટે અનેક પત્રિકાઓ અને ચોપાનિયાં પ્રકાશિત કરવામાં આવ્યાં. 'જનપથ' દ્વારા આયોજિત એક જાહેર સભામાં પ્રો. કેરે લોકલડતની વિગતો આપી હતી.

*રાજસ્થાન*

- છેલ્લા દોઢ વર્ષથી જે 'દલિત અધિકાર અભિયાન' ચાલુ કરવામાં આવ્યું છે તે જાહેર સ્થળોએ દલિતો સાથે રખાતા ભેદભાવ સામેના પ્રશ્નો અંગે કામ કરે છે. આ ત્રણ માસ દરમ્યાન બ્લોક સ્તરની સમિતિઓમાં સક્રિય રીતે કામ કરતા સભ્યોએ બાડમેર જિલ્લામાં સુંધરી ખાતે આ મુદ્દો ઉઠાવ્યો હતો. જ્યારે આદલ ગ્રામ પંચાયતના સરપંચ એક ધારાસભ્યનું પરંપરાગત રીતે જ સન્માન કરવા ગયા ત્યારે જાહેરમાં તેમનું અપમાન કરવામાં આવ્યું હતું. બ્લોક સ્તરની સમિતિઓએ આ અંગે કલેક્ટરની કચેરી સમક્ષ દેખાવો યોજ્યા હતા અને પ્રચાર-પ્રસાર માધ્યમોમાં પણ તેમને ખાસ્સી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. એક વાળંદે એક દલિતના વાળ કાપવાનો ઈન્કાર કરતાં તેની ધરપકડ કરાઈ હતી. બાડમેર જિલ્લાના રામપુર ગામે બનેલા આ બનાવના સંદર્ભમાં બ્લોક સ્તરની દલિત સમિતિએ ફરિયાદ નોંધાવી હતી અને રાજસ્થાનના વાળંદ સમુદાયમાં તેનાથી એક દાખલો બેસાડ્યો હતો.
- પ્રાથમિક શાળાઓમાં દલિતો પ્રત્યે રખાતા ભેદભાવ સામે નીતિવિષયક હિમાયત કરવા માટે દલિત શિક્ષકોનું એક સંગઠન રચાયું છે અને તે અભિયાનને ટેકો પૂરો પાડી રહ્યું છે.
- રાજસ્થાનમાં દુકાળની પરિસ્થિતિનું આકલન કરવા માટે એક અભ્યાસપત્ર તૈયાર કરવા 'ડેઝર્ટ ફોરમ'ને ટેકો અપાયો.
- દુકાળનો સામનો કરવા માટે અમે રાહત કામો હાથ ધરવા દાતા સંસ્થાઓ સાથે સતત ચર્ચાઓ કરી રહ્યા છીએ. સહયોગી સંસ્થાઓને તેમના વિસ્તારોમાં અછત રાહતનાં કામો હાથ ધરવા દાતા સંસ્થાઓ સાથે સંપર્ક ઊભો કરવા માટે અમે માર્ગદર્શન પૂરું પાડીએ છીએ.
- આ પ્રવૃત્તિઓના આયોજન અને દેખરેખ માટે નવ સંગઠનોને સઘન ટેકો પૂરો પાડવામાં આવે છે.

### ૨. સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન

*ગુજરાત*

- ગ્રામ પંચાયતોની ચૂંટણી અનિયત કાળ માટે મોકૂફ રખાવાથી સ્થાનિક સ્તરની લોકશાહી સામે ખતરો ઊભો થયો છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા માટે સરકાર પર દબાણ લાવવા સહયોગી સંસ્થાઓ સાથે મળીને એક સહી ઝુંબેશ ચલાવવામાં આવી. ૨,૦૦૦ કરતાં વધુ ગામોનો સંપર્ક સધાયો અને ૨૮,૦૦૦થી વધુ ગ્રામવાસીઓની સહીઓવાળા ૪,૦૦૦થી વધુ પત્રો મુખ્ય પ્રધાનને મોકલવામાં આવ્યા. તેમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયસર યોજવાની માગણી કરવામાં આવી. સરકાર સાથે આ મુદ્દે ચર્ચા માટે છ જણાની એક સમિતિ રચવામાં આવી. મુખ્ય પ્રધાનના સચિવ શ્રી પી. કે લહેરી અને રાજ્યના ચૂંટણી કમિશનરની સાથે આ સમિતિના સભ્યોએ ચર્ચા કરી અને આવેદનપત્રો સુપરત કર્યાં.
- તાલુકા પંચાયતોની ચૂંટણી ઉપર દેખરેખ રાખવા માટે તા. ૨૪.૧૧.૨૦૦૦ના રોજ એક અભ્યાસ હાથ ધરાયો. તેમાં ૧૦ જિલ્લાના ૨૪ તાલુકાની ૪૮ બેઠકોને આવરી લેવાઈ. ૧૯ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ સાથે ૧,૩૭૫ મતદારોના અભિપ્રાય એકત્ર કરવામાં આવ્યા.
- પંચાયતોની ચૂંટણી માટે લોગજાગૃતિ ઊભી કરવા બે ભીંતચિત્રો અને એક ઓડિયો કેસેટ ગુજરાતી ભાષામાં તૈયાર કરાયાં છે.

*રાજસ્થાન*

- છ વિભાગોમાં સાત પંચાયત સંદર્ભ કેન્દ્રો કામ કરી રહ્યાં છે. તે અજમેર જિલ્લામાં જવાજા, બાડમેર જિલ્લામાં ચોટન, બાંસવાડા,

જિલ્લામાં બાંસવાડા વિભાગ, જોધપુર જિલ્લામાં મન્દૌર, જયપુર જિલ્લામાં ગોવિંદગઢ અને ઝુનઝુનુ જિલ્લામાં અલીસર બ્લોકમાં ચાલે છે. દરેક પંચાયત સંદર્ભ કેન્દ્રમાં પંચાયતોના પ્રતિનિધિઓ માટે ઉપયોગી તમામ માહિતી હોય છે. દરેક કેન્દ્ર માટે બે કાર્યકરો રોકવામાં આવ્યા છે અને માહિતીની આપ-લે તથા પ્રવૃત્તિઓના આયોજન માટે નિયમિત માસિક બેઠકો યોજવામાં આવે છે.

- જવાજામાં 'મગરા મેવાડ વિકાસ સંસ્થાન'ના સહયોગમાં પંચાયતોમાં ચૂંટાયેલા દલિત પ્રતિનિધિઓ માટે પંચાયત સંદર્ભ કેન્દ્રો મારફતે અનેક તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા. ઝુનઝુનુ જિલ્લામાં અલીસર બ્લોકના મહિલા સરપંચો અને પંચાયત સભ્યો માટે 'શિક્ષિત રોજગાર કેન્દ્ર પ્રબંધક સમિતિ' સાથેના સહયોગમાં આવા જ કાર્યક્રમો યોજવામાં આવ્યા.
- બાંસવાડા જિલ્લાની લોધા ગ્રામ પંચાયતમાં 'પ્રકૃતિ ફાઉન્ડેશન'ના સહયોગથી વૃદ્ધાવસ્થા પેન્શન અને નહેરના પાણીની વહેંચણીના પ્રશ્ને એક ખાસ ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પ્રશિક્ષકોની રાજ્ય સ્તરીય તાલીમનું આયોજન ઓક્ટોબર ૧૭-૧૯, ૨૦૦૦ દરમ્યાન કરાયું. તેમાં ૨૭ સંગઠનોના ૫૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો. ૨૦મી ઓક્ટોબરે પંચાયતી રાજ અંગે એક રાજ્ય સ્તરીય બેઠક યોજવામાં આવી. તેનું અધ્યક્ષપદ 'પ્રિયા'ના ડૉ. રાજેશ ટંડને સંભાળ્યું હતું.

**ક્ષેત્રીય શૈક્ષણિક વિભાગ**

**૩. દસ્તાવેજીકરણ અને વિકાસ શિક્ષણ**

- ગુજરાત એઈડ્સ પ્રિવેન્શન યુનિટના કર્મચારીઓ માટે ઓક્ટોબર ૪-૫, ૨૦૦૦ દરમ્યાન સહભાગી તાલીમ અંગે પ્રશિક્ષકોની એક તાલીમ યોજવામાં આવી હતી.
- વિકાસલક્ષી કાર્યક્રમોના પ્રક્રિયા દસ્તાવેજીકરણ અંગે એક તાલીમ નવેમ્બર ૧૫-૧૮, ૨૦૦૦ દરમ્યાન યોજવામાં આવી હતી. તેમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રની ૨૧ સંસ્થાઓના ૨૯ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- એપ્રિલ-૧૯૯૯થી માર્ચ-૨૦૦૦નો વાર્ષિક અહેવાલ તૈયાર કરાયો છે અને મહત્ત્વની સહયોગી સંસ્થાઓને તે મોકલાયો છે.
- સહભાગી તાલીમ અંગે એક પુસ્તક ગુજરાતીમાં તૈયાર કરાયું છે અને આગામી ત્રણ માસ દરમ્યાન તે છાપવામાં આવશે. સહભાગી તાલીમનાં વિવિધ પાસાંઓની એમાં વિશદ છણાવટ કરવામાં આવી છે.

**૪. સંશોધન, હિમાયત અને સંબંધિત પ્રવૃત્તિઓ**

- શહેરી સ્વશાસનની પ્રક્રિયાને મજબૂત કરવા માટે અને લોકોની સહભાગિતા વધારવા માટે ધોળકામાં ઝૂંપડપટ્ટીમાં રચાયેલી ચાર સમિતિઓનો એક શૈક્ષણિક પ્રવાસ ગોઠવાયો. તેમણે અમદાવાદમાં સંજયનગર, પ્રવીણનગર અને ગુપ્તાનગરની ઝૂંપડપટ્ટીઓની મુલાકાત લીધી અને મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને કંપની ક્ષેત્ર સાથેના સહયોગમાં પાયાની સવલતો કેવી રીતે ઊભી કરવામાં આવે છે તેની પ્રક્રિયા અંગે સમજ મેળવી.
- પોતાના નગરના શાસન તંત્રમાં વિદ્યાર્થીઓને રસ લેતા કરવાના હેતુથી તા. ૨૪.૧૧.૨૦૦૦ના રોજ ધોળકામાં મ્યુનિસિપલ શાળાના વિદ્યાર્થીઓની એક ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. એનાથી નગરના પ્રશ્નો અંગે શિક્ષકો અને મા-બાપો સાથે વિચાર-વિમર્શ કરવાની અમને તક મળી.
- ધોળકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વિવિધ હિતધારકો સાથે ૨૬ નવેમ્બર અને ૨૩ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ નગરના પ્રશ્નો અંગે ચર્ચા કરવા માટે બે બેઠકો યોજવામાં આવી હતી. દરેક વોર્ડમાં આવી બેઠકો યોજવા માટે નાગરિકોના એક જૂથની રચના કરવામાં આવી હતી.
- બાવળા નગર માટે એક રિપોર્ટ કાર્ડ તૈયાર કરાયું છે. તેમાં નગરપાલિકા દ્વારા પૂરી પડાતી પાયાની સેવાઓની પ્રાપ્યતા અંગે લોકોનાં મંતવ્યો નોંધવામાં આવ્યાં હતાં. એના દ્વારા નાગરિકોમાં જાગૃતિ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાના સત્તાવાળાઓને તેઓ સેવાઓ સુધારવા માટે સતત પોતાનાં મંતવ્યો પહોંચાડતા રહેશે. નાગરિકોએ આ બેઠકોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નગરપાલિકાની સેવાઓની ગુણવત્તા સુધારવા માટે સક્રિય સહભાગિતા દાખવવાની તેમણે તૈયારી બતાવી હતી.
- 'અમદાવાદ કોમ્યુનિટી ફાઉન્ડેશન'ના નેજા હેઠળ શહેરના પ્રશ્નો અંગે નાગરિકો સક્રિય બને અને સહભાગી થાય તે માટે એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. આ સંશોધન અમદાવાદ શહેરમાં હાથ ધરાશે. આ ત્રણ માસ દરમ્યાન અમે કઈ સંબંધિત વ્યક્તિઓ અને નાગરિકોનાં મંડળો તથા સંસ્થાઓ આ સંશોધનમાં ભાગ લઈ શકે તેમ છે તેની તપાસ કરી છે.

**'ચરખા'ની પ્રવૃત્તિઓ**

- સામાજિક વિકાસના ક્ષેત્રે પોતાના પ્રયાસો અંગે મહિલા કર્મશીલો માટે એક લેખ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેના વિજેતાઓને પારિતોષિક આપવાનો સમારંભ તા.૧૩.૧૨.૨૦૦૦ના રોજ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ આકાશવાણીના ભૂતપૂર્વ નિયામક અને માધ્યમોમાં મહિલાઓની ભૂમિકામાં નોંધપાત્ર પ્રદાન આપનારાં સુશ્રી વસુબહેન ભટ્ટે આ સમારંભનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. 'પ્રિયા'ના ડૉ. રાજેશ ટંડને 'નાગરિક સમાજના ગઠનમાં માધ્યમોની ભૂમિકા' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. 'વિકાસ સમર્થન કેન્દ્ર' (ડીએસસી)ના શ્રી અનિલ શાહે 'સહભાગી સિંચાઈ' અંગે વ્યાખ્યાન આપ્યું હતું.
- રાજ્યમાં પાણીના સંગ્રહ અંગે સ્થાનિક સ્તરે હાથ ધરાયેલા પ્રયાસો 'પાણી' નામક પુસ્તકમાં પ્રસિદ્ધ કરાયા છે. તેમાં વિવિધ કર્મશીલોએ ૨૨ લેખો લખ્યા છે.
- આ ત્રણ માસ દરમ્યાન આરોગ્ય, પંચાયતોની ચૂંટણીની મોકૂફી અને પોશિત્રા બંદર સામેની લોકલડત અંગેના ૧૦ લેખો તૈયાર કરાયા છે અને તે વિવિધ અખબારોમાં પ્રસિદ્ધ થયા છે.
- પંચાયતોની ચૂંટણી મોકૂફી સામે લોક અવાજ, દલિતો પરના અત્યાચાર, બાળ મજૂરી, દુકાળ અને વિસ્થાપન જેવા મુદ્દાઓ અંગે ૧૦ સંગઠનોને માધ્યમોમાં પ્રસિદ્ધિ વિશે ટેકો પૂરો પાડવામાં આવ્યો છે.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in
ક્ષેત્રીય કાર્યાલય: ૨૧-એ, ૯, પોલ રોડ, બચ્છરાજજી કા બાગ, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.
ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રાજેશ પટેલ, 'ઉન્નતિ', ચિત્રાંકન: વિજિત કુંડુ
મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.